દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 186 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 August 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૭ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટ્રમ્પ ટેરરઃ ભારત પર ૫૦% ટૅરિફ

**ટ્રમ્પે ભારત ખાતેથી આયાત કરાતા માલસામાન પર લાદેલા ઊંચા ટૅરિફ દરને લીધે સૌથી વધુ માઠી અસર કાપડ, ચામડાં અને દરિયાઇ માછલીઓ નિકાસ પર વધુ થશે**




## આજથી પચીસ અને ગણેશચતુર્થીથી ૫૦ ટકા ટૅરિફ અમલી બનશેઃ ટૅરિફ ઉપરાંત અન્ય ડ્યૂટી, ફી, ટૅક્સ, એગ્ઝેક્શન અને ચાર્જ પણ લાગશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત દ્વારા રશિયા પાસેથી ખરીદવામાં આવતા ખનિજ તેલને કારણે ભારતને દંડ કરવા વધારે પચીસ ટકા ટૅરિફ એટલે કે કુલ પચાસ ટકા ટૅરિફ ૨૭ ઑગસ્ટથી વસૂલ કરવાનો નિર્ણય લીધો છે.

ભારત ખાતેથી અમેરિકા ખાતે આયાત કરવામાં આવતા માલસામાન પર સાતમી ઑગસ્ટ, શુક્રવારથી પચીસ ટકા અને ગણેશચતુર્થી તેમ જ જૈન સંવત્સરીના દિવસ, ૨૭ ઑગસ્ટના બુધવારથી વધારાની પચીસ ટકા એટલે કે કુલ પચાસ ટકા ટૅરિફ લાદવાની ટ્રમ્પે જાહેરાત કરી હતી.

ટ્રમ્પે ભારતથી અમેરિકા ખાતે આયાત કરવામાં આવતા માલસામાન પર વધારાની પચીસ ટકા (કુલ પચાસ ટકા) ટૅરિફ લાદવાની જોગવાઇ ધરાવતા એક્ઝિક્યૂટિવ ઑર્ડર પર સહી કરી હતી.

આમ છતાં, ભારતથી આયાત કરાતી બહુ થોડી ચીજોને ટૅરિફ વધારામાંથી બાકાત રખાઇ છે.

ટ્રમ્પે ભારત ખાતેથી આયાત કરાતા માલસામાન પર લાદેલા ઊંચા ટૅરિફ દરને લીધે સૌથી વધુ માઠી અસર કાપડ, ચામડાં અને દરિયાઇ માછલીઓ નિકાસ પર વધુ થશે. એક્ઝિક્યૂટિવ ઑર્ડરમાં જણાવાયું હતું

(જુઓ પાનું ૨) ▸▸

## જે.ડી. વૅન્સ મારા અનુગામીઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે મારી 'મેક અમેરિકા ગ્રેટ અગેન' ચળવળના ઉત્તરાધિકારી ઉપપ્રમુખ જે. ડી. વૅન્સ બની શકે છે.

તેમણે જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખની ૨૦૨૮માં યોજાનારી ચૂંટણીમાં મારા સૌથી વધુ પસંદ ઉમેદવાર જે. ડી. વૅન્સ હશે. આ

(જુઓ પાનું ૨) ▸▸

## ઉત્તરકાશીમાં કેરળના ૨૮ જણ અને ૧૧ જવાન લાપતા



**વિનાશઃ** ઉત્તરકાશીમાં મંગળવારે વાદળ ફાટ્યા પછી આવેલા પૂર અને કાદવમાં આખું ઘર જ દબાઈ ગયું હતું. બીજી તસવીરમાં કાદવમાં દટાઈ ગયેલું ધરાલી ગામ દેખાઈ રહ્યું છે. (એજન્સી)



### અનેક નદીમાં પૂરઃ ગંગોત્રી હાઈવેનો પુલ તણાઇ ગયો

ઉત્તરકાશી (ઉત્તરાખંડ): અહીં ધરાલીના ગામોમાં વાદળ ફાટ્યાં બાદ આવેલાં પૂર અને ભેખડો ધસી પડવાની દુર્ઘટનાને લીધે કેરળના ૨૮ પર્યટકનું ગ્રૂપ અને લશ્કરના ૧૧ જવાન લાપતા થયા હતા.

અહીં બુધવારે વધુ એક મૃતદેહ મળ્યો હતો, જ્યારે ૧૫૦ જણને પૂરમાંથી બચાવાયા હતા.

ભેખડો ધસી પડવાથી ધરાલી સુધીના અનેક રસ્તા બંધ થઇ ગયા હતા અને પૂરના પાણીમાં અનેક નાનાં ઘર તેમ જ વાહનો તણાઇ ગયાં હતાં.

હર્સિલ ખાતેથી બચાવ અને રાહત કામગીરી કરવા આવેલા લશ્કરના ૧૧ જવાન પણ ગુમ થયા છે.

ઉત્તરકાશી ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમે જણાવ્યું હતું કે પૂરગ્રસ્ત વિસ્તારમાંથી બુધવારે ૩૫ વર્ષીય આકાશ પનવારનો મૃતદેહ મળ્યો હતો.

કેરળના ૨૮ પર્યટકના ગ્રૂપમાંની એક વ્યક્તિના સગાંએ જણાવ્યું હતું કે આ ગ્રૂપ સવારે અંદાજે ૮.૩૦ વાગ્યે ઉત્તરકાશીથી ગંગોત્રી જવા નકળ્યું હતું. તેઓના માર્ગમાં ભેખડો ધસી પડી હતી. અમે હવે તેઓનો સંપર્ક કરી નથી શકતા.

હૃષીકેશ - ઉત્તરકાશીનો ધોરીમાર્ગ પણ ભેખડો ધસી પડવાથી બંધ થઇ ગયો હતો. ધરાલી દેહરાદૂનથી અંદાજે ૧૪૦ કિલોમીટર દૂર છે અને પહાડી વિસ્તાર હોવાથી કારમાં આ પ્રવાસ કરતા આશરે પાંચ કલાક લાગે છે.

ગંગોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગંગનાની ખાતેનો લિમછા નદી પરનો પુલ પૂરનાં પાણીમાં તણાઇ ગયો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના

(જુઓ પાનું ૨) ▸▸

### કિન્નૌર કૈલાશ યાત્રા સ્થગિત, ૪૧૩ને બચાવાયા

શિમલાઃ હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે રસ્તાઓને નુકસાન થયું હતું જેના કારણે કિન્નૌર કૈલાશ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી અને ૪૧૩ ફસાયેલા યાત્રાળુઓને બચાવાયા હતા, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. નદીઓમાં પાણીના પ્રવાહમાં વધારો થવાને કારણે તંગલિપ્પી અને કાંગરંગ ખાતે બે કામચલાઉ પુલ ધોવાઈ ગયા બાદ યાત્રાળુઓ ફસાયા હતા.

ભારત-તિબેટીયન બોર્ડર પોલીસે (આઈટીબીપી) 'એક્સ' પર બચાવ

(જુઓ પાનું ૨) ▸▸

## કબૂતરખાનાનો વિવાદ

## દાદરમાં જૈનો અને પોલીસ વચ્ચે દંગલ







**જીવદયાની જીતઃ** દાદર કબૂતરખાના પરની તાડપત્રી હટાવવા માટે જૈનો અને પોલીસો વચ્ચે બુધવારે ઘર્ષણ થયા બાદ કબૂતરો માટે ઘણા દિવસે ચણ પણ નખાયું હતું. (અમય ખરાડે)

### જીવદયાપ્રેમીઓએ તાડપત્રી ફાડી નાખી, ચણ નાખ્યું, અંતે ભૂખ્યા કબૂતરોની આંતરડી ઠરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટના ચુકાદા બાદ દાદરના ઐતિહાસિક કબૂતરખાના પર મુંબઈ મહાનગરપાલિકા દ્વારા લગાવવામાં આવેલી તાડપત્રી સ્થાનિક કબૂતર પ્રેમી સમાજના લોકો દ્વારા બુધવારે બળજબરી હટાવી દેવામાં આવી હતી. રોષે ભરાયેલા આ લોકો જેમાં મોટા ભાગના જૈન સમાજના હતા તેમને રોકવાનો પોલીસ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે તેઓ પોલીસ સાથે ઘર્ષણમાં ઉતર્યા હતા. આ બધા વચ્ચે બુધવારે કબૂતરોને ચણ નાખવાનું ચાલુ કરી દેવામાં આવ્યું હોવાથી કબૂતરોની આંતરડી ઠરી હતી.

છેલ્લા બે મહિનાથી, જૈન સમુદાયના સભ્યો આ કબૂતરોને ચણ આપવા માટે બીએમસી સાથે ઘર્ષણમાં છે, અને દલીલ કરી રહ્યા છે કે આ પ્રથા 'જીવ દયા'માં મૂળ ધરાવે છે, જે તમામ જીવો પ્રત્યે કરુણાની જૈન ફિલસૂફી છે.

હકીકતમાં 'જીવદયા દેવી' એ જૈનોની દેવી છે જે અહિંસાનું પ્રતિનિધિત્વ કરે છે અને જીવનના તમામ સ્વરૂપોની સંભાળ રાખે છે, જે જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત પણ છે, પરંતુ તાજેતરના કોર્ટના આદેશોને

(જુઓ પાનું ૨) ▸▸

### આસ્થા, જનભાવના ને સ્વાસ્થ્ય આ ત્રણની વચ્ચેનો રસ્તો કાઢોઃ ફડણવીસ

બુધવારે, કબૂતરપ્રેમીઓ દાદર વિસ્તારમાં કબૂતરખાના પાસે ભેગા થયા હતા અને તેમણે તાડપત્રીનો વિરોધ કર્યો હતો અને તાડપત્રી ફાડી નાખી હતી અને કબૂતરખાનામાં પ્રવેશ કર્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ બધા પર જણાવ્યું હતું કે એક તરફ, શ્રદ્ધા અને જાહેરલાગણી છે. બીજી તરફ, લોકોના સ્વાસ્થ્યનો પણ પ્રશ્ન છે. તેથી, આ બંનેને જોડીને વચલો રસ્તો કાઢવામાં આવશે. 'મને લાગે છે કે એક તરફ આસ્થા છે, જનભાવના છે. બીજી તરફ લોકોનું સ્વાસ્થ્ય પણ છે. આપણે આ બંને વચ્ચે સમતૂલા જાળવવી

(જુઓ પાનું ૨) ▸▸

## વડા પ્રધાન ઑગસ્ટના અંતમાં ચીનની મુલાકાતે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી માસાંતે જાપાન અને ચીનની મુલાકાત લઇ શકે છે. આ માહિતી આ બાબતથી વાકેફ સૂત્રોએ બુધવારે આપી હતી. તેમની આ યાત્રાને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર વડા પ્રધાન ૨૯ ઓગસ્ટથી જાપાન અને ચીનની મુલાકાતે જઇ શકે છે. મુલાકાતના પહેલા તબક્કામાં મોદી તેમના જાપાની સમકક્ષ સાથે વાર્ષિક શિખર સંમેલન માટે જાપાનની મુલાકાત લઇ શકે છે. જાપાનથી તેઓ શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન(એસસીઓ)ના વાર્ષિક શિખર સમ્મેલનમાં ભાગ લેવા માટે ચીન જાય તેવી શક્યતા છે. જો ચીનની મુલાકાતે જશે તો પૂર્વ લદ્દાખ સરહદ ગતિરોધ બાદ વડા પ્રધાન મોદીની આ પહેલી ચીન યાત્રા હશે. ઉલ્લેખનીય છે કે એસસીઓ શિખર સમ્મેલન ૩૧ ઓગસ્ટથી પહેલી સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. મોદીની જાપાન અને ચીનની આયોજિત મુલાકાત અંગે હજુ સુધી કોઇ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ■

## કર્તવ્ય ભવનના નિર્માણથી વર્ષે ૧૫૦૦ કરોડ રૂપિયા બચશેઃ મોદી

નવી દિલ્હીઃ તેમની સરકાર દેશભરમાં માળખાગત સુવિધાઓને ચેતનવંતી કરવા માટે એક સર્વાંગી અભિગમ સાથે કામ કરી રહી હોવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કર્તવ્ય ભવનનું ઉદ્‌ઘાટન કર્યું, જે દસ કોમન સેન્ટ્રલ સેક્રેટરીએટ ઈમારતોમાંથી પ્રથમ છે જે અમલદારશાહી માટે બનાવવામાં આવી રહી છે.

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય મંત્રાલયો અને વિભાગોને કાર્યક્ષમતા માટે એક છત નીચે લાવવાનો છે.

વડા પ્રધાને જણાવ્યું કે ભારતે છેલ્લા ૧૧ વર્ષમાં પારદર્શક, સંવેદનશીલ અને નાગરિક-કેન્દ્રિત શાસન મોડલ જોયું છે. કર્તવ્ય ભવનનું ઉદ્‌ઘાટન કર્યાના થોડા કલાકો બાદ કર્તવ્ય પથ ખાતે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા મોદીએ જણાવ્યું કે આ પ્રોજેક્ટ અન્ય માળખાકીય સુવિધાઓ સાથે ભારતના વૈશ્વિક દૃષ્ટિકોણનું પ્રતીક છે. કર્તવ્ય

(જુઓ પાનું ૨) ▸▸

## રિઝર્વ બૅન્કે વ્યાજદર યથાવત્ રાખ્યા

### ટ્રમ્પે જેને ડેડ ઇકોનોમી કહી એ ભારતનો વૈશ્વિક વિકાસમાં અમેરિકા કરતા વધુ ફાળોઃ મલ્હોત્રા

મુંબઇઃ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ટૅરિફના જોખમને કારણે રૂપિયો સતત દબાણ હેઠળ રહ્યો હોવાથી ભારતીય રિઝર્વ બૅન્કે પોતાની નવી નાણાં નીતિમાં રિપો રેટ ૫.૫ ટકાના સ્તરે યથાવત્ રાખ્યો છે.

આરબીઆઇના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતા, વ્યાજદરની કપાતની સંભાવના અને કૉર ઇન્ફ્લેશનના વધારા જેવા માહોલને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે અમે ફેબ્રુઆરીથી જૂનના ચાર મહિનાના ટૂંકા ગાળામાં એક ટકા જેટલી કર કપાત

(જુઓ પાનું ૨) ▸▸

## બિહાર મતદારયાદીમાંથી દૂર કરાયેલા ૬૫ લાખ વૉટરની માહિતી આપોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો હતો કે બિહારના ડ્રાફ્ટ વોટર લિસ્ટમાંથી હટાવવામાં આવેલા લગભગ ૬૫ લાખ મતદાતાઓની સંપૂર્ણ જાણકારી ૯ ઓગસ્ટ સુધીમાં રજૂ કરે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે આ માહિતી તે રાજકીય પક્ષો સાથે સાથે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) નામની એનજીઓને આપવી જોઈએ, જેણે આ મુદ્દે અરજી દાખલ કરી છે. જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ ઉજ્જલ ભૂઇયાં અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે ચૂંટણી પંચના વકીલને કહ્યું હતું કે હટાવવામાં આવેલા મતદાતાઓની સંપૂર્ણ જાણકારી આપવામાં આવે.

બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ

(જુઓ પાનું ૨) ▸▸

## માથેરાનમાં હાથરિક્ષા છ મહિનામાં બંધ કરોઃ સર્વોચ્ચ અદાલત

### દસ્તૂરી નાકાથી માથેરાન સ્ટેશન પાસે શિવાજી મહારાજની પ્રતિમા સુધી પેવર બ્લોક નાખવાનો આદેશ

નવી દિલ્હી : દેશની આઝાદીના ૭૮ વર્ષ પછી પણ હાથથી ખેંચાતી રિક્ષાઓના ઉપયોગથી નારાજ, સુપ્રીમ કોર્ટે બુધવારે મહારાષ્ટ્ર સરકારને માથેરાનમાં છ મહિનાની અંદર આવી ''અમાનવીય'' પ્રથા બંધ કરવાનો અને તેના બદલે ઈ-રિક્ષા તરફ વળવાનો આદેશ આપ્યો હતો.

છ મહિનાની અંદર હાથથી ખેંચાતી રિક્ષાઓ બંધ કરવાનો નિર્દેશ આપતા, એમણે દસ્તૂરી નાકાથી માથેરાન સ્ટેશન પાસે શિવાજી મહારાજની પ્રતિમા સુધી પેવર બ્લોક નાખવાનો આદેશ આપ્યો હતો.

તેમણે વધુમાં નિર્દેશ આપ્યો કે પર્વતીય શહેરમાં આંતરિક માર્ગ અને વેપાર માર્ગો પર કોઈ પેવર બ્લોક નાખવામાં આવશે નહીં.

ભારત જેવા વિકાસશીલ દેશમાં માનવ ગૌરવની મૂળભૂત વિભાવનાની વિરુદ્ધ આવી પ્રથાને મંજૂરી આપવી, સામાજિક અને આર્થિક ન્યાયના બંધારણીય વચનોને અવગણે છે, એમ મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને એન.વી. અંજારિયાની

(જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સત્યપાલ મલિકે વિશ્વસનીયતા ગુમાવી દીધી હતી

**ઝારખંડના** ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનની વિદાય તાજી જ છે ત્યાં બીજા એક વિવાદાસ્પદ રાજકારણી સત્યપાલ મલિકે આપણી વચ્ચેથી વિદાય લઈ લીધી. શિબુ સોરેનની સરખામણીમાં સત્યપાલ મલિક બહુ નાના રાજકારણી હતા ને નરેન્દ્ર મોદીની અમીનજર ના પડી હોત તો અત્યારની પેઢી તેમને ઓળખતી પણ ના હોત. રસપ્રદ વાત એ છે કે, જે મોદીના કારણે સત્યપાલ મલિક જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ બનીને પાછા લાઈમલાઈટમાં આવેલા એ જ મોદીનો વિરોધ કરીને અને બેફામ નિવેદનબાજી કરીને એ દેશભરમાં મોદીના સમર્થકોના અળખામણા અને મોદીવિરોધીઓના લાડકા બની ગયેલા.

મોદીએ તેમને ગણકાર્યા નહીં એટલે એ બાજુ પર ફેંકાઈ ગયેલા છતાં ઠોકાઠોક કરીને લાઈમલાઈટમાં રહેવા માટે મથ્યા કરતા હતા પણ કોઈ તેમને ગણકારતું નહોતું કેમ કે મલિકે વિશ્વસનીયતા ગુમાવી દીધી હતી. લાંબા સમયથી કિડનીની બીમારીથી પીડાતા મલિકની ૧૧ મેના રોજ તબિયત વધુ બગડતાં દિલ્હીની રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા પણ કોઈને મલિક યાદ નહોતા. થોડા સમય પહેલાં ઈડીની રેડ પડી એટલે મલિક પાછા ચર્ચામાં આવેલા ને પાછા ભૂલાઈ ગયેલા. હૉસ્પિટલમાં કોઈ તેમની ખબર પૂછવા પણ નહોતું જતું. એ રીતે મલિક ગુમનામીમાં ધકેલાઈ ગયેલા ને ગુમનામીમાં જ ગુજરી ગયા.

બુધવારે તેમના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે મુકાયેલો પણ ગણ્યાગાંઠ્યા લોકો સિવાય કોઈ આવ્યું નહીં. નરેન્દ્ર મોદી શિબુ સોરેનના અંતિમ દર્શન માટે તેમના ઘેર ગયેલા અને હેમંત સોરેનને સાંત્વના પાઠવેલી પણ મલિકને ત્યાં ના ગયા. ભાજપના બીજા કોઈ નેતા પણ ના ફરક્યા. લોધી રોડના સ્વર્ગ આશ્રમમાં મલિકના અંતિમ સંસ્કારમાં પણ ભાજપના કોઈ મોટા નેતા હાજર નહોતા. બલ્કે નજીકના લોકો અને થોડાક ખેડૂત નેતાઓને બાદ કરતાં કોઈ હાજર નહોતું.

મલિક પણ રાજકારણમાં લાંબા સમયથી હતા છતાં તેમના મૃત્યુની બહુ નોંધ ના લેવાઈ તેનું કારણ તેમનો રાજકીય ઈતિહાસ છે. ચૌધરી ચરણસિંહની પાર્ટીમાંથી ૧૯૭૪માં બાગપતમાંથી જીતીને પહેલી વાર ધારાસભ્ય બનનારા મલિક દસ વરસ ચરણસિંહ સાથે રહ્યા પણ પછી સત્તા માટે પક્ષપલટાનો ક્રમ ચાલુ થયો ને મલિકે ગુલાંટબાજી પર ગુલાંટબાજી કરીને પોતાની વિશ્વસનીયતા ગુમાવી દીધી.

મલિકે રાજકીય ફાયદા માટે વારંવાર ગુલાંટબાજી કરી અને ગુલાંટબાજી પછી પહેલાં જેની સાથે બેઠા હોય તેની બદબોઈ કરવામાં કોઈ કસર ના છોડી. ચૌધરી ચરણસિંહથી માંડીને વિશ્વનાથ પ્રતાપસિંહ અને મુલાયમસિંહ યાદવથી માંડીને મોદી સુધીના તેમનો હાથ પકડીને રાજકારણમાં આગળ લાવનારા બધાંને મલિકે આ સ્વભાવનો લાભ આપ્યો છે પણ નરેન્દ્ર મોદીને વધારે લાભ મળ્યો. મલિકે મોદી સામે સંખ્યાબંધ આક્ષેપો કર્યા ને મર્યા ત્યાં લગી કરતા રહ્યા પણ કોઈ તેમનો ભરોસો કરવા તૈયાર નહોતું કેમ કે મલિકે મોદી વિરોધ નિવેદનબાજી જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલપદેથી હટાવી દેવાયા પછી શરૂ કરી.

મલિક કાશ્મીરના રાજ્યપાલ હતા ત્યાં લગી મોદીની તારીફમાં કસિદા પઢતા હતા ને જમ્મુ અને કાશ્મીરમાં ઓલ ઈઝ વેલની આલબેલ પોકાર્યા કરતા હતા. મોદી સરકારના ઈશારે તો તેમણે મહેબૂબા મુફતીની સરકારને ઘરભેગી કરી દીધેલી અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાનું વિસર્જન પણ કરી નાખેલું. બંધારણીય રીતે મલિકનું પગલું યોગ્ય નહોતું પણ એ વખતે મલિકને કોઈ વાંધો નહોતો. જેવા મલિકને કાશ્મીરમાંથી ખસેડી દેવાયા એ સાથે જ તેમને સત્તર વાંધા પડી ગયા ને અઢાર આક્ષેપો કરી નાખ્યા. મોદી સરકારે કરેલાં કહેવાતાં ખોટાં કામ પણ યાદ આવી ગયાં ને મોદી સરકાર દેશના હિતમાં નથી એ પણ યાદ આવી ગયું.

સત્યપાલ મલિક ૨૦૨૩માં આપેલા એક ઈન્ટરવ્યૂમાં મલિકે દાવો કર્યો હતો કે, પુલવામામાં આતંકવાદી હુમલો કેન્દ્ર સરકારના અનિર્ણાયક વલણને કારણે થયો હતો. પુલવામામાં થયેલા આતંકવાદી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો માર્યા ગયા હતા. મલિક પુલવામા હુમલા વખતે જમ્મુ અને કાશ્મીર રાજ્યના રાજ્યપાલ હતા.મલિકે દાવો કરેલો કે, સીઆરપીએફના જવાનો પર આતંકવાદી હુમલો થશે એવા ગુપ્તચર તંત્રના અહેવાલના પગલે જવાનો માટે વિમાનની માગ કરાઈ હતી પણ તત્કાલીન ગૃહ પ્રધાન રાજનાથ સિંહે વિમાન ના આપ્યું. એક સાથે આટલા બધા જવાનોનો વિશાળ કાફલો રોડ પરથી ના જઈ શકે તેથી ગૃહ મંત્રાલયને સીઆરપીએફને માત્ર પાંચ એરક્રાફ્ટ આપવા કહેવાયેલું પણ એ ના મળતાં હુમલો થયો તેમાં ૪૦ જવાન શહીદ થયા.

મલિકનો દાવો હતો કે, હુમલા વખતે મોદી જીમ કોર્બેટ પાર્કમાં શૂટિંગ કરતા હતા. શૂટિંગ પતાવીને બહાર આવ્યા પછી તેમણે મને ફોન કરીને કહ્યું હતું કે આ અમારી ભૂલને કારણે થયું છે પણ તમે ચૂપ રહેજો અને કોઈને કંઈ ન કહેતા. અજિત ડોભાલે પણ કહેલું કે, મોદી સરકાર પાકિસ્તાન પર દોષારોપણ કરીને લોકસભા ચૂંટણીમાં ફાયદો ઉઠાવશે.

મલિકે એવો દાવો પણ કરેલો કે, જમ્મુ-કાશ્મીરના ગવર્નર તરીકેના કાર્યકાળ દરમિયાન બે ફાઈલો ક્લિયર કરવા માટે ૩૦૦ કરોડ રૂપિયાની લાંચની ઓફર કરાઈ હતી. આ પૈકી એક ફાઇલ રાષ્ટ્રીય સ્વયં સેવકના નેતા અને બીજી અંબાણીને લગતી હતી. આ અંગે પોતે મોદીનું ધ્યાન દોર્યું પણ મોદીએ કશું ના કર્યું કેમ કે મોદીને ભ્રષ્ટાચાર સામે કોઈ છોછ નથી. મેઘાલયના રાજ્યપાલ હતા ત્યારે સત્યપાલ મલિકે ધડાકો કરેલો કે, મોદી અને શાહ વચ્ચે બનતું નથી.

મલિકે એવો દાવો પણ કરેલો કે, ખેડૂત આંદોલન મુદ્દે મલિક મોદીને મળવા ગયા ત્યારે મોદી 'અત્યંત ઘમંડ'માં હતા. મલિકે ખેડૂત આંદોલન દરમિયાન માર્યા ગયેલા ખેડૂતોનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે મોદીએ અહંકારથી સવાલ કર્યો હતો કે, આ ખેડૂતો મારા માટે મરી ગયા છે ? મોદી સાથે ઝગડો થઈ જતાં મલિક અમિત શાહને મળવા ગયા ત્યારે શાહે મોદી વિશે એવું કહેલું કે, મોદીની બુદ્ધિ લોકોના કારણે બહેર મારી ગઈ છે પણ તમે ચિંતા કર્યા વિના મને મળતા રહો, કોઈ પણ વાત હોય તો મને જાણ કરજો. એક દિવસ મોદીને આ વાતો સમજાશે. મલિકે આવો સનસનાટીભર્યો દાવો કરી તો નાખ્યો પણ વીડિયો વાયરલ થયો પછી મલિકે ગુલાંટ લગાવીને એવું કહેલું કે, મોદી સાચા રસ્તે જઈ રહ્યા છે અને શાહે પોતાને કહેલી વાતને ખોટી રીતે રજૂ કરાઈ છે.

મલિકની ગુલાંટબાજી તેમના કેરેક્ટરનું પ્રતિબિંબ પાડનારું હતું ને આ કારણે જ મલિક એ પછી પણ જે કંઈ કહેતા રહ્યા તેની કોઈ અસર ના પડી કે કોઈએ તેમના પર ભરોસો ના કર્યો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, ગુરુવાર, તા. ૭–૮–૨૦૨૫, બૃહસ્પતિ પૂજન, આખેટક ત્રયોદશી

- ભારતીય દિનાંક ૧૬, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ–૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ–૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા બપોરે ક.૧૪–૦૦ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૨૦–૧૦ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦–૩૯, રાત્રે ક. ૨૧–૫૧.
- ઓટઃ સાંજે ક. ૧૬–૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૧૧ (તા. ૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ત્રયોદશી. બૃહસ્પતિ પૂજન, આખેટક ત્રયોદશી (ઓરિસ્સા), શિવપવિત્રારોપણ (ઓરિસ્સા).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ.
- આચમનઃ સૂર્ય–મંગળ અર્ધ ચતુષ્કોણ કજિયાખોર.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય–મંગળ અર્ધ ચતુષ્કોણ (તા. ૮)
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–કન્યા, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એક દીન કા બાદશાહઃ તખ્ત પર બેસતા જ યુવકના હોંશ કેમ ઊડી ગયા?

આ એ સમયનો પ્રસંગ છે જ્યારે ઈસ્લામી સત્તાનો ધ્વજ ચોતરફ લહેરાતો હતો. મોટાભાગના દેશોમાં પ્રજા સુખી અને આબાદ હતી. આવા એક રાજ્યમાં ખ્વાહીશોથી થનગનતો એક યુવક હતો જેને બાદશાહોના ઠાઠમાઠ જોઈ થતું કે પોતે પણ એક દિવસ શહેનશાહ બને. મિત્રોની મહેફિલોમાં પણ તે આવી વાતો કહ્યા કરતો. દોસ્તો તેની શેખચલ્લી જેવી ડંફાસો સાંભળી મજાક ઉડાવતા. કમસે કમ એક દિવસ માટે પણ તેને રાજસિંહાસન પર બેસવા મળે તો બાદશાહોની જેમ લઝ્ઝતોનો આનંદ પોતે પણ મેળવી લે, તેવી તેની તીવ્ર ઈચ્છાની વાત વહેતી વહેતી બાદશાહના કાન સુધી પહોંચી ગઈ.

પ્રજાના પાલનહાર એવા આ બાદશાહે યુવકને રાજદરબારમાં આવવા કહેણ મોકલ્યું. ઉત્સાહિત યુવક રાજા સમક્ષ પેશ થયો. બાદશાહે તેને પૂછ્યું, કે અમારા દેખાતા ઠાઠમાઠ અને એશોઆરામના જીવનથી આકર્ષાઈને તને પણ કમસે કમ એક દિવસ માટે પણ રાજા બનવાની ઈચ્છા છે, તેને આવતીકાલે પૂરી કરવામાં આવશે. તું કાલે સવારે સૂર્યોદય સમયે દરબારમાં હાજર થઈ જજે.

યુવકના આનંદનો તો કોઈ પાર ન રહ્યો. ખુશીમાંને ખુશીમાં આખી રાત તેણે સવાર થવાની વાટ જોવામાં વિતાવી નાખી.

સવાર પડતાં જ તે રાજદરબારમાં ઉપસ્થિત થઈ ગયો. દરબારીઓ તેને બાદશાહ પાસે લઈ ગયા. બાદશાહે વઝીરને હુકમ કર્યો કે યુવકને શહેનશાહ પહેરે છે તેવો પોશાક પહેરાવવામાં આવે અને માથે તાજ મૂકવામાં આવે.

યુવકને તૈયાર કરી તખ્ત પર બેસાડવામાં આવ્યો. તખ્ત પર બેસતા જ યુવકે બાદશાહને પૂછ્યું કે આપ તખ્ત પર બેસીને કઈ બાબતોનો આનંદ ઉઠાવતા હતા. બાદશાહે કહ્યું કે તેઓ સંગીતનો આનંદ મેળવતા.

એક દીન કા બાદશાહ બનેલા યુવકે વઝીરને હુકમ કર્યો કે સંગીત માણવાની વ્યવસ્થા કરવામાં આવે. થોડીવારમાં સંગીતનાં વાજીંત્રો અને ગાનારા-વગાડવાવાળાઓ ઉપસ્થિત થઈ ગયા. એટલીવારમાં વઝીરે આવીને યુવકના કાનમાં કહ્યું કે, જરા તમારા માથાના ઉપરના ભાગમાં જુઓ. યુવકે ઉપર જોયું તો થોડાક અંતરે વિષથી ભરેલું એક ખંજર લટકતું દેખાયું, જે વાળ જેટલા બારીક દોરાથી બંધાયેલું હતું, અને કોઈપણ ક્ષણે પડી શકે તેમ હતું.

માથા પર લટકતા ઝેરી ખંજરને જોતાં જ યુવકના હોશ ઊડી ગયા. સંગીત માણવાનો લહાવો તો ઘણે દૂર રહ્યો પણ શાહી ભોજનનો એક કોળિયો પણ ગળે ઉતારવો મુશ્કેલ બની ગયો. તેના દિલોદીમાગમાં ઉદાસિનતા છવાઈ ગઈ.

જેમ તેમ કરીને તેણે દિવસ પસાર કર્યો. તખ્ત પરથી ઉતરતાં જ તેણે બાદશાહને શિકાયત કરતા પૂછ્યું કે આપે તખ્ત પર ઝેરી ખંજર લટકાવ્યું હતું તેવી કોઈ વાતની જાણકારી મને આપવામાં આવી નહોતી. શું આપના સત્તાસ્થાને (તખ્ત) પર બેસતી વખતે માથા પર આ રીતે ખંજર લટકાવવામાં આવે છે? શું આની પાછળ કોઈ બોધ કે નસીહત-સાવધાની સંતાયેલી છે?

બાદશાહ સલામતે કહ્યું કે, તેઓ જ્યારે તખ્ત પર બેસે છે ત્યારે આવી કોઈ બાબત હોતી નથી. આ ઉદાહરણ પાછળનો સંકેત એ છે કે એક બાદશાહ (સત્તાધીશ, શાસનકર્તા)ને રાત-દિવસ એ વાતની ચિંતા સતાવતી રહેતી હોય છે કે હુકુમતના અનેક આંતરિક પ્રશ્નો હોવા ઉપરાંત બહારના ઘણા દુશ્મનો હોય છે. અંદરના ભેદુઓ અને દુશ્મન દેશોની નજર સતત મંડરાયેલી હોવા ઉપરાંત પ્રજાલક્ષી કોયડાઓ ઉકેલવાના રહેતા હોય છે. સલ્તનત અને હુકુમત એ કંઈ ફૂલોની સેઝ (ચાદર) નથી, બલકે કાંટાળો તાજ છે- સજાવવામાં આવેલું ''કતલખાનું'' છે. એક શહેનશાહ દુનિયાપરસ્ત હોય કે ખુદાપરસ્ત! જેના દિવસનું ચેન અને રાતની ઊંઘ વેરણ થઈ જાય તે સાચો બાદશાહ. પ્રજાના સુખ-દુઃખમાં જે ભાગીદાર હોય તે જ શહેનશાહ છે. તે જ શાસક છે.

પરિસ્થિતિએ આજે સપનામાં પણ ન ધાર્યું હોય તેવો વળાંક લીધો છે. દુનિયા આખીમાં સત્તાધિશોથી પ્રજા અસંતુષ્ટ છે, અને એટલે જ વર્તમાન સમયને ''કયામત'' કહે છે.

બોધઃ

જેનો પહેરવેશ સાદો છે અને જેની વાણીમાં નમ્રતા અને મીઠાશ છે, તે અલ્લાહને વહાલો છે, કારણ કે તે કોઈનું મન દુભાવતો નથી. વર્ષોના વર્ષ બંદગીમાં ગાળવા અને એક મનને એટલે કોઈપણ એક જીવને રાજી કરવો તો બંનેનું વજન સરખું છે.

* ''ઈબાદત્'' (પ્રાર્થના, સ્તૂતિ) ઈન્સાનને તેની મનેચ્છાઓ, વાસનાઓથી મુક્તિ અપાવે છે.
* સેતાન નામે ઈબ્લીશ અને ગુનાહોથી મક્તિ અપાવે છે.
* સેતાન અને ગુનાહોની ચુંગાલમાંથી છોડાવે છે.
* જે કોમ, સમાજ, જમાત અલ્લાહની ઈબાદત, બંદગી, પ્રાર્થના કરે છે તેને ઝાલિમો અને મોટી સત્તાઓની ગુલામીમાંથી સ્વતંત્ર બનાવે છે.

- અલ્લામા ઈકબાલ સા'બનું કથન છેઃ
- અલ્પ બુદ્ધિના કારણે માણસ માણસની પૂજા કરે છે.

* તેની પાસે અકલ, બુદ્ધિનું મોતી હતું, પણ ભેટ ચડાવી દીધું.
* આ ગુલામીની આદત કૂતરાઓ કરતાંય નીચી કક્ષાની છે.
* મેં ક્યારેય કૂતરાને કૂતરા સામે માથું નમાવતા નથી જોયો.
* અલ્લાહની ઈબાદત માણસને માણસ અને સમાજને સમાજ બનાવે છે.
* સમાજમાં જે પાપાચાર, વિખવાદો થઈ રહ્યા છે તે માટે ભાગે ''ગયરૂલ્લાહ'', અલ્લાહ સિવાય અન્યની ઈબાદત કરવાના કારણે છે.

### પથ્થર કી લકિરઃ

- યાદ રાખવું જોઈએ કે,

* અલ્લાહની ઈબાદત કરવામાં પોતાની
* મનેચ્છા,
* જાતપાત કે
* ભાષાનો
* પક્ષપાત ન આવવો જોઈએ, માત્ર
* અલ્લાહની, ઈશ્વર-ગોડ-પ્રભુની મોહબ્બત અને તેની અમર્યાદિત કુદરત અને તેની દીધેલી નેઅમત, ઈશ્વરની દેણગીનું જ ધ્યાન રહેવું જોઈએ. (આમીન, તથાસ્તુ, ઈશ્વર સૌનું ભલું કરે.)

***

### સપ્તાહિક સંદેશઃ

- 'ઈબાદત' એટલે અલ્લાહના માર્ગે ચાલવું,
- જેમ કે અલ્લાહ કહે છેઃ

* 'મારી ઈબાદત કરો,
* આજ સીધો માર્ગ છે.'

(ભાવાનુવાદઃ સુરહ (પ્રકરણ) યાસીન, આયત (વાક્ય, કથન) ૪૧).

- ખુદાવન્દે કરીમ કહે છેઃ

* નમાઝ અને
* સબ્ર વડે
* મદદ માગો. (સુરહ, આયત ૪૫,૧૫૩)

## પહેલા પાનાનું ચાલુ

### ઉત્તરકાશીમાં

ઉત્તરકાશીમાં

મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીની સાથે વાત કરી હતી અને જરૂરી દરેક સહાય કરવા ઑફર કરી હતી.

ભારતીય લશ્કરે હવામાન સાફ થાય તે પછી શોધખોળ અને બચાવ તેમ જ રાહત કામગીરીમાં સહાય કરવા એમઆઇ-૧૭ અને ચિનૂક હેલિકૉપ્ટર તૈયાર રાખ્યા છે.

હરિદ્વાર રેલવે સ્ટેશને મુસાફરોની સહાય કરવા ખાસ વિભાગ ઊભો કરાયો છે. કેન્દ્રના જળ પંચે જણાવ્યું હતું કે રુદ્રપ્રયાગની મંદાકિની, હરિદ્વારની બાણગંગા અને દેવપ્રયાગની ભાગીરથી નદીમાં જળસપાટી જોખમી સ્તરે છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે વિવિધ નદીઓમાં પૂર આવ્યાં છે. અગાઉ, અહીં વાદળ ફાટતાં ઊંચાણવાળા ધરાલીના ગામોમાં નવેસરથી આવેલાં પૂરમાં ઓછામાં ઓછા પાંચ જણ માર્યા ગયાં હતાં અને ૬૦થી ૭૦ લોકો ફસાયા હતા. અનેક વૃક્ષો અને ઘરોને ભારે નુકસાન થયું હતું.

ગંગોત્રી જતાં માર્ગમાં આવતા મુખ્ય સ્થાનકોમાં ધરાલી અગ્રસ્થાને હોવાથી અહીં મોટી સંખ્યામાં હૉટેલ, રેસ્ટોરાં અને ઘરો આવેલા છે.ખીર ગંગા નદીના કાંઠાવિસ્તારમાં વાદળ ફાટવાથી નવેસરથી પૂર આવ્યું હતું. ઉત્તરકાશી જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રશાંત આર્યાએ જણાવ્યું હતું કે પ્રાથમિક અહેવાલ મુજબ પૂરમાં ઓછામાં ઓછા પાંચ જણ માર્યા ગયાં હતાં. બચાવ અને રાહત કામગીરી કરવા માટે હર્સિલ ખાતેથી લશ્કરની એક ટુકડી મોકલાઇ હતી. (એજન્સી)

### જે. ડી. વૅન્સ

ઉપરાંત, હાલના વિદેશ પ્રધાન માર્કો રુબિયો પણ કોઇ પ્રકારે તેમની 'સાથે રહી શકે' છે. ટ્રમ્પે રુબિયોને લગતા આ નિવેદનના સંબંધમાં વધુ સ્પષ્ટતા નહોતી કરી.

### ભારત સાથે સંબંધ ન બગાડતાઃ નિક્કી હૅલી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર વધુ ટૅરિફ લાદવાની કરેલી જાહેરાત બાદ અમેરિકામાં જ તેમનો વિરોધ થઈ રહ્યો છે. આ દરમિયાન દક્ષિણ કેરોલિનાના ભૂતપૂર્વ ગવર્નર નિક્કી હેલીએ ટ્રમ્પને ભારત જેવા મજબૂત સાથી દેશ સાથે સબંધો ન બગડવા સલાહ આપી છે.

### દાદરમાં જૈનો અને

સમર્થન આપતા, બીએમસી આગ્રહ રાખે છે કે વધતા જતા જાહેર આરોગ્ય જોખમને રોકવા માટે કબૂતરખાના બંધ કરવા જરૂરી છે.

૧૩ જુલાઈથી ત્રણ ઓગસ્ટ દરમિયાન બીએમસીએ કબૂતરોને ખવડાવતા પકડાયેલા ૧૪૨ વ્યક્તિઓને ૫૦૦-૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો, જે કુલ ૬૮,૭૦૦ રૂપિયા થાય છે. આ દંડમાંથી ૬૧ લોકોને દંડ એકલા દાદરમાં જ થયા હતા. નજીકના અનાજ વિક્રેતાઓને પણ દંડ ફટકારવામાં આવ્યો હતો.

૩૧ જુલાઈના રોજ, બોમ્બે હાઈ કોર્ટે તમામ કબૂતરખાના બંધ કરવાનો આદેશ આપ્યો, જેમાં દાદર ખાતેનો એક પણ સમાવેશ થાય છે, જ્યાં આજના વિરોધનું સ્થળ હતું.

કોર્ટે હેરિટેજ એન્ક્લોઝર તોડી પાડવા પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ ભારતીય ન્યાય સંહિતાના જાહેર ઉપદ્રવ કાયદા હેઠળ બંધનો ભંગ કરનારાઓ સામે એફઆઈઆર દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. બીજી ઓગસ્ટે બીએમસીએ વાંસની ફ્રેમ અને તાડપત્રી શીટનો ઉપયોગ કરીને બધા ૫૧ (એકાવન) કબૂતરખાના સીલ કરી દીધા હતા. દાદરમાં, વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો અને દેખરેખ વધારી દેવામાં આવી હતી. અમલથી જૈન સમુદાયમાં ભાવનાત્મક પ્રતિક્રિયા આવી હતી. આ અઠવાડિયે, કોલાબાથી ગેટવે ઓફ ઈન્ડિયા સુધી 'શાંતિદૂત યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સાધુઓ, સમુદાયના નેતાઓ અને સ્વયંસેવકોએ માગણી કરી હતી કે દૈનિક ખોરાક આપવાની પ્રથાઓ ફરીથી શરૂ કરવામાં આવે.

નરેશચંદ્રજી મહારાજે કબૂતરોને ખોરાક આપવાનું ફરી શરૂ કરવાની માગણી માટે આમરણાંત ઉપવાસની જાહેરાત કરી હતી. 'છેલ્લા કેટલાક દિવસોમાં મુંબઈમાં સેંકડો કબૂતરો ભૂખમરાથી મૃત્યુ પામ્યા છે કારણ કે રાજ્યના અધિકારીઓએ પશુ પ્રેમીઓને પક્ષીઓને ખોરાક આપતા બળજબરી બંધ કર્યા છે,' એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું.

મુંબઈ ઉપનગર જિલ્લાના પાલક પ્રધાન મંગલ પ્રભાત લોઢાએ જ્યારે આ સ્થળની મુલાકાત લીધી ત્યારે તેમણે આ ઘટનાની નિંદા કરી હતી અને કહ્યું હતું કે પોલીસ આ મામલે યોગ્ય કાર્યવાહી કરશે.

તેમણે લોકોને શાંતિ જાળવવાની પણ અપીલ કરી હતી અને કહ્યું હતું કે વિસ્તારમાં આવેલા જૈન મંદિરના ટ્રસ્ટના મેનેજમેન્ટે એવો દાવો કર્યો હતો કે કબૂતરપ્રેમીઓ દ્વારા કરવામાં આવેલા આંદોલનમાં તેમની કોઈ ભૂમિકા નહોતી.

### ટ્રમ્પ ટેરર

કે ઇમ્પોર્ટ ડ્યૂટી મૂલ્ય આધારિત રહેશે અને તે અન્ય વધારાની ડ્યૂટી, ફી, ટૅક્સ, એક્ઝેક્શન અને ચાર્જ ઉપરાંતની રહેશે.એક્ઝિક્યૂટિવ ઑર્ડરમાં જણાવાયું હતું કે ભારત સરકારે હાલમાં રશિયા પાસેથી ખનિજ તેલની આયાત ચાલુ રાખી છે અને તેથી ભારતથી અમેરિકા ખાતે આયાત કરાતા માલસામાન પર વધારાની પચીસ ટકા ટૅરિફ લાદવાનો નિર્ણય લેવાયો છે. ભારત પોતાની જરૂરિયાતના અંદાજે ૮૮ ટકા ક્રૂડ ઑઇલની આયાત કરે છે અને તેનું પેટ્રોલ તેમ જ ડીઝલ જેવા ઈંધણમાં રૂપાંતર કરે છે. અમેરિકા દ્વારા હવે ભારત અને બ્રાઝિલ પાસેથી પચાસ ટકા, મ્યાનમાર પર ૪૦ ટકા, થાઇલૅન્ડ અને કમ્બોડિયા પર ૩૬ ટકા, બાંગ્લાદેશ પર ૩૫ ટકા, ઇન્ડોનેશિયા પર ૩૨ ટકા, ચીન અને શ્રીલંકા પર ૩૦ ટકા, મલયેશિયા પર પચીસ ટકા, ફિલિપાઇન્સ અને વિયેતનામ પર વીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરાઇ હતી. ભારતથી આયાત કરવામાં આવતી દવા, ઇલેક્ટ્રોનિક્સ, સૅમિકન્ડક્ટર્સ, કમ્પ્યૂટર્સ, ટેબલેટ્સ, સ્માર્ટફોન્સ, સોલિડ-સ્ટેટ ડ્રાઇવ્સ, ફ્લેટ પેનલ ડિસ્પ્લે, ઇન્ટિગ્રેટેડ સર્કિટ, ઊર્જા માટેના ઉત્પાદનો જેવા કે ક્રૂડ ઑઇલ, રિફાઇન્ડ ફ્યુઅલને ટૅરિફ વધારામાંથી બાકાત રખાયા છે. (એજન્સી)

### બિહાર મતદારયાદીમાંથી

ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર)ના નિર્દેશ આપતા ચૂંટણી પંચના ૨૪ જૂનના આદેશને પડકારનાર એનજીઓએ નવી અરજી દાખલ કરી છે જેમાં ચૂંટણી પંચને કાઢી નાખવામાં આવેલા લગભગ ૬૫ લાખ મતદારોના નામ પ્રકાશિત કરવાનો નિર્દેશ આપવા વિનંતી કરવામાં આવી છે, જેમાં એ પણ ઉલેખ કરવો જોઈએ કે શું તેઓ (મતદારો) મૃત્યુ પામ્યા છે, કાયમી સ્થળાંતર કરી ચૂક્યા છે અથવા તેમના નામ અન્ય કોઈ કારણોસર ધ્યાનમાં લેવામાં આવ્યા નથી.

### કિન્નૌર કૈલાશ યાત્રા

કામગીરીના વીડિયો શેર કર્યા છે જેમાં યાત્રાળુઓ ઝિપલાઇન મારફતે નદીના એક કાંઠાથી બીજા કાંઠે જતા જોઈ શકાય છે. કિન્નૌર જિલ્લા વહીવટીતંત્રને રસ્તા પર ફસાયેલા યાત્રાળુઓ વિશે ઈમરજન્સી ફોન આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેના જવાબમાં આઈટીબીપી અને એનડીઆરએફએ બચાવ કામગીરી શરૂ કરી હતી. યાત્રા માર્ગ પર વરસાદને કારણે ભારે નુકસાન થયા બાદ કિન્નૌર જિલ્લા વહીવટીતંત્રે કિન્નૌર કૈલાશ યાત્રા સ્થગિત કરી દીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મોટાભાગના ટ્રેકિંગ માર્ગો ખતરનાક રીતે લપસણા બની ગયા છે.આ પ્રતિકૂળ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કિન્નૌર કૈલાશ યાત્રાને આગામી સૂચના સુધી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી રહી છે.

### કર્તવ્ય ભવનના

ભવન કે જે ૧૦ આગામી અત્યાધુનિક કોમન સેન્ટ્રલ સચિવાલય ભવનોમાંથી પ્રથમ છે. જેમાં તમામ મંત્રાલયોના કાર્યાલય હશે. વડા પ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું કે કેન્દ્રીય સચિવાલયના ૧૦ ભવનોના નિર્માણથી કેન્દ્ર સરકારને વાર્ષિક ૧,૫૦૦ કરોડ રૂપિયાના ભાડાની બચત થશે.

### આસ્થા, જનભાવના

પડશે. તો જાહેર ભાવના અને ધાર્મિક ભાવનાને સાચવવાના સંદર્ભમાં આપણે શું કરી શકીએ? અમે તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા છીએ જેથી ક્યાંય પણ સ્વાસ્થ્ય માટે જોખમ ન રહે. અમે આમાંથી બહાર નીકળવાના કેટલાક રસ્તા સૂચવ્યા છે. અમે તેમને કોર્ટ સમક્ષ રજૂ કરીશું. જેથી આટલા વર્ષોથી ચાલી આવતી પરંપરા તૂટે નહીં અને સ્વાસ્થ્યનો કોઈ પ્રશ્ન ન રહે, દેવેન્દ્ર ફડણવીસે કહ્યું.

### રિઝર્વ બૅન્કે

કરી છે, પરંતુ ટૅરિફને લગતી અનિશ્ચિતતાનો હજુ અંત આવ્યો નથી અને નાણાકીય નીતિ ફેરફારોની પ્રક્રિયા પણ હજુ ચાલુ છે. ટૅરિફને લગતી વાયાઘાટો સાથે જીઓપોલિટિકલ ટેન્શનના વાતાવરણમાં વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાનો વહેલો અંત જણાતો નથી. આ બાબતો ધ્યાનમાં રાખીને આવનારા સમયની ઘટનાઓ પર એમપીસી ચાંપતી નજર રાખી રહી છે.

ટ્રમ્પે ભારતીય અર્થતંત્રને માટે ડેડ ઇકોનોમી જેવા શબ્દો ઉચ્ચાર્યાના સંદર્ભમાં આરબીઆઇ ગવર્નર મલ્હોત્રાએ કહ્યું હતું કે, ભારતીય અર્થતંત્ર સારી પરિસ્થિતિમાં છે અને વૈશ્વિક વિકાસમાં અમેરિકા કરતા વધુ ફાળો આપી રહ્યું છે. આ સંદર્ભના એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે આપણે ૧૮ ટકા જેવો ફાળો આપીએ છીએ, જે અમેરિકાના અંદાજે ૧૧ ટકા જેવા અપેક્ષિત ફાળા કરતા વધારે છે. આપણું અર્થતંત્ર સારી સ્થિતિમાં છે અને આગળ જતાં તે વધુ વિકાસ સાધશે.

### માથેરાનમાં

બનેલી બેન્ચે જણાવ્યું હતું અને માથેરાનમાં હાથથી ખેંચાતી રિક્ષાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. રાજ્ય સરકારને આદેશ આપવામાં આવ્યો હતો કે તે ગુજરાતના અધિકારીઓ દ્વારા કેવડિયાની જેમ ભાડા પર માથેરાનમાં સ્થાનિક લોકોને ઈ-રિક્ષા આપવાની શક્યતા તપાસે.

# વડોદરામાં ગટરના નાળામાં પડી જવાથી ૧૬ વર્ષના કિશોરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં એક કરૂણ ઘટના બની હતી. ગાજરાવાડી વિસ્તારમાં ૧૬ વર્ષીય કિશોર પમ્પિંગ સ્ટેશન પાસેના ગટરના નાળામાં પડી ગયો હતો. ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે સ્થાનિકો દ્વારા બચાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, પરિસ્થિતિ ગંભીર જણાતા તુરંત પોલીસને અને ફાયરની ટીમને ફોન કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયરની ટીમ તેમજ એમ્બ્યુલન્સ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર વિભાગની ભારે જહેમત બાદ કિશોરને નાળામાંથી બહાર કાઢ્યો હતો પરંતુ, ત્યાં સુધીમાં તેણે જીવ ગુમાવી દીધો હતો. કિશોરના મૃત્યુથી પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

મૃતક દીપક પ્રવીણભાઈ ગોદરિયા (ઉ.વ. ૧૬) જૂનાં કપડાં વેચવાનો વ્યવસાય કરી ગુજરાન ચલાવતો હતો. કિશોર ઘરે આવ્યા બાદ જમવાનું જમતાં જમતાં શૌચક્રિયા કરવા ગયો હતો અને ગટરના નાળામાં ખાબક્યો હતો. જમવાની થાળી પણ અધૂરી રહી ગઈ હતી. દીકરાના મોતથી માતા તથા પરિવારજનોએ હૈયાફાટ રૂદન કર્યું હતું.

પોલીસે કહ્યું કે, આ મામલે અકસ્માતે મોતની ફરિયાદ દાખલ કરીને કિશોરના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરાવીશું અને મોતનું કારણ શું છે એ જાણવામાં આવશે. અંદર ૪ ફૂટનો ખાડો છે અને જેમાં ગટર જેવું છે. એની અંદર પથ્થર સાથે અથડાવાથી કે ડૂબી જવાથી મોત થયું છે એ અંગે પીએમ રિપોર્ટ બાદ ખબર પડશે. કિશોર કયા કારણથી અહીં આવ્યો હતો એ અંગે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ઘટના દરમિયાને રેસ્ક્યુ માટે આવેલી ટીમની ગાડી પણ પલટી મારી ગઈ હતી. રેસ્ક્યુ ટીમ દ્વારા ગાડી રિવર્સ લેવામાં આવી રહી હતી, તે દરમિયાન ગાડીનું સંતુલન ગુમાવતા તે બાજુના ખાડામાં ખાબકી હતી અને પલટી મારી ગઈ હતી. જોકે, સદનસીબે ડ્રાઇવરનો આબાદ બચાવ થયો હતો.

# સોમનાથ કૉરિડોરનો વિવાદ વકર્યોઃ અસરગ્રસ્તોએ ‘મકાનના ભોગે કૉરિડોર નથી જોઈતો’ના નારા લગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ પ્રભાસ પાટણ ગામમાં સોમનાથ મંદિર કોરિડોરના નિર્માણને લઈને વિવાદ વધુ તીવ્ર બન્યો હતો. પ્રભાસ પાટણ સોમનાથ મંદિરનો કોરિડોર બનાવી વિકાસ કરવાનો વિશાળ પ્રોજેક્ટ આગમી દિવસોમાં આવશે. જેના અનુસંધાને ૩૮૪ મકાનો સંપાદિત થશે. પરંતુ આ અંગે સંપાદિત થનાર મકાનો અને ગેસ્ટ હાઉસની વળતરરૂપે મળનારી રકમ નક્કી થયા વગર સરકારી તંત્રના કર્મચારીઓ ૩૮૪ અસરગ્રસ્તોને ઘેર ઘેર ફરી ડોક્યુમેન્ટ માંગવા બેંક ખાતાની પાસબુક પાનકાર્ડ આધારકાર્ડ કોપી માંગવાનું શરૂ કરતાં લોકોમાં રોષ ફેલાયો હતો. સ્થાનિકોએ અમારે મકાનના ભોગે કોરિડોર નથી જોઈતો અને કોરિડોર હાય હાયના નારા લગાવ્યા હતા. એક મહિલાએ બસ કરો બસ કરો હવે બસ કરો લોકોને હેરાન કરવાનું બસ કરો નારાબાજી કરી હતી.

રોષે ભરાયેલા સ્થાનિકોએ કહ્યું, જ્યારે કોઈ નહોતું ત્યારે અમારા પૂર્વજોએ આ મંદિરની પૂજા કરી હતી. આટલા લોકોને બેઘર કરીને કોરિડોર બનાવવા માટે સરકારને શરમ આવવી જોઈએ. કોર્ટની જોગવાઈ છે કે જેની પાસે પરિસર હોય તેને કોરિડોર બનવાની જરૂર નથી.

આ ઉપરાંત સ્થાનિકોએ જણાવ્યું, હજુ નોટિસ આપી જ નથી. મૌખિક જ કહેવા આવે છે કે તમારે ફોર્મ ભરવાનું છે. અમે કહીએ કે અમારે નથી ભરવું તો કહે છે કે ભરવું જ પડશે. તલાટી ઓફિસમાંથી આવ્યા હશે, એકવાર પોલીસ સ્ટેશનેથી ફોન આવ્યો હતો. બેવાર અધિકારીઓ ઘરે આવ્યા હતા. કોરિડોરમાં મારી જમીન તો શું એક ઈંચ જમીન પણ આપવી નથી. મારી માગણી છે કે મારો પ્રાણ લઈ લે કે મારી જમીન લઈ લે. બેમાંથી એક વસ્તુ છે. મને મારી નાખે એ મને મંજૂર છે, પણ જમીન નથી દેવી.

કોરિડોરથી અસરગ્રસ્ત લોકોનું કહેવું છે કે તેમને આગોતરી કોઈ જાણ કે નોટિસ આપવામાં આવી નથી અને સીધી જ સંપાદનની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. સ્થાનિકોનો વિરોધ જોતાં આગામી દિવસોમાં આ મુદ્દો વધુ ગરમાય એવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી સોમનાથ મંદિર કોરિડોરની ચર્ચાઓ ચાલી રહી છે, પરંતુ કોરિડોર અંગે આજદિન સુધી કોઈ પારદર્શક વિગતો સોમનાથ મંદિર ટ્રસ્ટ કે વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવી નથી. કોરિડોરનો પ્રાથમિક પ્લાન આયોજન આ તમામ બાબતો જાહેર જનતાથી યેન કેન પ્રકારેણ છુપાવવામાં આવી રહી છે. છેલ્લા આઠેક માસથી કોરિડોરની ગતિવિધિ તેજ બની છે અને મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર વચ્ચે મેરેથોન બેઠકો યોજાઈ રહી છે.

# સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ખેડૂતોને ૧૦ કલાક વીજ પુરવઠો મળશેઃ સૌની યોજના મારફતે પાણીનો જથ્થો આપવાની જાહેરાત

અમદાવાદઃ રાજ્યમાં પ્રવર્તમાન વરસાદની પરિસ્થિતિને પગલે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્રના નાગરિકોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય વિશે જણાવતાં રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, વરસાદ લંબાવવાના કારણે સર્જાયેલ પરિસ્થિતિ અને લોકોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને સૌરાષ્ટ્રના નાગરિકો અને ખેડૂતોને નર્મદાના વધારાના પાણીમાંથી સૌની યોજના મારફતે પાણીનો જથ્થો આપવાનો નિર્ણય કરાયો છે. સૌરાષ્ટ્રના ખેડૂતોની રજૂઆતો રાજ્ય સરકાર સમક્ષ આવી હતી જેને પગલે આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના નાગરિકો અને ખેડૂતોને કોણપણ પ્રકારની હાલાકી ન પડે, સમયસર પીવા તેમજ સિંચાઇનું પાણી મળી રહે તે માટે નર્મદાના વધારાના પાણીને સૌરાષ્ટ્રના નાગરિકોને સૌની યોજના મારફતે આપવાનો નિર્ણય કરાયો છે.

આ વર્ષે ગુજરાતના કેટલાક વિસ્તારમાં ખૂબ જ સારો વરસાદ જોવા મળ્યો છે જ્યારે અન્ય કેટલાક વિસ્તારોમાં વરસાદ ખેંચાયો છે. ઉત્તર ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારમાં વરસાદ ખેંચાયો છે. જો ઉત્તર ગુજરાતના નાગરિકોની રજૂઆત આવશે તો તેમને પણ પરિસ્થિતિ અને પાણીના જથ્થાને ધ્યાનમાં રાખીને સુજલામ સુફલામ મારફતે પાણી આપવામાં આવશે. અન્ય એક મહત્ત્વપૂર્ણ નિર્ણય સંદર્ભે ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ ઉપરાંત સૌરાષ્ટ્રના કુલ ૧૧ જિલ્લાઓમાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો આપવામાં આવશે.

# અમદાવાદમાં નવા ટીપી રોડ ખોલવા ૮,૭૬૭ મકાન પર બુલડોઝર ફરવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૮,૭૬૭ મકાન પર ગમે ત્યારે બુલડોઝર ફરે તેવી આશંકા છે. આ અંગે મળતી વિગત મુજબ અમદાવાદમાં વસ્તી અને વાહનોની સંખ્યા વધતા નવા ટાઉન પ્લાનિંગ (ટીપી) રોડ ખોલવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ માટે મ્યુનિસિપલ કોર્પોરેશને એક સર્વે હાથ ધર્યો હતો, જેમાં બહાર આવ્યું છે કે ૮,૭૬૭ મકાન કપાતમાં આવે છે અને તેમને વૈકલ્પિક વ્યવસ્થા આપવી પડશે. આ સાથે જ શહેરમાં ૨૧ ભયજનક હોર્ડિંગ્સ તાત્કાલિક ઉતારી લેવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદ મનપાની એસ્ટેટ ઍન્ડ ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન પ્રીતિશ મહેતા અને ડેપ્યુટી ચેરમેન યોગેશ પટેલે જણાવ્યું હતું કે, શહેરમાં જો તમામ રોડ રસ્તા ખોલવા હોય તો તેના માટેનો એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જે અંતર્ગત રોડ કપાતમાં જતા મકાનો અંગેની વિગતો બહાર આવી છે. જેમાં ૮,૭૬૭ જેટલા મકાનો વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આપવાના થાય છે. વર્ષ ૨૦૧૦ પહેલાનું બાંધકામ હોય અને જો ૫૦ ટકાથી વધારે કપાતમાં જતું હોય તો તેવા લોકોને પૉલિસી અંતર્ગત વૈકલ્પિક વ્યવસ્થા તરીકે મકાન ફાળવવામાં આવે છે જેથી આટલા મકાનોની આગામી દિવસોમાં જરૂરિયાત ઊભી થઈ શકે તેમ છે.

શહેરના પૂર્વ વિસ્તારના કુબેરનગર, સરદારનગર, ઠક્કરબાપાનગર અને સરસપુર-રખિયાલમાં ૧૪૭૫ જેટલા મકાનો, જ્યારે પશ્ચિમ વિસ્તારમાં ગોતા, ચાંદલોડિયા, નવરંગપુરા, નારણપુરા વાસણા, પાલડી સહિતના વિસ્તારોમાં ૧૪૨૯ કપાતના વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આપવા પડે તેમ છે. રાણીપ વિસ્તારમાં આવતી આખી બકરા મંડીનો વિસ્તાર અને ગાયત્રી ગરનાળા પાસેના રોડ ઉપર ૨૮૦થી વધારે મકાનો કપાતમાં જાય છે.

તે ઉપરાંત અમદાવાદ શહેરમાં ખાનગી મિલકતો ઉપર જાહેરાતના હોર્ડિંગ અંગેનો એસવીએનઆઈટી દ્વારા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. સરકારી અને ખાનગી એમ બંને સંસ્થા પાસે કરાવેલા સર્વેમાં એસવીએનઆઈટીએ ૪૪ જેટલા સાઈટ ઉપર ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૧ જગ્યાએ હોર્ડિંગસ બહાર આવ્યું હતું, જેથી આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપી છે. ભયજનક હોવાને કારણે તેને ઉતારી લેવા જણાવવામાં આવ્યું છે.

# રાજ્યભરમાં ‘સંસ્કૃત સપ્તાહ’ની ઉજવણીનો પ્રારંભઃ ૧૨ ઑગસ્ટ સુધી ઉજવણી ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના મહાન વેદો તેમજ તમામ ભાષાઓની જનની એવી ‘સંસ્કૃત’ ભાષાને આજની યુવા પેઢી જાણે-સમજે અને જીવનમાં ઉતારે તેવા હેતુથી રાજ્યભરમાં આજથી તા. ૦૬ થી ૧૨ ઓગસ્ટ સુધી રાજ્ય સરકાર દ્વારા ‘સંસ્કૃત સપ્તાહ’ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા અમલી નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જ્ઞાન વિદ્યાર્થીઓમાં આવે તે માટે અભ્યાસક્રમમાં પણ સંસ્કૃત ભાષાને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે તેમ, ગાંધીનગર જિલ્લાના પેથાપુર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં શિક્ષણ પ્રધાન ડો. કુબેર ડિંડોરે જણાવ્યું હતું.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તેમજ સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ રાજ્યકક્ષાના ‘સંસ્કૃત સપ્તાહ મહોત્સવ’ અંતર્ગત ગાંધીનગરના પેથાપુર ખાતે ભવ્ય ‘વેદયાત્રા-સંસ્કૃત ગૌરવ યાત્રા’ને પૂજાવિધિ તેમજ મંત્રોચ્ચાર સાથે શિક્ષણ પ્રધાન ડો. કુબેર ડિંડોર તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

સંસ્કૃત ભાષાનું આપણે સૌને ગૌરવ હોવું જોઈએ તેમ જણાવી શિક્ષણ પ્રધાન ડો. ડિંડોરે કહ્યું હતું કે, દર વર્ષે ‘રક્ષાબંધન’ના દિવસે ગુજરાત સહિત ભારતભરમાં સંસ્કૃત દિવસ ઉજવવામાં આવે ત્યારે ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આજથી રાજ્યભરના તમામ જિલ્લામાં સંસ્કૃત સપ્તાહ ઉજવવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# ગુજરાતને યુરિયા ખાતરના ૮૦,૦૦૦ મેટ્રિક ટન વધારાના જથ્થાની ફાળવણીઃ ત્રણ અધિક કલેક્ટરને ૬-૬ જિલ્લાની જવાબદારી

અમદાવાદઃ ગુજરાતમાં ખરીફ સિઝનનું મોટાભાગનું વાવેતર થઈ ચુક્યું છે. કેટલીક જગ્યાએ યુરિયા ખાતર મળતું ન હોવાના અહેવાલો પ્રસારિત થયા હતા. રાજ્યને યુરિયા ખાતરનું ૮૦,૦૦૦ મે.ટન વધારાના જથ્થાની ફાળવણી કરી હતી. કૃષિ વિભાગ દ્વારા રાજ્યના રાસાયણિક ખાતરના સુચારૂ વિતરણ અને તેની સબસિડીના લાભનો સાચા હકદાર ખેડૂત સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા હેતુસર મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના આદેશથી ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

યુરિયા ખાતરના ઔદ્યોગિક ઉપયોગની શક્યતા, કાળા બજાર, કૃત્રિમ ખાધ ઊભી કરવી, સંગ્રહખોરી જેવા મુદ્દાઓ તથા દરેક ખેડૂતને ખાતર મળી રહે તે માટે રાજ્યના ત્રણ અધિક કલેક્ટરને ૬-૬ જિલ્લાની જવાબદારી સોપવામાં આવી હતી. તેમજ કૃષિ વિભાગની ૬૪ ટીમો આ કામે ફાળવવામાં આવી છે. તપાસના પ્રથમ દિવસે ૪ ઓગસ્ટના રોજ ૧૮ જિલ્લાઓમાં કુલ ૫૬ વિક્રેતાઓને ત્યાં ચકાસણી કરવામાં આવી અને વિવિધ જગ્યાએ તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં પ્રથમ દ્રષ્ટિએ કુલ ૧૭ જેટલી વિસંગતતાઓ સામે આવી જે માટે નોટિસ આપી છે અને ૪ ડીલરોના કિસ્સામાં યુરિયા શંકાસ્પદ અન્ય હેતુ માટે ડાયવર્જન જણાતા લાઈસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ, આ ટીમો દ્વારા ૫૦૨ જેટલા ખેડૂતો સાથે પરામર્શ કરી તેમાંથી ૭૧ ખેડૂતોએ મેળવેલા તમામ જથ્થાની વિગતવાર માહિતી મેળવાઈ છે.

આ બાબતે થયેલી વિસંગતતાઓ અંગે તાત્કાલિક નિવારક પગલાં લેવા અને નિયમ મુજબની કડક કાર્યવાહી કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા ખાતરના વિતરણમાં પારદર્શિતા અને ખેડૂત હિતમાં યોગ્ય વ્યવસ્થા અમલમાં રહે તે માટે કટિબદ્ધ છે.

# ગુજરાતના આઠ ઍરપોર્ટને ૧૦ વર્ષમાં ૮૧૮ કરોડનું નુકસાનઃ રાજકોટને સૌથી વધુ ૪૦૦ કરોડની ખોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ૮ એરપોર્ટની ખોટ છેલ્લાં ૧૦ વર્ષમાં ૮૧૭.૫૧ કરોડ નોંધાઈ છે. એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા સંચાલિત આ એરપોર્ટની ખોટ સરકાર માટે ચિંતાનો વિષય બની છે. ગુજરાતમાં આવેલા કેટલાક એરપોર્ટને નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬થી ૨૦૨૪-૨૫ એમ ૧૦ વર્ષ દરમિયાન કુલ કેટલી ખોટનો સામનો કરવો પડ્યો તેનું સરવૈયું રજૂ કરવામાં આવ્યું હતું. જે અનુસાર, આ સમયગાળામાં રાજકોટ એરપોર્ટને સૌથી વધુ રૂપિયા ૪૧૮.૬૭ કરોડ, ભાવનગર એરપોર્ટને રૂપિયા ૧૨૨.૦૮ કરોડની ખોટનો સામનો કરવો પડ્યો છે. રાજકોટમાં હિરાસર એરપોર્ટ શરૂ થયા બાદ એર ટ્રાફિક વધતાં હવે ખોટનું પ્રમાણ ઘટે તેવી સંભાવના છે.

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી એરપોર્ટની આ યાદીમાં વડોદરા અને સુરતનો સમાવેશ કરાયો નથી. અમદાવાદ એરપોર્ટનું ચાર વર્ષ અગાઉ ખાનગીકરણ થઈ ગયું છે. આ ઉપરાંત દેશમાં હાલ ૨૨ એરપોર્ટ કાર્યરત નહીં હોવાનું પણ જાણવા મળ્યું છે, અને આ યાદીમાં ગુજરાતમાંથી ડીસા પણ સામેલ છે.

# સમૃદ્ધ ગુજરાતના દરેક ખેડૂતના માથે ૫૬,૦૦૦નું દેવું, સંસદમાં સરકારની કબૂલાત

અમદાવાદઃ ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના દાવાથી વાસ્તવિકતા તદ્દન વિપરીત છે. ગુજરાતમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ દિવસે ને દિવસે કથળી રહી છે, જેના કારણે તેઓ દેવું કરવા મજબૂર બન્યાં છે.

લોકસભામાં રજૂ થયેલાં રિપોર્ટ મુજબ, ગુજરાતના પ્રત્યેક ખેડૂતના માથે રૂ. ૫૬,૫૬૮નું દેવું છે. ખેતી કરવી હવે મોંઘી બની રહી છે. કેમકે ખાતર, જંતુનાશક દવાથી માંડીને ખેતમજૂરીના ભાવ વધ્યાં છે. તેમાંય અથાગ મહેનત કર્યા પછી જો ભારે વરસાદ થાય, વાવાઝોડું આવે તો પાકને નુકસાન થાય છે. ખેડૂતોની માગ છતાંય હજુય પાક ઉત્પાદનના પુરતા ભાવ મળતાં નથી. લોકસભા ચૂંટણી વખતે ભાજપે ખેડૂતોની આવક બમણી કરવાનું વચન આપ્યું હતું. જો કે આવક તો બમણી થઈ નહીં પણ આર્થિક નુકસાન ન પોષાતાં ઘણાં ખેડૂતો હવે ખેતી છોડી અન્ય વ્યવસાય કરવા મજબૂર બન્યાં છે. ખેડૂતો ખેતીની જમીન વેચવા માંડ્યા છે. કેન્દ્ર સરકારના રિપોર્ટ મુજબ, ગુજરાતના પ્રત્યેક ખેડૂતના માથે રૂ. ૫૬,૦૦૦નું દેવું છે. રાજ્યના ૫૫ લાખ ખેડૂતોએ બેન્ક લોન લીધી છે. એટલું જ નહીં. રૂ. ૧૪ હજાર કરોડનું દેવું કર્યું છે.

# રક્ષાબંધનના દિવસે એએમટીએસ બસમાં અમદાવાદની મહિલાઓ મફત મુસાફરી કરી શકશે

અમદાવાદઃ ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનને ધ્યાનમાં રાખીને અમદાવાદ મહાનગર પાલિકાએ મહત્ત્વનો નિર્ણય કર્યો હતો. આ દિવસે બહેન સરળતાથી ભાઈના ઘરે પહોંચી શકે તે માટે એએમટીએસમાં મુસાફરી કરી શકશે.

રક્ષાબંધનના દિવસે શહેરની તમામ એએમટીએસની બસોમાં મહિલાઓ તદ્દન મફતમાં મુસાફરી કરી શકશે. વહેલી સવારથી શરૂ થતી બસથી લઈને મોડી રાતની છેલ્લી બસમાં મહિલાઓ મફત મુસાફર કરી શકશે. આ દિવસે મહિલાઓ પાસેથી ટિકિટ માટેનો કોઈ ચાર્જ લેવામાં નહીં આવે. આ વિશે વધુ વાત કરતાં એએમટીએસ કમિટીના ચેરમેન ધરમસિંહ દેસાઈએ જણાવ્યું હતું કે, રક્ષાબંધનના દિવસે શહેરની તમામ એએમટીએસ બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરી ઉપલબ્ધ રહેશે. સવારની પહેલી બસથી લઈને રાતની છેલ્લી બસ સુધી કોઈપણ રૂટ પરની બસમાં મહિલાઓ પાસેથી ટિકિટનો કોઈ ચાર્જ લેવામાં આવે નહીં. મહિલાઓની સુવિધાઓને ધ્યાનમાં રાખી રક્ષાબંધન પર વિનામૂલ્યે મુસાફરી કરી શકે તે માટે નિર્ણય કરવામાં આવ્યો છે.

# આરબીએલ બૅંક ₹ ૧૫૫૦ કરોડના સાયબર ફ્રોડ કેસમાં બૅંકના જ આઠ કર્મચારીઓની સીધી સંડોવણીનો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં આરબીએલ બૅંક સાથે રૂ ૧૫૫૦ કરોડના સાયબર ફ્રોડ મામલે ચોંકાવનારા ખુલાસા થયા હતા. આ કૌભાંડમાં બેન્કના જ ૮ કર્મચારીઓની સીધી સંડોવણી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. મુખ્ય આરોપી કીરાત જાદવાણીની બહેન વૃંદા પણ શંકાના દાયરામાં છે, જેના પગલે તેની સામે લુકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે. આ તપાસમાં પોલીસને આરબીએલ બેન્કના ભૂતપૂર્વ અને હાલના કર્મચારીઓની ભૂમિકા પર શંકા છે.

અત્રે સુરત શહેરમાંથી ૧૫૫૦ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડનો પર્દાફાશથી ખળભળાટ મચી ગયો છે. ઉધના પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરતાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. આ રેકેટમાં માત્ર સાયબર ગુનેગારો જ નહીં, પરંતુ બેંકના કર્મચારીઓ પણ સીધી રીતે સામેલ હોવાનું બહાર આવ્યું છે. આરબીએલ બેંકના આઠ કર્મચારીઓને આ મામલે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ કર્મચારીઓએ આરોપીઓને મદદ કરવા માટે નિયમોનું ઉલ્લંઘન કરીને ૧૬૪ જેટલાં બેંક એકાઉન્ટ ખોલી આપ્યાં હતાં. એટલું જ નહીં, સાયબર ફ્રોડના નાણાં ફ્રીઝ થઈ જાય ત્યારે પણ તેઓ આરોપીઓને તત્કાળ જાણ કરતા અને બાકીના નાણાં ઉપાડી લેવાની સલાહ આપતા હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

આ સમગ્ર રેકેટમાં આરબીએલ બેંકના કર્મચારીઓની ભૂમિકા માત્ર સહાયક પૂરતી સીમિત નહોતી, પરંતુ તેઓ ગુનેગારો સાથે સીધા ભાગીદાર બનીને કામ કરતા હતા. ઉધના પોલીસની તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે, આરોપી કીરાત જાદવાણી સહિતના લોકો ખોટાં દુકાનો અને શોપના સેટઅપ ઊભા કરતા હતા. આ ખોટા સેટઅપના આધારે બેંકના કર્મચારીઓ નિયમોને નેવે મૂકીને કરંટ બેંક એકાઉન્ટ ખોલી આપતા હતા. આ બેંક એકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા નાણાંને ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવતો હતો.

# ગુજરાત સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણયઃ ધોરણ નવ થી ૧૨ના અભ્યાસક્રમમાં ભગવદ્ ગીતાના સિદ્ધાંતોનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આ શૈક્ષણિક વર્ષથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૯ થી ૧૨ ના પ્રથમ ભાષાનાં પાઠ્યપુસ્તકોમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના મૂલ્ય આધારિત પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બોર્ડે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂના પ્રથમ ભાષાનાં પાઠ્યપુસ્તકોમાં બે-બે નવાં પ્રકરણો ઉમેર્યાં છે. આ પહેલનો હેતુ વિદ્યાર્થીઓમાં નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન કરવાનો છે, જે ભારતીય પરંપરાગત જ્ઞાન પ્રણાલી સાથે શિક્ષણને જોડવાના રાજ્યના પ્રયાસોનો એક ભાગ છે. ગુજરાત સરકારે કેન્દ્ર દ્વારા ઘડવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના માળખા હેઠળ આ નિર્ણય લીધો હતો. ગયા વર્ષે, સરકારે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ભગવદ્ ગીતા પર એક પૂરક પાઠ્યપુસ્તક પણ રજૂ કર્યું હતું. જેનો હેતુ વિદ્યાર્થીઓને ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર અને પ્રાચીન સંસ્કૃતિ સાથે જોડવાનો હતો. ધોરણ ૯-૧૨ માટેનાં પ્રકરણોનો ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં સીધો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂ માટે પૂરક પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી છે. હિન્દી પ્રથમ ભાષામાં, નવાં પ્રકરણોમાં ધોરણ ૯ માટે માર્ગદર્શિકા ગીતા અને ભગવદ્ ગીતા ઔર મૈં, ધોરણ ૧૦ માટે સમર્પણ અને દેશભક્તિ કી સંજીવની; ધોરણ ૧૧ માટે પરમ સુખ કે સોપાન અને ત્રિવેણી, ધોરણ ૧૨ માટે વૈશ્વિક ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ભારતીય શાશ્વત મૂલ્ય ઔર ગીતાનો સમાવેશ થાય છે. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, આ સામગ્રી, સુધારેલી પરીક્ષા બ્લુપ્રિન્ટ અને અભ્યાસક્રમ યોજના સાથે શાળાઓમાં વિતરિત કરવામાં આવી છે. ધોરણ ૯ થી ૧૨ ની નવી પરીક્ષા પદ્ધતિમાં હવે આ સામગ્રી પર આધારિત ૩-૪ ગુણના પ્રશ્નોનો સમાવેશ થશે.

અભ્યાસક્રમમાં અન્ય ફેરફારોમાં, કૃષિને પ્રોત્સાહન આપવા માટે ધોરણ ૧૨ ના અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક ખેતી પર એક પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ધોરણ ૯ થી ૧૨ માટેના કમ્પ્યુટર અભ્યાસક્રમમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. નવી પરીક્ષા પદ્ધતિ તાત્કાલિક લાગુ કરવામાં આવી રહી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા વિષયો સહિતના સંપૂર્ણ નવાં પાઠ્યપુસ્તકો આવતા શૈક્ષણિક વર્ષથી ધોરણ ૯ અને ૧૧મા રજૂ કરવામાં આવશે.

# ટ્રાફિક નિયમના ભંગ માટે સ્થાનિક પીઆઈ જવાબદારઃ પીઆઈ સામે પણ કાર્યવાહી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મોટાં શહેરોમાં બિસ્માર રસ્તાઓ અને ટ્રાફીકની સમસ્યાઓ, રખડતા ઢોર વગેરે મુદ્દે ગુજરાત હાઈ કોર્ટે અવારનવાર સરકારને તથા સ્થાનિક તંત્રને આપેલા આદેશ છતાં પણ કોઈ સુધારો ન થતા ફરી એક વખત હાઈ કોર્ટે સરકારનો ઉધડો લીધો હતો. હાઈ કોર્ટે તમામ માર્ગોની બિસ્માર હાલત અંગે સ્થાનિક કોર્પોરેશન સહિતના તંત્ર ઉપરાંત ટ્રાફિક સહિતના મુદ્દે પોલીસતંત્રને પણ આકરી તાકીદ કરી હતી. હવે ટ્રાફિક નિયમનો ભંગ થશે તો સ્થાનિક પીઆઈ જવાબદાર રહેશે. પીઆઈ સામે પણ કાર્યવાહી થશે. હાઈ કોર્ટ દ્વારા ગેરકાયદે પાર્કિંગ અને દબાણો સામે કાર્યવાહીનો આદેશ કરાયો હતો. બુધવારે કોર્ટ તિરસ્કારની અરજીમાં સુનાવણી કરતા સમયે હાઈ કોર્ટે સરકાર અને સ્થાનિક તંત્રને ફટકાર લગાવી હતી.

અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં તૂટેલા રસ્તા, ટ્રાફિકની સમસ્યા, ગેરકાયદેસર પાર્કિંગ અને રોંગ સાઇડ ડ્રાઇવિંગ બાબતે ચાલી રહેલા અદાલતના તિરસ્કારના કેસની સુનાવણીમાં ગુજરાત હાઇ કોર્ટના જસ્ટિસ એ. એસ. સુપેહિયાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, જ્યાં સુધી કસૂરવારો અને કાયદા તોડનારાઓ સામે લોખંડી હાથે કામ નહીં લો ત્યાં સુધી તેઓ સીધા થાય તેમ નથી.

તેમને કાયદાનું ભાન કરાવવું પડશે. કોર્ટમાં સૂચન કરાયું હતું કે, જો ટ્રાફિક પોલીસ દ્વારા પોતાની કામગીરી કરવામાં નિષ્ફળ રહે તો તેમને પણ જવાબદાર ઠેરવીને તેમની સામે કાર્યવાહી કરો. કોર્ટે કહ્યું હતું કે, અમદાવાદ ટ્રાફિક પોલીસ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટ્રાફિક સમસ્યા અને રોંગ સાઇડ ડ્રાઇવિંગને રોકવા બાબતની કામગીરી સાતત્યપૂર્ણ રીતે ચાલુ રાખવાની રહેશે.

# અમદાવાદના બોપલમાં ફાયરિંગઃ રાજકોટના શૅરબ્રોકરનું મોત

અમદાવાદઃ શહેરના બોપલ વિસ્તારમાં કબીર એન્કલેવ નજીક આવેલા શિવાલિક રો હાઉસમાં મંગળવારે રાત્રે ફાયરિંગની ઘટના બનતા ચકચાર મચી ગઈ હતી. મૂળ રાજકોટના અને છેલ્લાં ૧૩ વર્ષથી અમદાવાદમાં રહેતા કલ્પેશ ટુડિયાના લમણે ગોળી વાગતા મોત નિપજ્યું હતું. પોલીસ પણ આ ઘટના બાદ અચંબામાં પડી હતી અને આ ઘટના ફાયરિંગથી હત્યા છે કે આપઘાત તેની તપાસ હાથ ધરી હતી. પોલીસે કરેલી ઘટના સ્થળની તપાસમાં મૃતક કલ્પેશે લમણે ગોળી મારી આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું. આ સાથે જ તેના ખિસ્સામાંથી અંતિમ ચિઠ્ઠી પણ મળી આવી હતી. જોકે, ઘટના સ્થળેથી પોલીસને માત્ર ગોળીનું કેસ અને ગોળી મળી હતી પરંતુ હથિયાર ગાયબ હતું.

ત્યારબાદ તપાસ કરતા ફાયરિંગની ઘટના પહેલા બે વ્યક્તિઓ કલ્પેશને મળવા આવ્યા હતા અને એક કલાક બેઠક કરી હતી. બાદમાં બે લોકોને કલ્પેશ નીચે મૂકવા આવ્યો અને પોતે શર્ટ પહેરીને આવે છે એવું કહી ઉપરના માળે ગયો હતો. બાદમાં તેણે લમણે ગોળી મારી દીધી હતી. ફાયરિંગનો અવાજ થતા કલ્પેશની દીકરી ઉપરના માળે ગઈ હતી અને બાદમાં બેમાંથી એક વ્યક્તિ ઉપર ગયો હતો.

## સંસ્થા સમાચાર

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા શ્રાવણી ઉપાકર્મ વિધિ (જનોઈ બદલવાનો) કાર્યક્રમ શનિવાર, તા. ૯મી ઑગસ્ટ ૨૦૨૫ના દિને સવારે ૯.૦૦ કલાકે (ગ્રાઉન્ડ ફ્લોર) રહેશે.

જે પણ જનોઈ બદલવા માટે આ કાર્યક્રમમાં સહભાગી થવા ઈચ્છતા હોઈ તેમને સમયસર પધારવા વિનંતી છે.

## માર્ગ અકસ્માત બાદ મૃત્યુ પામેલા શિક્ષકના કુટુંબને ૮૭ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ ૨૦૧૫માં ટેમ્પો સાથે મોટરસાઇકલ અથડાયાના એક વર્ષ બાદ મૃત્યુ પામેલા પંચાવન વર્ષના શિક્ષકના પરિવારજનોને ૮૭.૧૩ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ થાણે મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આપ્યો છે.

સભ્ય આર. વી. મોહિતેની અધ્યક્ષતામાં ટ્રિબ્યુનલે સોમવારે આપેલા પોતાના આદેશમાં ટેમ્પોના ડ્રાઇવરને અકસ્માત માટે સંપૂર્ણપણે જવાબદાર ગણાવ્યો છે.

રાજકુમાર અસુદોમલ મોહનાની ૩૧ જુલાઇ, ૨૦૧૫ના રોજ ઉલ્હાસનગરમાં પોતાની મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો ત્યારે ટેમ્પો ડ્રાઇવરે અચાનક અને બેદરકારીથી ટેમ્પોનો દરવાજો ખોલ્યો હતો, જેને કારણે મોટરસાઇકલ તેની સાથે અથડાઇ હતી અને રાજકુમાર માર્ગ પર પડી ગયો હતો, એમ અરજદારોએ દાવો કર્યો હતો.

રાજકુમારને માથામાં ગંભીર ઇજા થઇ હતી અને કોમામાં સરી પડ્યા બાદ ૩૧ જુલાઇ, ૨૦૧૬ના રોજ તેનું મૃત્યુ થયું હતું.

રાજકુમારની પત્ની અને સંતાનોએ એક કરોડ રૂપિયાનું વળતર માગ્યું હતું, પણ બાદમાં અરજીમાં તેમનો દાવો એક લાખ રૂપિયા સુધી મર્યાદિત રાખ્યો હતો. ટ્રિબ્યુનલે સીસીટીવી કેમેરાના ફૂટેજ સહિત પુરાવાની તપાસ કરી હતી.

સીસીટીવીમાં જોવા મળે છે કે મોટરસાઇકલસવાર ખાડાથી બચવાનો પ્રયાસ કરતી વખતે ટેમ્પોની નજીક પહોંચી ગયો. એ સમયે ટેમ્પો ડ્રાઇવરે અચાનક દરવાજો ખોલ્યો અને મોટરસાઇકલસવાર નીચે પડી ગયો.

એમએસીટીએ જણાવ્યું હતું કે મોટરસાઇકલનો રજિસ્ટ્રેશન નંબર, ટેમ્પોનો રજિસ્ટ્રેશન નંબર અને ટૂ-વ્હીલર સવાર સીસીટીવીમાં દેખાતા નહોતા, પરંતુ રેકોર્ડ પરના પુરાવા સાબિત કરે છે કે મૃતક મોટરસાઇકલસવાર હતો. ટેમ્પો ડ્રાઇવરે ટ્રાફિક જોયા વિના દરવાજો ખોલ્યો, જેને કારણે દરવાજો મૃતક સાથે અથડાયો અને તે નીચે પડી ગયો.

## ૪૯,૦૦૦ લાડકી બહિણ મહિલાઓ સામે તપાસ

યવતમાળઃ ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પહેલા શરૂ કરાયેલી લાડકી બહિણ યોજનામાં હવે ધીમે ધીમે ઘણી ખામીઓ પ્રકાશમાં આવી રહી છે.

આ યોજનાનો માત્ર કરદાતા અને નોકરી કરતી બહેનો જ નહીં, પરંતુ તેમના પ્રિય ભાઈઓએ પણ ખોટી રીતે લાભ લીધો હોવાનું સામે આવ્યું છે. યવતમાળ જિલ્લામાં જે બહેનો વયના માપદંડોમાં ફિટ નથી થઇ રહી અને એક જ ઘરમાં બે કરતાં વધુ લાભાર્થીઓ હોય, તેવી બહેનોના ઘરની તપાસ શરૂ કરવામાં આવી છે. તેમ જ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમના બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી લાડકી બહિણ યોજનાનો ઘણા લોકોએ દુરુપયોગ કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હોવાથી હવે શંકાસ્પદ અરજીઓની તપાસ કરવામાં આવી રહી છે. આવા લાભાર્થીઓના ઘરની તપાસ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે, જેમાં જિલ્લાની ૪૯,૭૩૫ બહેનોનો સમાવેશ થાય છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ લાભાર્થીઓના ખાતા ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે.

નવમા પાનાનું ચાલુ

### શિંદેના

રહ્યું છે. હું પાર્ટીના તમામ સાંસદો સાથે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળ્યો. હું ગયા અઠવાડિયે દિલ્હી આવ્યો હતો, પણ ત્યારે હું ગૃહપ્રધાનને મળ્યો નહોતો. તેથી બુધવારે મેં ગૃહપ્રધાન અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી અને કેટલાક સાંસદોના મુદ્દાઓ હતા તેની પર ચર્ચા કરી. ઉપરાંત, અમિત શાહને સૌથી લાંબા સમય સુધી ગૃહપ્રધાન તરીકે સેવા આપવાનું સન્માન મળ્યું, અને હું તે માટે અમિત શાહને અભિનંદન આપું છું. તાજેતરમાં યોજાયેલી એનડીએની બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમિત શાહને અભિનંદન આપ્યા હતા. વડા પ્રધાન મોદીએ એમ પણ કહ્યું છે કે અમિત શાહે ખૂબ સારું કામ કર્યું છે અને તેમને ઘણું કરવાનું બાકી છે. તે સંદર્ભમાં હું અમિત શાહને મળ્યો અને તેમને અભિનંદન આપ્યા.

### પાંચ જ્યોતિર્લિંગના

નિવેદનમાં જણાવાયું છે. ઉચ્ચ-સ્તરીય સમિતિની બેઠકોમાં વિકાસ યોજનાઓને પહેલેથી જ મંજૂરી આપવામાં આવી છે, અને સરકારી ઠરાવો (જીઆર) પણ જારી કરવામાં આવ્યા છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ફેલાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોને માટે નોંધપાત્ર આર્થિક ફાળવણી કરવામાં આવી હોવાથી હવે તે માળખાકીય અને યાત્રાધામ-કેન્દ્રિત સુધારા માટે સજ્જ છે, એમ તેમાં જણાવાયું છે.

સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ વી. રાધા પુણે જિલ્લામાં ભીમાશંકર માટે નોડલ અધિકારી રહેશે અને શ્રી ક્ષેત્ર ઘૃષ્ણેશ્વર (છત્રપતિ સંભાજીનગર જિલ્લો) માટે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના એસીએસ બી. વેણુગોપાલ રેડ્ડી જવાબદાર રહેશે.

શ્રી ક્ષેત્ર ત્ર્યંબકેશ્વર (નાસિક)ની દેખરેખ નાણા વિભાગના અગ્ર સચિવ સૌરભ વિજય કરશે.

શ્રી ક્ષેત્ર ઔંઢા-નાગનાથ (હિંગોલી) અને પરળી-બૈજનાથ (બીડ)ની અનુક્રમે નાણા વિભાગના અગ્ર સચિવ રિચા બાગલા અને ઓબીસી કલ્યાણ વિભાગના સચિવ અપ્પાસાહેબ ધુળજ દેખરેખ રાખશે. ભીમાશંકર માટે ૧૧ મંજૂર થયેલા કામો માટે ૧૪૮.૩૭ કરોડ રૂપિયા, ઘૃષ્ણેશ્વર માટે ૧૫૬.૬૩ કરોડ રૂપિયા, ત્ર્યંબકેશ્વર માટે ૨૭૫ કરોડ રૂપિયા, પરલી બૈજનાથ માટે ૧૫.૨૧ કરોડ રૂપિયા અને ઔંઢા નાગનાથ માટે ૯૨ કામોને આવરી લેતા રૂ. ૨૮૬.૬૮ કરોડનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ જ્યોતિર્લિંગ સ્થળોએ યાત્રાધામ માળખાકીય સુવિધાઓ અને કનેક્ટિવિટી વધારવાનો છે.

### બેસ્ટના

હતી. બેસ્ટના જનરલ મેનેજર પદે બે-બે ઉચ્ચ અધિકારીઓના નામની જાહેરાતને વિરોધપક્ષે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચે આપસમાં રહેલી કડવાશને જવાબદાર ગણાવ્યું હતું.

મુંબઈગરાને ઈલેક્ટ્રિસીટીની સાથે જ ટ્રાન્સપોર્ટની સર્વિસ પૂરી પાડનારી બેસ્ટના જનરલ મેનેજર પદેથી એસવીઆર શ્રીનિવાસન ૩૧ જુલાઈ, ૨૦૨૫ના રિટાયર્ડ થયા હતા. એ બાદ બુધવારે જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ સંભાળનારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આશિષ શર્માના નામની જાહેરાત કરી હતી. તો અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન એકનાશ શિંદેએ મહારાષ્ટ્ર કેડરના ૨૦૦૬ની બેચના આઈએએસ અધિકારી અને પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીને બેસ્ટના જનરલ મેનેજરનો તાત્પૂરતો ચાર્જ સોંપવાની જાહેરાત કરી હતી. એક જ પોસ્ટ માટે સરકાર દ્વારા બે આઈએએસ ઓફિસરોના નામની જાહેરાત થવાને પગલે વિરોધ પક્ષ કૉંગ્રેસ દ્વારા રાજ્ય સરકારના આકરી ટીકા કરવામાં આવી હતી અને સોશિયલ મિડિયા પર એક પોસ્ટ, બે ઓર્ડર, બે લીડર, ડબલ એન્જિન સરકારની ડબલ ગેંગ વોર એવી ટીકા કરતી પોસ્ટ કરવામાં આવી હતી. શરદ પવારની એનસીપીએ પણ સરકાના આ નિર્ણયની ટીકા કરી હતી.

આશિષ શર્મા હાલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) મહારાષ્ટ્રના કમિશનર પદ પર છે. જ્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા બેસ્ટના જનરલ મેનેજર પદે કોઈની નિમણૂક કરવામાં આવતી નથી ત્યાં સુધી તેઓ બેસ્ટના જનરલ મેનેજર પદનો વધારાનો ચાર્જ સંભાળશે. ચાલુ વર્ષના શરૂઆતથી જ બેસ્ટમાં ફૂલ ટાઈમ માટે કોઈ જનરલ મેનેજરની નિમણૂક કરવામાં આવી નથી. ગયા વર્ષે ડિસેમ્બરમાં કુર્લા બસ એક્સિડન્ટ બાદ બેસ્ટના જનરલ મેનેજર પદ પરથી અનિલ ડિગીકરની ટ્રાન્સફર કરવામાં આવી હતી ત્યારથી બેસ્ટના જનરલ મેનેજર પદ પર ફૂલ ટાઈમ માટે કોઈની નિમણૂક કરવામાં આવી નથી. ડિગીકરની ટ્રાન્સફર બાદ શ્રીનિવાસનને ફેબ્રુઆરી, ૨૦૨૫માં બેસ્ટનો વધારાનો ચાર્જ જ સોંપવામાં આવ્યો હતો. લોકલ ટ્રેન બાદ બેસ્ટની બસ મુંબઈગરાની બીજી લાઈફલાઈન ગણાય છે પણ છેલ્લા અનેક વર્ષોથી બેસ્ટ ઉપક્રમ આર્થિક રીતે ફસડાઈ પડી છે. ભારે પ્રયાસ બાદ અને પાલિકા પાસેથી કરોડો રૂપિયાની આર્થિક મદદ મળ્યા બાદ પણ બેસ્ટ ઉપક્રમ સતત ખોટનો સામનો કરતું આવ્યું છે.

### સરકારની અરજીને

લાવવામાં આવે. ફડણવીસે તેમની એક્સ પરની પોસ્ટમાં એવી પણ માહિતી આપી હતી કે વનતારાની ટીમ નંદની નજીક હાથી માટે પુનર્વસન કેન્દ્ર બનાવવા માટે તૈયાર છે. છત્રપતિ સંભાજીનગરના વૈજાપુર ખાતે પત્રકારો સાથે વાત કરતા, ફડણવીસે કહ્યું હતું કે નંદની મઠની પરિઘ પર હાથી માટે એક બચાવ કેન્દ્ર બનાવવામાં આવશે, જેમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત હાઈ-પાવર્ડ સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવશે.'અમે વનતારાના લોકો સાથે પણ વાત કરી છે અને આ માટે તેમનો ટેકો માગ્યો છે. તેઓ તેના માટે સહમત થયા છે,' એમ મુખ્યપ્રધાને કહ્યું હતું. એક એનજીઓ દ્વારા વન વિભાગ અને સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત સમિતિને તેના બગડતા સ્વાસ્થ્ય અને માનસિક વેદના અંગે ફરિયાદ કર્યા બાદ, બોમ્બે હાઈકોર્ટે ૧૬મી જુલાઈના રોજ માધુરીને વનતારાના સુવિધા કેન્દ્રમાં પુનર્વસન કરવાનો આદેશ આપ્યો હતો. મઠે તેને પડકાર્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે ૨૫ જુલાઈએ હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો હતો.

### ટ્રાફિક કોન્સ્ટેબલની

ઇજાના પ્રકારને ધ્યાનમાં રાખીને આરોપી પ્રત્યે દયા દાખવવી આવશ્યક છે, એવી નોંધ એડિશનલ સેશન્સ જજ જી. ટી. પવારે કરી હતી. થાણેના કેડબરી સિગ્નલ પાસે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ દિલીપ પવાર સાથે ૧૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ મારપીટ કરવાના કેસમાં કોર્ટે રમેશ શિતકરને કસૂરવાર ઠેરવ્યો હતો. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૩ અને ૩૩૨ હેઠળ તેને દોષી જાહેર કરાયો હતો. જોકે કલમ ૫૦૪ હેઠળનો આરોપ પુરવાર થઈ શક્યો નહોતો.

### કોલ્હાપુર નજીક

નંદનીમાં માધુરી માટે પુનર્વસન કેન્દ્ર બનાવવાની પણ તૈયારી દર્શાવી હતી, એમ ફડણવીસે જણાવ્યું હતું.

બીજી તરફ એક નિવેદન જાહેર કરીને વનતારાએ જણાવ્યું હતું કે તેઓ નંદની વિસ્તારમાં માધુરી માટે સેટેલાઇટ પુનર્વસન કેન્દ્ર સ્થાપવા માટે જૈન મઠ અને રાજ્ય સરકાર સાથે ગાઢ સંકલનમાં કામ કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

'પ્રસ્તાવિત સુવિધા સ્થાપિત કરવા માટે પ્રાણી કલ્યાણ માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવશે, ઉચ્ચ સ્તરીય સમિતિના નિષ્ણાતો સાથે પરામર્શ અને મઠની સર્વસંમતિ પછી, જ્યારે હાથીની સંભાળમાં આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સંરેખિત હશે,' એમ વનતારાએ જણાવ્યું હતું.

'જૈન મઠ અને કોલ્હાપુરના લોકો માટે માધુરી જે ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે તે બાબતને વનતારા સ્વીકારે છે. દાયકાઓથી, માધુરી આધ્યાત્મિક પ્રથાઓ અને સ્થાનિક લોકોના જીવનનો એક અભિન્ન ભાગ રહી છે,' એમ પણ તેમાં કહેવામાં આવ્યું છે.

માધુરીને નંદનીથી સ્થાનાંતરિત કરવાનો નિર્ણય ન્યાયિક સત્તા હેઠળ લેવામાં આવ્યો હતો અને વનતારાની ભૂમિકા ફક્ત એક સ્વતંત્ર બચાવ અને પુનર્વસન કેન્દ્ર તરીકે સંભાળ, પશુચિકિત્સા સહાય અને રહેઠાણ પૂરું પાડવાની હતી, એવી સ્પષ્ટતા વનતારા દ્વારા કરવામાં આવી છે.

'કોર્ટની મંજૂરીને આધીન, વનતારા માધુરી સલામત અને ગૌરવપૂર્ણ પાછા ફરવા માટે સંપૂર્ણ તકનીકી અને પશુચિકિત્સા સહાય પૂરી પાડશે,' એમ પણ નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

નંદની ખાતેના પ્રસ્તાવિત કેન્દ્રમાં સાંધા અને સ્નાયુઓની રાહત માટે એક વિશિષ્ટ હાઇડ્રોથેરાપી તળાવ, સ્વિમિંગ અને કુદરતી હિલચાલ માટે બીજો મોટો જળાશય, શારીરિક પુનર્વસન માટે લેસર થેરપી અને સારવાર ખંડ અને આરામ અને રક્ષણ માટે આવરી લેવામાં આવેલ રાત્રિ આશ્રયનો સમાવેશ કરવામાં આવશે એમ પણ તેમણે જણાવ્યું હતું.

'જો અમારી સંડોવણી, ફક્ત કોર્ટના નિર્દેશો હેઠળ કરવામાં આવી હોવા છતાં, જૈન સમુદાય અથવા કોલ્હાપુરના લોકોને કોઈ તકલીફ પહોંચાડી હોય, તો અમે અમારા દિલથી દિલગીરી વ્યક્ત કરીએ છીએ,' એમ પણ વનતારાએ આ નિવેદનમાં જણાવ્યું છે.

### સંતોના એકતાના

ધાર્મિક કાર્યક્રમને સંબોધતા ફડણવીસે સૂચવ્યું હતું કે સોશિયલ એન્જિનિયરિંગે મહાયુતિના ભવ્ય વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં ૨૮૮માંથી ૧૩૨ બેઠકો જીતી હતી. સાથી પક્ષો શિવસેના અને એનસીપીએ અનુક્રમે ૫૭ અને ૪૧ બેઠકો પર વિજય મેળવ્યો હતો. લોકસભાની ચૂંટણી (મે ૨૦૨૪માં આયોજિત)માં રાષ્ટ્રવાદી વિચારધારાને હરાવવા માટે ગુપ્ત હેતુ સાથે (કિટલાક પક્ષો દ્વારા) વોટ જેહાદનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે મતોનું ધ્રુવીકરણ થયું હતું, એમ પણ ફડણવીસે કહ્યું હતું. લોકસભાની ચૂંટણીમાં મહા વિકાસ આઘાડી (એમવીએ) દ્વારા ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિને પરાજયનો સામનો કરવો પડ્યો હતો, જેમાં વિપક્ષી જૂથે ૪૮માંથી ૩૦ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

એવા શબ્દોમાં ફડણવીસે વિધાનસભા ચૂંટણી દરમિયાન મહાયુતિ દ્વારા અપનાવવામાં આવેલી રણનીતિનો ખુલાસો કર્યો હતો. અમે આધ્યાત્મિક નેતાઓ તરફ વળ્યા અને તેમને કહ્યું કે 'વોટ જેહાદ'એ આપણી સંસ્કૃતિ પર હુમલો છે. જો તેને નિયંત્રણમાં રાખવામાં નહીં આવે તો, હિન્દુ મંદિરો પર હુમલા ફરી શરૂ થઈ શકે છે. શક્તિ કાયમી નથી, પરંતુ દેશ અને ધર્મ અમર રહેવા જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે, સંકટને સમજીને, સંતો અને આધ્યાત્મિક નેતાઓએ સામાન્ય લોકોને તેમની જાતિને ધ્યાનમાં લીધા વિના એક થવાની અપીલ કરી હતી.

'સંતોની આ શક્તિએ અમને (ચૂંટણીના) મેદાનમાં મદદ કરી, (મહાયુતિ માટે) મોટી જીત સુનિશ્ચિત કરી,' એમ તેમણે જણાવ્યું હતું. ફડણવીસે શનિ-દેવગાંવ વિસ્તારમાં બેરેજ બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ગોદાવરી નદી પર સરલા બેટ (ટાપુ) વિકસાવવામાં આવશે અને ટૂંક સમયમાં રૂ. ૧૦૯ કરોડની યોજના મંજૂર કરવામાં આવશે.

## જૈન મરણ

**સુરત દશા ઓશવાળ જૈન**

સુરત નિવાસી હાલ મુંબઈ સાયન, સ્વ. રતનચંદ ખીમચંદ દલાલના સુપુત્ર હરિશભાઈ (ઉં. વ. ૮૬) મંગળવાર, તા. ૫-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વિણાબેનના પતિ. દેવાંગ, ચીરાગ, અજયના પિતા. પારૂલ તથા હિનાના સસરા. સ્વ. સરોજબેન, સ્વ. કિશોરીબેન, પુષ્પાબેન, પૂર્ણિમાબેન, સ્વ. પંકજભાઈના ભાઈ. સ્વ. મનસુખલાલ હરિચંદ શાહ ભાવનગરવાળાના જમાઈ. તેઓની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૭-૮-૨૫ના ૫ થી ૭. રાખેલ છે. પર્લ બેન્કવેટ, ૨જે માળે, શેઠ રામજી અંદરજીની વાડી, ૩૦૯, ચંદાવરકર રોડ, માટુંગા (સેન્ટ્રલ)-૪૦૦૦૧૯.

**દેરાવાસી જૈન**

મહુડી નિવાસી કાંતિભાઈ કેશવલાલ મહેતા (ઉં. વ. ૮૮) હાલ અંધેરી તા. ૬-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઈલાબેનના પતિ. પ્રણવ, તેજલના પિતા. તોરલ, યોગેશના સસરા. હિમાની-કરણના દાદા. અનુશ્રી, જ્ઞાનના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

બાબુલાલ ચંદુલાલ શાહ (ઉં.વ. ૭૯) તા. ૬-૮-૨૫ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે સરોજબેનના પતિ. સંજય તથા અલ્પાબેનના પિતાશ્રી. રાખીબેન અને ધર્મેશકુમારના સસરા. રોહિલ, શિબા, ક્રિષ્ણાના દાદાજી. આજોલવાળા સ્વ. બાબુલાલ દલસુખભાઈના જમાઈ. સ્વ. ભાનુબેન, રમેશભાઈ, મહેન્દ્ર અને સ્વ. કંચનબેનના ભાઈ અને મુકેશભાઈ તથા વિપુલભાઈના કાકા. તેઓની પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૫, ગુરુવારના ૨.૩૦થી ૪.૦૦. સ્થળઃ ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નંદરબાર નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. હંસાબેન શાહ (ઉં. વ. ૯૬) તે સ્વ. ખીમચંદ જયચંદ શાહના પત્ની. સ્વ. નંદલાલ જગજીવનભાઈ તુરખીયાના દીકરી. તે સ્વ. પારૂલ, રૂપાબેન ભરતભાઈ પરીખ, સોનલ ધર્મેશ મિઠાણી, મીનલ, તોરલ આશીત કોઠારીના માતુશ્રી. પાર્થ-પૂજા, નિરાલી-નિરજ, આશ્ના-એશાના નાની. ક્રિયા અને ક્રિશની પરનાની બુધવાર, ૬-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, ૭-૮-૨૫ના ૪ થી ૫.૩૦. ઠે. પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈ.).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના ગોમાબેન કરશન કારીઆ (ઉં.વ. ૯૫) સોમવાર, તા. ૪-૮-૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. મેરઈબેન રાઘવજીના પુત્રવધૂ. જવેર, લાલજી, કાન્તીલાલ, વિશનજી, મણી, ભાનુ, નાનજી, ધનજી, મંજુના માતુશ્રી. બાબુલાલ, નાગશી, સ્વ. લખમશી, જયંતીલાલ, પાનુબેન, જવેર, મંજુલા, નિર્મળા, મીનાના સાસુ. અમીત, અશ્વીન, વૈશાલી, સચીન, કૌશિક, અંકિત, અંકુશ, બીના, હિલોની, ચિરાગ, દર્શીલ, જય, વૃષાંકી, આયુષી, વંશી, મોક્ષના દાદી. રાયચંદ, ચંપક, પ્રેમિલા, વીણા, ચંદ્રિકા, ગેલેશ, પરેશ, ભારતી, વૈશાલી, વિનીત, પ્રિતી, તૃપ્તી, મોનીક, કૃષીના નાનીમાં. તેજાબેન તથા ભચીબેન માલશી ગડાની દીકરી. પ્રાર્થના ગુરુવાર, તા. ૭-૮-૨૫, સમય. સવારે ૯.૪૫ થી ૧૧.૪૫ કલાકે, યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ગીરીજા ટાવર-એ, ગોખલે રોડ, નૌપાડા, થાણા-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ સામખીયારીના લખમશી ગોકળ રીટા (ઉં.વ. ૬૭) તા. ૫-૮-૨૫ મંગળવારના અરિહંત શરણ પામેલ છે. ગં.સ્વ. ધનીબેન ગોકળના સુપુત્ર. ભાનુબેનના પતિ. સ્વ. રશ્મિ, નમ્રતા, કેજલ, શ્રેણીકના સસરા. પરીથીના દાદા. હેત, દીવીત અર્નવના નાના. ભચાઉ સ્વ. ગોમાબેન કરશન કારીયાના જમાઈ. પ્રાર્થના ગુરુવાર, તા. ૭-૮-૨૫ સમય ૯.૪૫ થી ૧૧.૪૫ સ્થળ. યોગીસભાગૃહ, દાદર-ઈસ્ટ, નિવાસ સ્થાન. ૫૦૧, કોનાર્ક ટાવર, ઘંટાળી મંદિર રોડ, થાણા-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના અ.સૌ. નાનુબેન ચાંપશી હોથીભાઈ ગાલા (ઉં.વ. ૮૧) દેવલાલી મધ્યે અવસાન પામેલ છે. તે સ્વ. હાંસઈબેન હોથીના પુત્રવધૂ. ચાંપશીભાઈના ધર્મપત્ની. પ્રવિણના માતુશ્રી. મિનાક્ષીના સાસુ. તીર્થ, એક્તા, પરીતાના દાદી. લાકડીયાના ગૌરીબેન પ્રેમજી શામજી છેડાના દીકરી. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૭-૮-૨૫ના ગુરુવાર સમય બપોરે ૩ થી ૫, સ્થળ. યોગીસભાગૃહ-દાદર-ઈસ્ટ, નિવાસ સ્થાન. ૧૧૦૧, બિલ્ડાર્ચ ઓલીવ, શીવજીપાર્ક રોડ નં.૩, દાદર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ સામખીયારીના નોંઘાભાઈ નારણ વાલજી ગડા (ઉં.વ. ૯૦) તા. ૨-૮-૨૫ શનિવારના દેશમાં અવસાન પામેલ છે. કરમાબેન નારણના સુપુત્ર. સ્વ. ખીમઈબેન, ગં.સ્વ. પ્રેમીલાબેનના પતિ. જવેર, સ્વ. ભાનુ, વિનોદ, લખમશી, રમણીક, અમીતના પિતાશ્રી. માવજી, ઉષા, લક્ષ્મી, નિકીતા, વર્ષાના સસરા. જિનાંગ, જિનાંશ, મૈત્રી, દર્શન, તીર્થ, વેદ, હેનીસના દાદા. આશીષ, પ્રતિકના નાના. ભૂમિકા, નિકિતાના સસરા. થોરીયારીના સ્વ. ખીમઈબેન રતનશી નંદુના જમાઈ. નિવાસ સ્થાન. રૂમ નં.૫, જીવનજી પેસ્ટનજી ચાલ, નિયર શ્રીનાથ ટાવર, જકરીયા રોડ, સોમવારી બજાર, મલાડ-વેસ્ટ.

**વેરાવળ વિશા ઓસવાળ જૈન**

ગામ વેરાવળ હાલ દહિસર, સ્વ. ફુલકોરબેન મોતીચંદ હંસરાજના પુત્ર મુનીકાંત (ઉં.વ. ૮૫) તા. ૫/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રતિલાલ, સ્વ. વિનોદભાઈ, સ્વ. હીરાબેન રતિલાલ શાહના નાનાભાઈ. સ્વ. વિનીતાબેન, સ્વ. કુસુમબેનના દિયર. આશા અશ્વિનભાઇ, પ્રજ્ઞા પંકજભાઈ, દીપ્તિ વિપુલકુમાર સામાણીના કાકા. સુશીલા કુમુદચંદ્ર, ચંદ્રિકા, મનીષા મહેન્દ્રભાઈ, કલ્પના રાજેન્દ્ર ભાવના ભરત આશા ધનપાલના મામા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માકપટ કચ્છ ગુર્જર જૈન**

ગામ કચ્છ મંજલ (મંગવાણા) હાલે ગોરેગામ, સ્વ. માણેકબેન આશકરણ કુંવરજી શાહના સુપુત્ર પુનમભાઈ (વિરચંદભાઈ) (ઉં.વ. ૯૫) તા. ૫-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રૂક્ષ્મણીબેન શાહના પતિ. તરૂલતાબેન, નરેશ, જશવંત, વિણાબેન, મધુકાંત, રક્ષાબેનના પિતાશ્રી. ઉષાબેન, પલ્લવીબેન, સુરભીબેન, સ્વ. નરેન્દ્રભાઈ, દિલીપભાઈ, સ્વ. ભરતભાઈના સસરાજી. ગોપાલજીભાઈ, સ્વ. તારાચંદભાઇ, સ્વ. અમરચંદભાઈ, સ્વ. ચાંપશીભાઈ, વાડીલાલભાઈના ભાઈ. ગામ ગઢશીશા સ્વ. લક્ષ્મીબેન પોપટલાલ મોરારજી મહેતાના જમાઈ. બંને પક્ષની પિતૃવંદના તા. ૭/૮/૨૫ના ૨:૩૦ થી ૪:૩૦. અર્થ બેન્કવેટ હોલ, ગજાનન કોલોની રોડ, રેલવે સ્ટેશનની બાજુમાં, જવાહરનગર, ગોરેગામ વેસ્ટ.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ મીરા રોડ, સ્વ. લીલાવતીબેન હરિલાલ શાહના સુપુત્ર ચંદ્રકાંતભાઈ (સુરેશભાઈ) (ઉં.વ. ૮૦) તે ભાવનાબેનના પતિ. હેતલબેનના પિતાશ્રી. હેમાંગભાઈ શશીકાંતભાઈ શેઠના સસરા. સ્વ. નવીનભાઈ, અનિલભાઈ, સ્વ. રજનીકાંતભાઈ, સ્વ. હસમુખભાઈ, સતીષભાઈ, સ્વ. દિલીપભાઈ તથા સ્વ. પ્રતિભાબેન કાંતિલાલ શાહના ભાઈ. સ્વ. મંજુલાબેન વનરાવનદાસ અજમેરાના જમાઈ. સ્વ. રમાબેન, રજનીભાઈ, સુધીરભાઈના બનેવી. હિયા શેઠના નાના. તા. ૫-૮-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જોડિયા નિવાસી હાલ ઘાટકોપર, કિરણબેન અને સ્વ. ઉપેન્દ્રભાઈ મહેતાના પુત્ર આશિષ (ઉં.વ. ૪૯) તા. ૨૬-૭-૨૫, શનિવારના રોજ યુ.એસ.એ.માં અરીહંતશરણ પામેલ છે. તે દર્શનાના પતિ. આરવના પિતા. શિલ્પાના ભાઈ. સોનાલી અમિત મહેતાના દીયર. સિમરનના મામા. આર્યનના કાકા. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૮-૮-૨૫, સાંજે ૪:૩૦ થી ૫:૩૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હિંગવાળા લેન, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના શ્રી પ્રેમજી વીરા (ઉં.વ. ૮૯) તા. ૪-૮-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સોનબાઇ કરમશી પાસુ વીરાના પુત્ર. ખેતબાઈના પતિ. પ્રવિણ, દમયંતી, પ્રવિણા, ડો. સ્મિતાના પિતાજી. વિશનજી, હેમચંદ, આસબાઇ ખેરાજ, પુરબાઈ મેઘજી, કાંડાગરાના લક્ષ્મીબેન મોહનલાલના ભાઈ. શેરડીના ડાહીબાઇ દેવશી મુરજી ગોસરના જમાઇ. પ્રા. શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, ૧લે માળે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.). ટા. ૪ થી ૫.૩૦. ઠે. પ્રેમજી કરમશી વીરા, ૧૭૦૩, વોલેસ એપાર્ટમેન્ટ, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (વે).

વાંઢના મગનલાલ (મણિલાલ) નંદુ (ઉં.વ. ૭૮) ૫-૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. પાનબાઇ ગણશીના પુત્ર. મણીબેનના પતિ. નીતિન, કેતનના પિતાશ્રી. મૂલચંદ, લક્ષ્મીચંદના ભાઈ. ના.તુંબડી ચંચળબેન હીરજી હંસરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : કેતન નંદુ, સી-૩૦૫, ગાયત્રી સતસંઘ, ઠાકુર વિલેજ, કાંદિવલી (ઈ).

ભચાઉના અ.સૌ. નાનુબેન ચાંપશી હોથીભાઇ ગાલા (ઉં.વ. ૮૧) ૩૧-૭ના દેવલાલી મધ્યે અવસાન પામેલ છે. તે સ્વ. હાંસઇબેન હોથીભાઇ ગાલાના પુત્રવધૂ. ચાંપશીભાઇના પત્ની. પ્રવિણના માતુશ્રી. લાકડીયા ગૌરીબેન પ્રેમજી શામજી છેડાના દિકરી. ડો. મણીલાલ, સ્વ. ધીરજલાલ, સ્વ. પાર્વતી, માનુબેન, મંજુલાના બેન. પ્રાર્થનાઃ યોગી સભાગૃહ, દાદર (ઇ.) બપોરે ૩ થી ૫. ઠે. પ્રવિણ ગાલા, ૧૧૦૧, બીલ્ડાર્ચ ઓલીવ, શિવજી પાર્ક રોડ નં. ૩, દાદર (ઇ.).

છસરા (ડોંબિવલી)ના પોપટલાલ ગાલા (ઉં.વ. ૭૫) તા. ૨/૮/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઈ કુંવરજી ગેલા ગાલાના સુપુત્ર. અમૃતબેનના પતિ. ભારતી, ભાવેશના પિતા. લાલજી, સ્વ. શાંતી, સ્વ. ઉત્તમ, છસરા સ્વ. સાકરબાઈ નાનજી, રતાડીયા ગ. સ્વ. સુંદરબેન ગાંગજી, લુણી સ્વ. લક્ષ્મીબેન વસનજી, બેરાજા સ્વ. રતનબેન ખેતશી, ગુંદાલા ચંચળબેન બાબુભાઈના ભાઈ. રતાડીયા ગ. લક્ષ્મીબેન ખીમજી ધનજી સાવલાના જમાઈ. ત્વચા દાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસઃ ધીરજ મગનલાલ છેડા, ૧૦૧, એ વિંગ, અવંતિકા સોસાયટી, રામજી રોડ, મઢવી બંગલાની બાજુમાં, ડોંબિવલી (ઈસ્ટ).

કાંડાગરા હાલે અમદાવાદના કુરપાર મોણશી દેઢિયા (ઉં.વ. ૬૬) અમદાવાદ મુકામે તા. ૪-૮-૨૫ના અરિહંત શરણ થયેલ છે. તેજબાઈ મોણશી વીરજી દેઢિયાના પુત્ર. વર્ષાના પતિ. રીંકી, શિખાના પિતાશ્રી. મણીલાલ, રાયશી, દિનેશ, ગીતા મહેશ છેડાના ભાઈ. ના. આંસબીયા કુંવરજી હંસરાજ ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રીંકી મિસ્ત્રી, બી-૧૧૦૩, સમન્વય સ્કાય વ્યુ, ગણેશ પાર્ટી હોલની સામે, ત્રાગડ રોડ, અમદાવાદ ૩૮૨૪૭૦.

વડાલાના અરુણા ગાલા (ઉં.વ. ૭૩) ૪-૮ના અવસાન પામ્યા છે. નાનબાઇ સુરજી વેલજીના પુત્રવધૂ. જેઠાલાલના ધર્મપત્ની. પ્રીતી, સ્મિતા, ધવલના માતા. મણીબાઇ નરશીના પુત્રી. નેહા નરેન્દ્ર, કપાયા મંજુલા પ્રેમજી, મુંદ્રા જયા ચુનીલાલ, દેશલપુર રેખા રતીલાલ, ભુજપુર પ્રતિભા ગુણવંત, ડેપા કાંતા કિશોર, કોડાય લતા વિનોદ, રાયણ નયના ભરતના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રેમાંગ રતીલાલ, ૨૯-૩૦૩, સંસ્કૃતિ-૨, ઠાકુર કોમ્પલેક્ષ, કાંદીવલી (ઇ.).

રાયણના અમૃતબેન છેડા (ઉં.વ. ૮૩) ૪/૮ના અવસાન પામેલ છે. કુંવરબાઇ, હીરબાઇ ખેતશી તેજશીના પુત્રવધૂ. ખીમજીના પત્ની. સુનીલ, કેતન, મનિષા, હેમંતના માતા. ભારાપુર નેણબાઇ જેઠાલાલ સાવલાના પુત્રી. તલકશી, રતિલાલ, જાદવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કેતન છેડા ૭૦૧, ઇન્દ્રધનુષ, નોર્થ એવેન્યુ, સાંતાક્રુઝ - (વે.).

## હિન્દુ મરણ

ગં.સ્વ. કાંતાબેન ધામેચાના પતિ. સ્વ. વલ્લભદાસ ઘેલાભાઈ ધામેચાના સુપુત્ર. સ્વ. કિશોરભાઈ ધામેચા, સ્વ. દિનેશભાઈ ધામેચા, સુભાષભાઈ ધામેચા, દીપકભાઈ ધામેચા, ઉષાબેન મનસુખલાલ તન્નાના મોટા ભાઈ. પંકજભાઈ ધામેચા અને કૈલાશભાઈ ધામેચાના પિતાશ્રી. શિવાનીબેન યશકુમાર ખખ્ખર, નૈમિષભાઈ પંકજભાઈ ધામેચા, ઉદ્દીપભાઈ કૈલાશભાઈ ધામેચા, ઉર્વીબેન કૈલાશભાઈ ધામેચાના દાદા. તે સ્વ. હરસુખભાઈ વલ્લભદાસ ધામેચા બાટવાવાળા, હાલ રાજકોટ, તા. ૫-૮-૨૫ મંગળવારના અવસાન થયેલ છે. ઉઠમણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૭-૮-૨૫ ગુરુવારના ૪.૩૦થી ૫.૩૦. પ્રગટેશ્વર મહાદેવ મંદિર, ભીમનગરની આગળ, સુવર્ણ ભૂમિની સામે.

ગામ સુંદરણા, હાલ જોગેશ્વરી (ઈસ્ટ), ગીતા ફતેસિંગ વાઘેલા (ઉં. વ. ૪૨) તા. ૨૮-૭-૨૫, સોમવારે શ્રીચરણ પામેલ છે. તેમની દીકરી જાનુ. દીકરા કાર્તિક. પતિ ફતેસિંગ. જેઠ રાજેશ, કમલેશ. જેઠાણી કાન્તા, દક્ષા. દિયર મંગેશ. કાકા જશવંત. પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૫ને ગુરુવારે ૪ થી ૭. જોગેશ્વરી નિવાસસ્થાને રાખેલ છે. અબ્દુલ રહેમાન ચાલ, પીપી ડાઈસ કમ્પાઉન્ડ, નટવર નગર રોડ નં.-૫, રૂમ નં.-૨, જોગેશ્વરી ઈસ્ટ. સાંઈબાબા મંદિરની સામે.

**કપોળ**

ભાવનગરવાળા હાલ બોરિવલી, સ્વ. સ્નેહલ (બકુલ) રણછોડદાસ (બાલાભાઈ) મોદીના પત્ની ગં.સ્વ. ભાવના (કલ્પના) (ઉં. વ. ૬૬) તે મંગળવાર, તા. ૫-૮-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે વિકુ અને નૈનીના માતા. તે યશકુમાર ઠાકરના સાસુ. પિયર પક્ષે સ્વ. ધનલક્ષ્મીબેન રમણલાલ શાહ નવાપુરવાળાના દીકરી. તે સતિષભાઈ, રાજીવભાઈ, જનકભાઈ અને સંજીવભાઈના બેન. તે સ્વ. સૂરેશભાઈ, સ્વ. જશવંતભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, ભુપેન્દ્રભાઈ ઠાકોરદાસ શાહના ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ઉદય દેવકરણ વૈદ્યના ધર્મપત્ની અ.સૌ. ઈંદીરા (ઉં. વ. ૮૦) તે યોગેન, અંજની, નીશાના માતુશ્રી. સ્વ. વ્રજલાલ મણીલાલ મલકાણની સુપુત્રી. દિપક હરિદાસ ગાદીયાના વેવાણ. વંદના, જયેશ, અરવિંદ વખારિયા અને જયદીપ છોટાલાલ ગગલાણીના સાસુ. જયદેવ અને સુવ્રતના દાદી. જયનિક અને દિશાના નાની તા. ૫-૮-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૫ થી ૭, તા. ૭-૮-૨૫, ગુરુવારના પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર-વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ ભુજ, હાલે મુલુન્ડ મુંબઈ વાળા, સ્વ. દિલીપ જેઠાલાલ ચતવાણીના ધર્મપત્ની હેમલતા (ઉં. વ. ૬૫) તા. ૪-૮-૨૫, સોમવારના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. કેસરબેન જેઠાલાલ લાલજીના પુત્રવધૂ. દમયંતીબેન ચંદ્રકાન્તના દેરાણી. સ્વ. વિજયાબેન પ્રાગજી હરજી પવાણી ગામ કેરાવાળાના મોટી સુપુત્રી. સ્વ. હરેશ, સ્વ. દિનેશ, જયંતિ, સ્વ. સુરેશ, નીતિન, વિનોદ તથા વનીતા અશોક માણેકના બહેન. સ્વ. ધીરુભાઈ અને સ્વ. વિનોદભાઈના ભાઈના પત્ની. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૫ને ગુરુવારના ૫ થી ૭. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુન્ડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

આંબારેલીવાળા અ. સૌ. રંજનબેન મનસુખલાલ મોહનલાલ મહેતા (ઉં. વ. ૭૧) (હાલ મુલુંડ) ૬-૮-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે પરાગ, મનીષ તથા પૂનમના માતુશ્રી. અ. સૌ. શીતલ, અ. સૌ. જીગીશા તથા વિકેશકુમાર દોશીના સાસુ. જગજીવનદાસ હરિલાલ શાહના પુત્રી. સ્વ. દમનભાઈ, સ્વ. નવનીતભાઈ, ગમનભાઈ તથા ગં. સ્વ. વિદ્યાબેન કાલિદાસ શાહ તથા અ. સૌ. મધુબેન ગુણવંતરાય ચિતલીયાના ભાભી. પ્રાર્થનાસભા ૮-૮-૨૫ને શુક્રવારે ૫ થી ૭. ઠે. ગોલ્ડન સેલિબ્રેશન બેન્કવેટ હોલ, ફલાઈંગ કલર્સ બિલ્ડીંગ, ૧લે માળે, ડમ્પીંગ રોડ, ચેકનાકા બસ ડેપોની નજીક, મુલુંડ.

**દશા સોરઠીયા વણિક**

રાજકોટ નિવાસી હાલ વિલે પાર્લે અ. સૌ. અરુણા નિલેશ પારેખ (ઉં. વ. ૭૪) ૫-૮-૨૫ મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે લાભુબેન રમણીકલાલ પારેખના પુત્રવધૂ. ચિરાગ, વિશાલના મમ્મી. તૃપ્તિ, ડિમ્પલના સાસુ. વિલાસબેન દ્વારકાદાસ શાહના પુત્રી. પારુલ, પ્રજ્ઞા, હેમા, ભૈરવી અને વૈશાલીના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ ખોભંડી હાલે મુલુન્ડ અ. સૌ. દમયંતીબેન અને ગં. સ્વ. સરોજબેન મથુરાદાસ કોટકના પુત્ર ગોવિંદભાઈ કોટક (ઉં. વ. ૬૧) ૪-૮-૨૫ના રામશરણ પામ્યા છે. તે હંસાબેનના પતિ. અ. સૌ. અપેક્ષા સનીભાઈ શાહ, શિખા, અને શિવમના પિતા. સ્વ. કસ્તુરબેન વાલજી ગણાત્રાના નાના જમાઈ. જયેશભાઈ, હારમેન્દ્રભાઈ, સંજયભાઈ, દેવેન્દ્રભાઈ, જેસલભાઈ, સ્વ. આશાબેન, જયશ્રીબેન, અ. સૌ. પ્રીતીબેન, સંગીતાબેનના ભાઈ. પુનમબેન, સોનલબેન, રાધીકાબેન, શીલ્પાબેન, અલ્પા, વૈશાલીબેનના જેઠ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૭-૮-૨૫, ગુરુવારના ૫.૩૦ થી ૭ ઠે. ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુન્ડ. લૌકીક વહેવાર બંધ છે. બેનોએ એજ દિવસે આવી જવું.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

ગામ ડુંગર હાલ બોરીવલી, પ્રકાશ વોરા (ઉં.વ. ૬૨) તા. ૩/૮/૨૫ને રવિવારે કૈલાસવાસી થયા છે. તે હર્ષા વોરાના પતિ. અક્ષય તેમજ નૈતિકના પિતાશ્રી. સ્વ. મંગળાબેન હરગોવિંદદાસ વોરાના સુપુત્ર. વર્ષાબેન રજનીકાંત મહેતા, જાગૃતિબેન હિતેશકુમાર જોષી (સીમર)ના ભાઈ. રાજુલા હાલ કાંદિવલી, ગં. સ્વ. કમળાબેન ભાનુશંકર કેશવજી ઓઝાના જમાઈ. પ્રાર્થનાસભા ૭-૮-૨૫ને ગુરુવારને ૪ થી ૬. ગુરુદ્વારા, સાંઈબાબા મંદિરની બાજુમાં, સાંઈબાબા નગર, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. જયંતિલાલ પરષોત્તમભાઇ રાજકોટિયાના ધર્મપત્ની ગં. સ્વ. હીરાબેન (ઉં.વ. ૮૪) તા. ૪-૮-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નિલેશભાઈ, ચેતનભાઈ, બીનાબેન અશ્વિનકુમાર ગાદોયા, નીતાબેન જગદીશકુમાર કોઠારીના માતુશ્રી. હેમાના સાસુ. સ્વ. નરભેરામ રણછોડદાસ માંડવીયાના દીકરી. સ્વ. મગનલાલ, અનંતરાય, હરકિશનભાઇના ભાઇના ધર્મપત્ની. સાદડી પ્રથા બંધ છે.

**ઔદિચ્ય અગ્યારસે બ્રાહ્મણ**

મહેશભાઈ દવે (ઉં.વ. ૮૨) હાલ બોરીવલી, તા. ૫-૮-૨૫ મંગળવારના સ્વર્ગવાસી થયેલ છે. તે સ્વ. બળવંતરાય તથા પુષ્પાબેન દવેના સુપુત્ર. રેખા (રમા) બેનના પતિ. પ્રશાંત દવેના ભાઈ. ઉલ્કા તથા નીરવના પિતા. અનંત અને જલ્પાના સસરા. કુશાન, ધુન તથા કશતીના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા**

સ્વ. દક્ષાબેન તથા સ્વ. દેવીદાસ ગોરધનદાસ કાપડિયા (ડાહયાવાળા)ના સુપુત્ર અતુલભાઈ (ઉં.વ. ૫૮) સોમવાર, તા. ૪-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. તૃપ્તિના પતિ. સૌ. પ્રીતિ અનિલ ટોપરાણી તથા સમીરના ભાઈ. ત્રિશાલા તથા આયુષીના પિતાશ્રી. પલક તથા ભવ્યના કાકા. સ્વ. કુમારભાઈ આસર (ટાંગા, તાન્ઝીન્યાં)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૫ ગુરુવાર ૪ થી ૬. શ્રી લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

ગોરેગાંવ, મનોરમા કાંતિલાલ મેહતા (ઉં.વ. ૯૩) સોમવાર, તા. ૩-૮-૨૫ના કૈલાશવાસી થયા છે. તે હરેન તથા રોહિતના માતુશ્રી. મંજિલ, જશન મેહતાના દાદી. દીપા તથા વંદના મેહતાના સાસુ. આદરાંજલી તા. ૭/૮/૨૫ ગુરુવારે ૪ થી ૬. પેરેડાઇઝ બેન્કવેટ હોલ, સી ટી. એસ. નં. ૪૦૭, દેવીદાસલેન, અદાણી ઈલેક્ટ્રીક ઓફિસની સામે, બોરીવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**

ઝાંઝરકા નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. પ્રભાવતી વાઘેલા (ઉં.વ. ૮૭) તે સ્વ. દેવજીભાઈ વેલશીભાઈ વાઘેલાનાં ધર્મપત્ની તા. ૩૦/૭/૨૫ બુધવારે શ્રીજીશરણ પામેલ છે. સ્વ. જગજીવન રામજી વઢવાણાના સુપુત્રી. દીનાબેન ગુણવંતરાય પરમાર તથા રાજેશભાઈ, ધનેષભાઈના માતૃશ્રી. અ.સૌ. કાશમીરા, અ.સૌ. શર્મિલાના સાસુ. બંને પક્ષેની પ્રાર્થનાસભા તા. ૭/૮/૨૫ ગુરુવારના ૪ થી ૬. પાવનધામ, સચીન તેંડુલકર ક્લબ પાસે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**સુરતી વિશાલાડ વણિક**

શિરીષ કંચનલાલ પારેખ (ઉં.વ. ૮૬) તા. ૫-૮-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે આશાના પતિ. પરાગી, બિરેનના પિતા. ધર્મેશ કાપડિયા, શ્રુતિના સસરા. સ્વ. નિર્મળા મોતીલાલ બંગાળીના જમાઈ. ક્રિશા-ચાર્વીના દાદા. બિન્દી-આશીનીના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલા, હાલ કલ્યાણ નિવાસી વિનયચંદ્ર વલ્લભદાસ ખખ્ખર (ઉં.વ. ૮૪) તા. ૫/૮/૨૫ના શ્રીજીચરણ પામેલા છે. તે સ્વ. કાશીબેન વલ્લભદાસ ખખ્ખરના પુત્ર. ગં. સ્વ. વસંતાબેન રતિલાલ ઉનડકટ, સ્વ. રમાકાંત, દિનકરના ભાઈ. ગં. સ્વ. સરલાબેન, તારાબેનના દિયર. સ્વ. સુકેશી, હિતેશ, સંજય, ઈલા, અનિષ, વિભાના કાકા. પન્ના, સ્વ. શૈલેષ, વર્ષા, ઉમેશના મામા. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ મીઠીરોહર હાલ અંધેરી. રંજનબેન ચંદ્રકાન્ત ઠક્કર (ઉં.વ. ૮૩) તે ચંદ્રકાન્ત ઓધવજી ઠક્કરના પત્ની. સોની અને જતીનના માતા. સ્વ. ગોદાવરીબેન ઓધવજી ઠકકરના પુત્રવધૂ. સ્વ. ઝવેરબેન ઠાકરશીભાઈ ઠક્કરના પુત્રી. પ્રતાપભાઈ, નિલિમાબેન હસમુખભાઈ ઠક્કર, નિતિન, નૈષધ, સ્વ. નરેન્દ્ર તથા સ્વ. મુકેશભાઈનાં બેન. તા. ૪ ઓગસ્ટ મંગળવારના પરમધામ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૭ ઓગસ્ટના. આઈ એમ એ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, પી વી આર જૂહુ નજીક, ગુરુનાનક રોડ. જૂહુ. મું. ૬૮. ૫ થી ૬.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ગોરવાલ બ્રાહ્મણ**

ઉથમણ હાલ અંધેરી, નર્મદાશંકર મોતીલાલજી દવે (ઉં.વ. ૮૬) તા. ૪/૮/૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. તે કિરીટ, દેવેશ, સ્વ. અલ્પા, જ્યોતિના પિતા. પારુલ, નિતિ, રોહિત મગનલાલજી વોરાના સસરા. મેઘ, દિવ્યાના દાદાજી. જય, ઝીલના નાનાજી, પિયરપક્ષે સ્વ. મીઠાલાલજી સાકળચંદજી દવેના જમાઈ. નરેન્દ્ર એમ દવેના બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર ૮/૮/૨૫ના ૫ થી૭.૩૦. જોશી જાગીર હોલ, મુક્તિધામ, સહાર રોડ, પારસીવાડા સ્મશાનની બાજુમાં, ચકાલા, અંધેરી પૂર્વ.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.


---

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## પુરુષે પોતાની રક્ષા પોતે જ કરવાની...!



રક્ષાબંધન એ ભારતીય સંસ્કૃતિનો અનોખો તહેવાર છે, જે ભાઈ-બહેનના પવિત્ર સંબંધની ઉજવણી કરે છે. બહેન ભાઈના કાંડા પર રાખડી બાંધી એની રક્ષાની કામના કરે છે, એ આપણો સુંદર ધાર્મિક-સાંસ્કૃતિક રિવાજ છો, પરંતુ આજના આધુનિક યુગમાં પુરુષે પોતાની રક્ષા માટે પોતે જ જાગૃત રહેવું જરૂરી છે. આજનો પુરુષ જીવનની અનેક પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યો છે અને એની સૌથી મોટી જવાબદારી છે પોતાનું શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય જાળવવું.

અહીં આપણે આ એવી કેટલીક બાબતની ચર્ચા કરીશું, જેમાંથી પુરુષે પોતાની રક્ષા કરવી જરૂરી છે, જેમાં વ્યસનો, ગુસ્સો અને ઓછી ઊંઘ જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે.

### પહેલું અને મહત્ત્વનું છે વ્યસન....

આજના ઝડપી જીવનમાં ઘણા પુરુષો તણાવથી બચવા માટે ધૂમ્રપાન, દારૂ કે અન્ય નશીલા પદાર્થોનો સહારો લે છે. આ વ્યસનો શરૂઆતમાં તો રાહત આપતા હોય એવું લાગે છે, પરંતુ લાંબા ગાળે તે શારીરિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે.

ધૂમ્રપાનથી ફેફસાંનું કેન્સર, હૃદયરોગ અને શ્વસન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે, જ્યારે અતિશય દારૂનું સેવન લીવરની બીમારી અને માનસિક અસ્થિરતાનું કારણ બને છે. આ ઉપરાંત, સોશ્યલ મીડિયા અને ગેમિંગનું વ્યસન પણ આજના યુવાનોમાં ઝડપથી વધી રહ્યું છે, જે માનસિક સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે છે અને સમયનો વ્યય કરે છે. પોતાની રક્ષા માટે પુરુષે આ વ્યસનોનો ત્યાગ કરવો જરૂરી છે. નિયમિત વ્યાયામ, ધ્યાન અને સ્વસ્થ આહાર દ્વારા તણાવનું સંચાલન કરી શકાય છે, જે વ્યસનોની જરૂરિયાતને ઘટાડે છે.

### બીજું મહત્ત્વનું પાસું છે ગુસ્સાનું સંચાલન...

પુરુષો ઘણીવાર સામાજિક અપેક્ષાઓ અને જવાબદારીઓના દબાણમાં ગુસ્સાનો શિકાર બને છે. ગુસ્સો એક સ્વાભાવિક લાગણી છે, પરંતુ તેનું અયોગ્ય મેનેજમેન્ટ - વ્યવસ્થાપન સંબંધ, કારકિર્દી અને સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે.

ગુસ્સાની ક્ષણે લેવાયેલા નિર્ણય ઘણીવાર પસ્તાવાનું કારણ બને છે. ઉદાહરણ તરીકે, કોઈ સહકર્મી કે પરિવારના સભ્ય સાથેની ગેરસમજ ગુસ્સાને કારણે ઝઘડામાં ફેરવાઈ શકે છે. આથી ગુસ્સાને નિયંત્રિત કરવા માટે શાંત રહેવાની કળા શીખવી જરૂરી છે. ઊંડા શ્વાસ લેવા, થોડીવાર ચૂપ રહેવું અથવા સમસ્યાને શાંતિથી વિચારવું એ ગુસ્સાને ઘટાડવામાં મદદ કરે છે.

યોગ અને મનની શાંતિ માટેની પ્રેક્ટિસ પણ આમાં ઉપયોગી થઈ શકે છે. ગુસ્સાને કાબૂમાં રાખવો એ પુરુષની આંતરિક શક્તિની નિશાની છે.

### ત્રીજું, ઓછી ઊંઘ....

આજના યુવાનો અને પુરુષોની સૌથી મોટી સમસ્યાઓમાંની એક છે અપૂરતી ઊંઘ. આધુનિક જીવનશૈલીમાં, કામનું દબાણ, સોશ્યલ મીડિયાનો અતિરેક અને મનોરંજનના સાધનો ઊંઘને ખોરવી રહ્યા છે, જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે. તેનાથી ચીડિયાપણું, એકાગ્રતાનો અભાવ, થાક અને રોગપ્રતિકારક શક્તિ ઘટે છે.

લાંબા ગાળે, ઓછી ઊંઘ ડાયાબિટીસ, હૃદયરોગ અને ડિપ્રેશન જેવી સમસ્યાઓનું કારણ બની શકે છે. પુરુષે પોતાની રક્ષા માટે દરરોજ ૭-૮ કલાકની પૂરતી ઊંઘ લેવી જરૂરી છે. નિયમિત ઊંઘનું શેડ્યૂલ બનાવવું, રાત્રે મોબાઈલ અને લેપટોપનો ઉપયોગ ઘટાડવો અને શાંત વાતાવરણમાં સૂવું એ નિદ્રાની ગુણવત્તા સુધારી શકે છે.

આ ઉપરાંત, પુરુષે પોતાની રક્ષા માટે નાણાકીય શિસ્ત પણ જાળવવી જરૂરી છે. આજના સમયમાં અનાવશ્યક ખર્ચ અને દેવું એ પણ એક પ્રકારનું વ્યસન બની ગયું છે. બિનજરૂરી ખર્ચાઓથી બચવું, બચત કરવી અને નાણાકીય આયોજન કરવું એ પુરુષની આર્થિક સુરક્ષા માટે જરૂરી છે.

આ ઉપરાંત, માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું પણ એટલું જ મહત્ત્વનું છે. ઘણા પુરુષ સમાજના દબાણને કારણે પોતાની લાગણીઓને દબાવી દે છે, જે ડિપ્રેશન અને ચિંતાનું કારણ બને છે. માનસિક સ્વાસ્થ્ય માટે પરિવાર કે મિત્રો સાથે વાતચીત કરવી, જરૂર પડે તો મનોચિકિત્સકની સલાહ લેવી અને સ્વયંની સંભાળ રાખવી જરૂરી છે.

રક્ષાબંધનનો તહેવાર આપણને યાદ અપાવે છે કે રક્ષા એ ફક્ત બાહ્ય ખતરાઓથી જ નથી, પરંતુ આંતરિક નબળાઈઓથી પણ થવી જોઈએ. પુરુષે પોતાની જાતને વ્યસનો, ગુસ્સો, ઓછી નિદ્રા અને અન્ય હાનિકારક ટેવોથી બચાવવી જોઈએ. આ માટે સ્વયં-શિસ્ત, જાગૃતિ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવી જરૂરી છે.

આ રક્ષાબંધન પર ચાલો, આપણે દરેક પુરુષ પ્રતિજ્ઞા લઈએ કે આપણે ફક્ત બહેનની રાખડીની રક્ષા જ નહીં, પરંતુ પોતાની જાતની રક્ષા પણ કરીશું. આખરે, પોતાની રક્ષા કરનાર પુરુષ જ બીજાની રક્ષા કરવા સક્ષમ બને છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## સૈયારા... તું કે હું બીમાર પડીએ તો...

ડિયર હની,

હમણાં હમણાં એક ફિલ્મ 'સૈયારા'ની ખાસ્સી ચર્ચા ચાલે છે. આપણે બંનેએ હજુ સુધી એ જોઈ નથી પણ જોઈશું તો સાથે જોઈશું. આ ફિલ્મના રિવ્યુ અને કેટલાક અહેવાલો પરથી લાગે છે કે, આ નવા જમાનાની લવસ્ટોરી છે. આજે જે ૨૦-૨૫ વર્ષના છે એમની પ્રેમ વિશેની સમજણ જરા જુદી પ્રકારની છે. એ કોઈના પ્રેમમાં ઝડપથી પડે છે અને બ્રેક - અપ, પેચ- અપની રમત રમ્યા કરે છે. 'સૈયારા' ફિલ્મમાં તો તીવ્ર પ્રેમની અનુભૂતિ રજૂ થઇ છે. એક પાત્રને બીમારી છે અને બીજું પાત્ર એનો સાથ કઈ રીતે આપે છે અને છેલ્લે સૌ સારાવાના થાય છે.

આ ફિલ્મ જોયા પછી યુવાન દર્શકો ભાંગી પડે છે- રડવા લાગે છે, વિગેરે વિગેરે... પ્રતિક્રિયા જોવા મળી રહી છે. આ તો ફિલ્મી વાત છે, પણ મારે તને બે કિસ્સા એવા કહેવા છે જે વાસ્તવિક છે.

એક કિસ્સો છે પશ્ચિમ બંગાળ- કોલકાતાનો. ત્યાં રહેતી જીજા ઘોષ જન્મથી જ સેરેબ્રલ પાલ્સી નામની બીમારીથી પીડાય છે. આ બીમારીને કારણે એના સ્નાયુઓ પર નિયંત્રણ નથી રહેતું અને બોલવામાં પણ તકલીફ પડે છે. તેમ છતાં, એ એક સક્રિય સમાજ સેવિકા અને લેખિકા છે. જ્યારે જીજાએ નાગ નામની એક વ્યક્તિ સાથે લગ્ન કરવાનો નિર્ણય લીધો, ત્યારે સમાજે એનો સખત વિરોધ કર્યો.

ઘણા લોકોએ નાગને કહ્યું કે, 'આવી અપંગ સ્ત્રી સાથે લગ્ન કરીને તારું જીવન શા માટે બરબાદ કરી રહ્યો છે?'

પરંતુ નાગે જીજાની શારીરિક મર્યાદાઓ કરતાં એના મજબૂત વ્યક્તિત્વ અને પ્રેમમાં વધુ વિશ્વાસ રાખ્યો. નાગ હંમેશાં જીજાની પડખે ઊભા રહ્યા છે. એ જીજાને રોજિંદા કાર્યોમાં મદદ કરે છે, જેમ કે તૈયાર થવું, કાર્યક્રમોમાં લઈ જવું અને સામાજિક અવરોધો સામે લડવું.... નાગનો પ્રેમ જીજાને સ્વતંત્ર અને સન્માનભર્યું જીવન જીવવા માટે પ્રેરણા આપે છે. જીજાને ક્યારેય નાગ એક અપંગ તરીકે જોતો નથી, પરંતુ એક સક્ષમ અને પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે એનું સન્માન કરે છે.

બીજો કિસ્સો બેંગલૂરુમાં રહેતા એક ૫૦ વર્ષીય દંપતીનો છે. બંને પતિ-પત્ની એચઆઈવી (HIV) પોઝિટિવ છે. ૨૦૨૨માં પતિને ક્રોનિક કિડની ડિસીઝનું નિદાન થયું. બે વર્ષમાં સ્થિતિ વધુ ગંભીર બની ગઈ અને નિયમિત ડાયાલિસિસ કરાવવાની જરૂર પડી, પરંતુ એચઆઈવી પોઝિટિવ હોવાને કારણે એમને ડાયાલિસિસની સુવિધા સરળતાથી મળતી ન હતી, જેથી એમણે દર અઠવાડિયે ૧૦૦ કિલોમીટરથી વધુ મુસાફરી કરવી પડતી હતી. આ સંઘર્ષ જોઈને પત્નીએ એક મોટો નિર્ણય લીધો. પત્નીએ પતિને કિડની દાન કરવાનો નિર્ણય કર્યો. ડોક્ટરોને આશ્ચર્ય થયું, કારણ કે બંને એચઆઈવી પોઝિટિવ હતા. આખરે ડોક્ટરોએ સફળતાપૂર્વક કિડની ટ્રાન્સપ્લાન્ટ કર્યું અને આજે પતિ-પત્ની બંને સ્વસ્થ છે.

અહીં મુદ્દો એટલો જ છે કે, પ્રેમને માત્ર શરીર સાથે જ સબંધ નથી હોતો. એ તો તમારા હૃદયને, આત્માને સ્પર્શે છે. ઘણા કિસ્સામાં એવું બનતું હોય છે કે, પતિ અને પત્ની એકબીજાથી અલગ સ્વભાવ ધરાવતા હોય છે, બંને વચ્ચે ઝગડા પણ આ કારણે થતા રહે છે, છતાં એકબીજા સાથે બન્ને એડજસ્ટ કરે છે. બીમારી હોય કે પછી કોઈ બીજી વાત. લગ્નજીવનમાં એકબીજાના સ્વભાવ, ખામીઓ અને ભૂતકાળને સ્વીકારવા અત્યંત જરૂરી છે. જો તમે તમારા પાર્ટનરને જેવા છે તેવા જ અપનાવો તો સંબંધ વધુ મજબૂત બને છે. પ્રેમ- સમર્પણ સાથે પડકારો સામે મક્કમતાથી ઊભા રહી શકે એ જ દંપતી એકબીજા સાથે રાજી રહી શકે. 'સૈયારા' ફિલ્મમાં આવી જ કૈંક વાત છે.

મારો અને તારો સ્વભાવ પણ એકસરખો ક્યાં છે? ઘણીવાર આપણી વચ્ચે ઝગડા થાય છે. એકબીજા સાથે અબોલા પણ થાય છે. જોકે, એ સ્થિતિ લાંબો સમય ટકતી નથી. કોઈ તો સંવાદ માટે આગળ વધે છે તો કોઈ તો સોરી કહે છે. અને ફરી દાંપત્યની મહેક મહેકવા લાગે છે.

નવી પેઢીએ આ જ સમજવાની જરૂર છે. ઘણા કિસ્સામાં એવું જોવા મળે છે કે કોઈ વાતે મતભેદ થાય તો બંનેમાંથી કોઈ શક્ય સમાધાન માટે તૈયાર થતું નથી. વાત આગળ વધી પડે છે અને બ્રેક અપ થાય છે. સબંધ એ બહુ સંવેદનશીલ વાત છે. અને તમારું પ્રિય પાત્ર કે જીવનસાથી કોઈ તકલીફમાં હોય કે ગંભીર બીમારી આવે તો બીજું પાત્ર એવું કહે જ કે, મૂંઝાતા નહિ, હું તમારી સાથે છું. આપણા જ એક સગાના દીકરાનાં લગ્ન થયા અને કોઈ વાતે બંને વચ્ચે ઝગડો થયો અને છૂટાછેડા સુધી વાત પહોચી. બંને અલગ થયાં. એ પછી એ દીકરાને કોઈના સધિયારાની જરૂર હતી પણ એ ના મળ્યો એ કારણે એ દિશા ભટકી ગયો છે. આ સ્થિતિ આપણા જીવનમાં કદી નહિ આવે એવો મને વિશ્વાસ છે. તને પણ વિશ્વાસ છે એવો મારો વિશ્વાસ છે.

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## તંદુરસ્તી તમારા પગમાં...

હમણાં થોડા સમયથી આપણે વૃદ્ધ ધારે તો શું કરી શકે એ વિશે વાત કરી રહ્યાં છીએ. તમે નહીં માનો, મારી સામે એવાં એવાં વૃદ્ધ આવી રહ્યા છે, જે જૈફ ઉંમરે કેટલા બધાં કાર્યરત છે. એમને જોઈને મળીને આનંદ થાય છે અને પછી એ આનંદ આપ સૌ સાથે વહેંચતા મને ફરીથી આનંદ થાય છે.

આજે આપની મુલાકાત એક ડૉકટર સાથે કરાવવાની છું. ડૉકટર પણ પાછા કાર્ડિયોલોજિસ્ટ આજે ૮૮ વર્ષની ઉંમરે કડેધડે. આજે પણ પોતાના દર્દીઓને તપાસે, યોગ્ય સલાહ-સૂચન, દવા આપે. બધાં એમને ના પાડે, 'હવે તમારે શું જરૂર છે? ઘરે શાંતિથી બેસો.' પણ ડૉક્ટર કહે, 'ના, મારાં જૂના દર્દીઓને મારી પાસેથી સલાહ-સૂચન લેવાં ગમે. એ મારી સાથે વાત કરે ત્યારે જ એમને શાંતિ-સંતોષ થાય. મારો અભિપ્રાય લીધાં વિના એ કોઈ પણ સારવારમાં આગળ વધે નહીં. વળી મારે પણ દર્દીઓ સાથે ઘરોબો. એમના આખા પરિવારના સમાચાર જાણી લઉં અને આમેય નવરા બેસીએ તો મગજ કટાઈ જાય.'

આમ આ કાર્ડિયોલોજીસ્ટ આ ઉંમરે પણ સવારના સમયે તો ક્લિનિક પર જાય એટલે જાય.... આ ડૉક્ટરના શિક્ષક પિતા સો વર્ષ જીવ્યા હતા. ડૉક્ટર કહે છે, 'એમના અવસાન પૂર્વે કાર્ડિઓગ્રામ કઢાવેલો તે એકદમ નોર્મલ આવ્યો હતો. ૯૭ વર્ષ સુધી એ બધાં જ કામ જાતે જ કરતાં.' આવું જ આ ડૉક્ટરની બાબતમાં પણ છે.

ડૉ. શિરીષભાઈ આ ઉંમરે રોજ સવારે છ વાગે વોક માટે કાંદિવલીથી આરે કોલોની કે પછી નેશનલ પાર્ક જાય છે. દરરોજ લગભગ એકાદ કલાક ચાલે જ ચાલે. સિનિયર અને સુપર સિનિયર સિટિઝન્સની ચાલવાની સ્પર્ધામાં વર્ષોથી એ નંબર વન છે. આરેમાં વોકર્સ ક્લબની દરેક પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ ભજવે છે. ૨૦૦૦ની સાલમાં એમણે શરૂ કરેલી વોકેથોનમાં દર વરસે અઢી હજાર લોકો જોડાય છે. વર્ષમાં એક વાર સિદ્ધિવિનાયક મંદિર સુધી પોતે ચાલતા જાય છે. એમની સાથે હૃદયરોગના દર્દીઓ, ડાયાબિટિક્સ અને બ્લડ પ્રેશરના દર્દીઓ પણ જોડાય છે.

૨૦૦૦ની સાલમાં મુંબઈમાં પ્રથમવાર 'વોક ફોર યોર હાર્ટ'નું આયોજન 'નેશનલ સોસાયટી ફોર પ્રિવેન્શન ઑફ હાર્ટ ડિઝીસ અને રિહેબિલિટેશન'ના નેજા હેઠળ કરવાનું શ્રેય ડૉ. શિરીષ અને એમના અર્ધાંગિનીને જાય છે, એમના પત્ની આઈ સર્જ્યન છે. આ આયોજનને સફળ બનાવવા 'ડિવાઈન લાઈફ સોસાયટી' (દિવ્યજીવન સંઘ)ના અધ્યક્ષ અને અન્ય સંસ્થાઓએ પણ સાથ આપ્યો. આ વોક હવે દર વર્ષે યોજાય છે.

ડૉ. શિરીષ ઝૂંપડપટ્ટીઓમાં સ્વાસ્થ્ય શિબિર કરે છે. આ ડૉક્ટર એટલાં બધાં સામાજિક કાર્ય કર્યા છે કે ગણવા મુશ્કેલ છે. એમને અગણિત અવોર્ડસ પણ મળ્યા છે.

પોતે ૮૮ વર્ષના હોવા છતાં ડૉ. શિરીષનું જીવન યુવાન જેવું તાજગીપ્રદ છે. આજે એમનું ધ્યેય છે લોકો ચાલે અને તંદુરસ્ત રહે. તેઓ એક વાક્ય હંમેશાં કહે છે, 'Walk daily to keep your Heart healthy.'

એ કહે છે, શરીરની તંદુરસ્તી માટે શ્રમ કરવો બહુ જ જરૂરી છે. આજે લોકો શ્રમ કરતા નથી. એને કારણે શરીરમાં ચરબી જમા થઈ જાય છે. વધુ પડતી ચરબી અનેક રોગનું ઘર બને છે. જેટલી કેલરી આપણે ખાઈએ તેટલી કેલરી કસરત કરીને બાળી નાખવી જરૂરી છે. તેથી કસરત કરવી જરૂરી છે. એરોબિક કસરતમાં ચાલવું એ શ્રેષ્ઠ કસરત ગણાય છે. લોકો આજે ચાલવાની કસરત પ્રત્યે જાગૃત થયાં છે. ડૉ. શિરીષ એમના દર્દીઓ, મિત્રો અને એમને જે પણ લોકો મળે એમને ચાલવાના આવા ફાયદા વિશે સમજાવતા રહે છે. એ માટે પેમ્ફલેટ્સ છપાવે છે. બની શકે ત્યારે કાર્યક્રમોનું આયોજન પણ કરતા રહે છે.



ડૉ. શિરીષ સમજાવે છે : 'ચાલવું, દોડવું, જોગિંગ, સાઈકલ ચલાવવી, તરવું અને સ્કેટીંગ જેવી કસરતથી હૃદય અને ફેફસાંની ક્ષમતામાં વધારો થાય છે. ઘણી વાર લોકોના મનમાં પ્રશ્નો થાય છે કે ક્યાં ચાલવું? કેટલું ચાલવું? ક્યારે ચાલવું? ચાલવાથી શો ફાયદો થાય?

ડૉ. શિરીષ અનુસાર : 'ચાલવાની કસરત શરૂ કરવા પહેલાં પોતાના ફેમિલી ડૉક્ટરની સલાહ લેવી. ચાલતા પહેલા હાથની, પગની, ગરદનની, પીઠની હળવી કસરત કરો એટલે કે વોર્મઅપ કરો. શરૂઆતમાં ધીરેથી ચાલો અને ઓછું ચાલો પછી ધીમે ધીમે ગતિ અને સમય વધારો. કુદરતી આમાં ચાલવાનું શ્રેષ્ઠ ગણાય. એમ ન થઈ શકે તો ઘરમાં ટ્રેડમિલ પર પણ ચાલી શકાય. ચાલતી વખતે ટાઈટ કપડાં ન પહેરાય. પગમાં સારી ક્વોલિટીના બુટ પહેરવા જરૂરી છે. બુટ સાથે મોજા પણ પહેરવા જેથી પગ સુકા રહે. ચાલતાં ચાલતાં બહુ વાતો નહીં કરવાની. ચાલતી વખતે ફોનમાં વાત કરવાનું પણ ટાળો. ચાલતી વખતે શ્વાસ ચઢે તો ઊભા રહી જવું. જમ્યા પછી ૩-૪ કલાક પછી ચાલો. રોજ સવારે અથવા સાંજે ચાલો. ચાલતા પહેલા અને પછી યોગ્ય માત્રામાં પાણી પીવો. ચાલવાનું શરૂ કર્યા પછી રોજ ચાલો. ૩૦-૪૦ મીનિટ સતત ચાલો તો એનો ફાયદો થાય છે. ૪૦થી ૬૦ મીનિટમાં ચારથી પાંચ કિલોમીટર ચાલવાથી ફાયદો થાય છે. આથી વધારે ચાલવાથી નુકસાન થઈ શકે છે. તેથી પ્રમાણસર ચાલવું જોઈએ. ચાલતાં ચાલતાં થાક લાગે, શ્વાસ ચઢી જાય કે છાતીમાં દુખે તો ઊભા રહી જવાનું, પરાણે નહીં ચાલવાનું....'

વૃદ્ધોને સલાહ આપતા ડૉ. શિરીષ કહે છે, 'હંમેશાં કોઈનો સંગાથ રાખો. સાવ એકલાં ન ચાલો. ગ્રૂપ બનાવો જેથી ચાલતી વખતે એક બીજાની પ્રેરણા મળે અને ઉત્સાહ વધે, મઝા આવે, તકલીફ વખતે મદદ મળે.'

ચાલવાથી શક્તિ વધે, તંદુરસ્તી વધે, વજન નિયંત્રણમાં રહે, ૩૦ મીનિટમાં ૨૦૦ કેલેરી બળે. હાડકાં, સાંધા મજબૂત થાય. ડાયાબિટીસ, બ્લડપ્રેશર કંટ્રોલમાં રહે. કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટે. ડિપ્રેશન, થાક અને ચિંતા જેવી બીમારીમાં ફાયદો થાય.

ડૉ. શિરીષે યુવાન વયથી લોકોને ચાલતા કરવાનું મિશન નક્કી કરેલું જે આજે પણ યથાવત્ છે. કહેવાય છે ને કે 'ચાલીસ પછી જો તું ચાલીસ મીનિટ નહીં ચાલે તો ક્યારેય પણ ચાલીશ નહીં...!'

આપણે કહીએ છીએ કે 'અપના હાથ જગન્નાથ', પણ અમુક આયુ પછી આપણા પગ પણ જગન્નાથ બની શકે!

આમ લોકોને ચાલતા કરવાનું, ચાલતા રાખવાનું અને એ રીતે લોકોનું જીવન ચાલતું રહે એવાં દ્રઢ મિશન સાથે કામ કરતા આ ડૉક્ટરબાબુ આપણા અભિનંદનને પાત્ર તો ખરા જ! ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

## અમેરિકાના બે સૌથી પાવરફુલ માણસ સાથે પેરેલલ અફેર રાખવાની મારી લાલચ...

(ભાગઃ ૬)

નામઃ મેરેલિન મનરો
સમયઃ ૫ ઓગસ્ટ, ૧૯૬૨ (સવારે ૩.૫૦)
સ્થળઃ ૧૨૩૦૫ ફિફ્થ હેલેના ડ્રાઈવ, બ્રેન્ટવૂડ, લોસ એન્જેલસ
ઉંમરઃ ૩૬ વર્ષ

**મેડિસન્સ સ્ક્વેર** ઉપર ૪૦ હજારથી વધારે લોકો એકત્રિત થયા હતા... પ્રેસિડેન્ટ જોન એફ. કેનેડીનો જન્મદિવસ હતો. એની પત્ની નિકી કેનેડી, એનાં સંતાનો, એનો ભાઈ રોબર્ટ કેનેડી-જે અમેરિકાનો એટર્ની જનરલ હતો. એની બહેન પેટ્રિશિયા અને બનેવી પીટર લોફોર્ડ બધા હાજર હતાં. મને પણ એ કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવી હતી. મેં સ્વીકાર્યું હતું કે, હું સ્ટેજ ઉપરથી એક ગીત ગાઈશ...પરંતુ, એ ગીત મારા મોતનું એલાન કરશે એવું મેં ધાર્યું નહોતું!


એ દિવસે મેં ૪૦ હજાર માણસો અને અમેરિકાના જાણીતા રાજકારણી, ફિલ્મસ્ટાર્સ અને પ્રેસની હાજરીમાં મારા સેક્સી અવાજ અને અંદાજમાં ગાયું, 'હેપ્પી બર્થ ડે ટુ ધ પ્રેસિડેન્ટ...' આ ગીત નહોતું-જે.એફ.કે સાથેના મારા રોમેન્સનું એલાન હતું. ૧૯૬૨ના એ મે મહિના સુધીમાં મારા જે.એફ.કે સાથેના નિકટના સંબંધો છે એવું પ્રસ્થાપિત કરવા હું મરણિયો પ્રયાસ કરવા લાગી હતી. આનાં બે કારણો છે-એક રોબર્ટ કેનેડીને મારે સમજાવવું હતું કે, એ મારું કંઈ નહીં બગાડી શકે! બીજું, એફબીઆઈના હેડ જે.એડગરહુવરને મારે આડકતરી રીતે કહી દેવું હતું કે, હું એમનાથી ડરતી નથી.

૧૯મી મેના દિવસે હું આવું કંઈક કરીશ એ વાતના બીજ તો ૧૯૬૧ની ૩૧ ડિસેમ્બરની રાત્રે જ રોપાઈ ગયાં હતાં. ૧૯૬૧ની ન્યૂ યર ઈવ પાર્ટી-પીટર લોફોર્ડના બીચ હાઉસ પર યોજાઈ હતી. એ રાત્રે મેં ખૂબ શરાબ પીધી. જોન કેનેડી સાથે એ રાત્રે મારો વર્તાવ જોનાર દરેક માણસે નોંધ્યું જ હશે કે, અમેરિકાના પ્રેસિડેન્ટ અને મારી વચ્ચે 'કશુંક' રંધાઈ રહ્યું છે! અમેરિકાના પ્રેસિડેન્ટ્સની લફરાબાજી અમેરિકન નાગરિક માટે સાવ સામાન્ય બાબત છે, પરંતુ એ રાત્રે અમારી નિકટતાની નોંધ લેનાર લોકોમાં બે જણાંના પેટમાં તેલ રેડાયું હતું, એક-જે.એડગરહુવર (એફબીઆઈનો સૌથી પાવરફુલ માણસ) અને બીજો રોબર્ટ એફ. કેનેડી. હવે તમને સવાલ થશે કે, રોબર્ટને શું વાંધો હોઈ શકે? તો રોબર્ટને પણ મારામાં રોમેન્ટિક ઈન્ટરસ્ટ હતો. એવું નહોતું કે, એને એના ભાઈના સંબંધો વિશે જાણ નહોતી, પરંતુ રોબર્ટ સાથે ફ્લર્ટિંગની રમત કરવામાં હું જરા વધારે ઈનવોલ્વ થઈ ગઈ. વાંક મારો પણ છે જ, અમેરિકાના બે સૌથી પાવરફુલ માણસો સાથે પેરેલલ અફેર રાખવાની મારી લાલચ, આગ સાથે રમવાથી ઓછી ખતરનાક નહોતી. રોબર્ટ કદાચ સાચે જ મારા પ્રેમમાં પડી ગયો હતો! આમ પણ, બે ભાઈઓ વચ્ચે આછી ઈર્ષાનો સંબંધ હતો. રોબર્ટ થોડોક કંટ્રોલ ફ્રીક હતો. એ જોનને પોતાના કાબૂમાં રાખવા માગતો હતો-પરંતુ, જોન બેફામ હતો. એ જ ગાળામાં બીજી એક સમસ્યા એ થઈ કે, જોન મારી સાથે અમેરિકાની રાજનૈતિક અને લશ્કરી બાબતો પણ ગુપ્ત રાખતા નહીં. જે.એફ.કે એ વખતે ક્યૂબામાં ફીડેલ કાસ્ટ્રોની કમ્યુનિસ્ટ સરકારને હટાવવાના પ્રયાસ કરી રહ્યા હતા કારણ કે, ફીડેલ કાસ્ટ્રો રશિયન સરકાર સાથે હાથ મિલાવીને અમેરિકાનું નુકસાન કરી રહ્યો હતો. આ મિશન ફેલ થયું એટલું જ નહીં, રશિયાએ ક્યૂબામાં ન્યૂક્લિઅર મિસાઈલો ઉતારી જેને કારણે ૧૩ દિવસ કરતાં વધારે સમય અમેરિકામાં ભયનું વાતાવરણ રહ્યું. અંતે, જે સોદો થયો એમાં રશિયાએ ક્યૂબામાંથી અને અમેરિકાએ ટર્કીમાંથી પોતાની સેના અને મિસાઈલ હટાવી દીધા, પરંતુ આ બધી જાણકારી મારી પાસે હતી. મેં આ બધી વાતો મારી ડાયરીમાં લખી હતી. જે વિશે એક દિવસ શરાબ પીને મેં રોબર્ટને કહ્યું હતું! અમે એક સાંજે સાથે હતા ત્યારે રોબર્ટ કેનેડીએ મને જોનથી દૂર રહેવાની ચેતવણી આપી, મેં રોબર્ટને કહ્યું કે, જો એ મને ડરાવશે તો અમેરિકન સૈન્યની ગુપ્ત લશ્કરી માહિતીઓ અને કેટલાક રાજકીય રહસ્યો હું પ્રેસમાં પ્રગટ કરી દઈશ. એ દિવસથી રોબર્ટ સાવચેત થઈ ગયો હોવો જોઈએ. એણે એફબીઆઈની મદદથી મારા ફોન ટેપ કરવા માંડ્યા. મારી ઝીણી ઝીણી હિલચાલ ઉપર જે.એડગરહુવરના માણસો નજર રાખતા હતા...

યુનીસ મૂરે જે મારી હાઉસકિપર હતી, એ મારા ઘરમાં જ રહેતી હતી. મારા અન્ય સ્ટાફનું ધ્યાન રાખવું-મારા ઘરની કાળજી રાખવાનું કામ યુનીસ કરતી. શરૂઆતમાં એ ખૂબ પ્રામાણિક અને પ્રેમાળ હતી, પરંતુ સમય સાથે મને શક પડવા લાગ્યો કે, એફબીઆઈના માણસોએ એને પણ ખરીદી લીધી હતી! હું ક્યારે ઘરે છું, ક્યારે બહાર જાઉં છું, મને કોણ મળવા આવે છે, એની સાથે મારી શું વાતચીત થાય છે એવી ઝીણી ઝીણી વિગતો રોબર્ટ પાસે કઈ રીતે પહોંચતી હતી એની મને ખબર નહોતી પડતી, પરંતુ એટલું હું ચોક્કસ જાણું છું કે, મારી તમામ વિગતો સીધી એફબીઆઈ અને રોબર્ટ સુધી પહોંચતી હતી.



મેરેલિન મનરો



જોન એફ. કેનેડી

પછી ૫મી ઓગસ્ટનો એ દિવસ આવ્યો, જે દિવસે રોબર્ટ કેનેડી વોશિંગ્ટન ડીસીથી એલએ આવ્યો. એણે સવારે મારે ત્યાં આવીને ડાયરીની માગણી કરી... મેં એ ડાયરી આપવાની ના પાડી. એ પછી ઝઘડો કરીને, ધમકી આપીને રોબર્ટ ચાલી ગયો. હું આખો દિવસ ઘરે જ હતી. ચાર વાગ્યે રોબર્ટ પાછો આવ્યો, ત્યારે એની સાથે એફબીઆઈના માણસો હતા. એણે ફરીથી ડાયરીની માગણી કરી. મેં ફરી ના પાડી. રોબર્ટે મારા પર હાથ ઉપાડ્યો... મેં ફરી એને પ્રેસમાં જવાની ધમકી આપી. આ વખતે કદાચ રોબર્ટ પૂરી તૈયારી સાથે આવ્યો હતો. એફબીઆઈના માણસોએ મારું આખું ઘર ફેંદી નાખ્યું. આ બધું યુનીસ મૂરેની હાજરીમાં બન્યું, પરંતુ રોબર્ટને ડાયરી ન મળી. એણે જતા જતા મને કહ્યું, 'કાઉન્ટ ડાઉન શરૂ કરી દે. તારી કારકિર્દી અને જીવન બંનેનો અંત નિશ્ચિત છે.' મેં સાંજથી શરાબ પીવાની શરૂ કરી. જે.એફ.કેને ફોન લગાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ મે મહિનામાં બનેલી ઘટના પછી એમણે મારી સાથે સંપર્ક ઘટાડી નાખ્યો હતો. એ ભાગ્યે જ મારા ફોન ઉપાડતા. એમનો સેક્રેટરી કે પબ્લિક રિલેશન પર્સન ફોન ઉપાડીને મને કહેતો, 'પ્રેસિડેન્ટ બિઝી છે. કંઈ મેસેજ હોય તો મને આપો.' હું શું મેસેજ આપું? જે માણસ દિવસના ચાર-ચાર ફોન કરતો-મને મારા સેટથી વોશિંગ્ટન ડીસી પ્રાઈવેટ જેટમાં બોલાવતો એ માણસનો અવાજ સાંભળ્યે પણ બે મહિના થઈ ગયા હતા! કદાચ એને પણ એફબીઆઈએ કડક સૂચના આપી દીધી હતી કે, મારી સાથેના સંબંધો નહીં તૂટે તો એની રાજનૈતિક કારકિર્દી જોખમમાં આવી જશે... જોન હવે મારી સાથે વાત કરવા માગતો નહોતો-એટલે ૪થી ઓગસ્ટે એ ફોન પર ન આવ્યો. મેં લગાતાર પ્રયાસ કર્યા, પણ વાત ન થઈ શકી.

રાતના સાડા નવ વાગ્યે મેં મારા રૂમમાંથી બહાર નીકળીને જ્યૂસ પીધો. એ પછી હું મારા રૂમમાં પાછી ચાલી ગઈ. લગભગ સાડા ત્રણ વાગ્યે યુનીસે ડો. રાલ્ફ ગ્રીનસનને ફોન કરીને બોલાવ્યા. એનું કહેવું હતું કે, મારા રૂમની લાઈટ ચાલુ હતી, પણ હું જવાબ નથી આપતી! મારા રૂમનો દરવાજો અંદરથી બંધ હતો-ડો. રાલ્ફ ગ્રીનસને કાચ તોડીને અંદર દાખલ થવું પડ્યું, અને એમણે અંદરથી દરવાજો ખોલ્યો એવું યુનીસે પોલીસને આપેલા નિવેદનમાં લખાવ્યું.

રાત્રે સાડા ત્રણ વાગ્યે ડો. રાલ્ફ ગ્રીનસન મારા રૂમમાં દાખલ થયા ત્યારે હું નગ્ન હાલતમાં મારી પથારીમાં ઉંધી સૂતી હતી... મારો ફોન ક્રેડલ પર નહોતો, રિસિવર મારા હાથમાં હતું. મેં કોને ફોન કર્યો એની વિગતો તપાસતા ખબર પડી કે, મારી હેરડ્રેસર અને પીટર લોફર્ડને મેં છેલ્લા ફોન કર્યા હતા. પીટર લોફર્ડે પોતાના નિવેદનમાં લખાવ્યું કે, મેં મારા ફોનમાં એને કહ્યું હતું, 'સે ગુડ બાય ટુ પ્રેસિડેન્ટ!' મારા પલંગની બાજુમાં બાર્બેચ્યુરેટ્સ અને ક્લોરલ હાઈડ્રેટ નામની ઊંઘની ગોળીઓની બોટલ્સ ખાલી હતી. આ બંને દવાઓ ભેગી લેવાથી જીવલેણ થઈ શકે... એ વાતની મને ખબર હતી! ચાર વાગ્યે મારા ફેમિલી ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. એમણે મને મૃત જાહેર કરી.

હોલિવૂડની એક સુપરસ્ટાર-૩૬ વર્ષની ઉંમરે આ દુનિયા છોડીને જઈ ચૂકી હતી...

(સમાપ્ત)

નોંધઃ મેડિકલ-ઓટોપ્સી રિપોર્ટ્સ અને ટોક્સિકોલોજી રિપોર્ટમાં એવું જાહેર કરવામાં આવ્યું કે, આ બંને દવાઓ એના પેટમાં નહીં, બલ્કે બ્લડ અને લિવરમાં હતી. અર્થ એ થાય કે, એનિમા અથવા ઈંજેક્શન દ્વારા આ દવા એમના શરીરમાં દાખલ કરવામાં આવી હોય. ચાર વાગ્યે મૃત જાહેર થયા છતાં પોલીસને લગભગ ચાર કલાક પછી બોલાવવામાં આવી, ત્યાં સુધીમાં રૂમની સફાઈ કરી દેવામાં આવી હતી અને ચાદરો વોશિંગમશીનમાં ધોઈ નાખવામાં આવી હતી. યુનીસ મૂરેએ પોતાનું નિવેદન વારંવાર બદલ્યું, જેમાં ક્યારેક ત્રણ તો ક્યારેક સાડા ત્રણ, ક્યારેક લાઈટ ચાલુ તો ક્યારેક મેરેલિને એને બૂમ પાડ્યાની વિગતો બદલાતી રહી... ■

---

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

## તમે તો બહુ ડાહ્યાં...




'કેવું પડે! તમે તો બહુ ડાહ્યાં!' એમ કોઈ આપણાં ડહાપણ એટલે કે આપણી હોશિયારીનાં વખાણ કરે તો આપણે કંઈ પાછળ થોડાં પડીએ!

એકવાર અમે અમેરિકા ગયાં હતાં, ત્યારે અમારી સખીએ અમારાં સન્માનમાં બહેનોની એક પાર્ટી રાખી હતી. ઘણી ખરી રસોઈ થઈ ગઈ હતી. અમારું કામ ચાખણિયાનું હતું. અમે ચાખતાં ગયાં અને કઈ વાનગીમાં શું શું હજી નાખી શકાય એનું વિવરણ કર્યું :'

'યુ નો, અમારાં હુરટીઓ તો ખાવાની શોખીન પ્રજા. એટલે દરેક વાનગી ચટાકેદાર જ બનાવવી પડે' અમારી કોમેન્ટને ધ્યાનમાં રાખી બધી જ સખીઓએ અમારાં ખૂબ વખાણ કર્યાં. એક બોલી : 'ખરેખર, હુરટી વાનગીને તોલે બીજી કોઈ વાનગી ટકે નહીં'

આ વખાણથી ફુલાઈ ગયેલાં અમે લોચા, ખમણ, હાંડવા, ભજિયાંના એવાં વખાણ કર્યાં અને સાથે ખુદનાં પણ કરી જ લીધાં. અમે અમારી હોશિયારીનો પ્રકાશ પાડતાં કહ્યું : 'અમે કોઈપણ વાનગી બનાવતાં હોઈએ તો આખા મહોલ્લામાં એની સુગંધ પ્રસરી જાય. અડોશ પડોશમાંથી સખીઓ તો આવીને સીધી માગણી જ કરે. આજે લોચો ચડાવવાની હોય કે હાંડવો, જે ચડાવે એ ત્રણ ઘરે ચાલે એટલું જ કરજે... તારા હાથની વાનગી તો એટલી લઝીઝ કે હાથ પણ કરડી ખાવાનું મન થાય!' (ફેંકતાં ફેકતાં જરા વધારે પડતી મેં મારી રસોઈકળા અંગે ફેંક્યું.)

'બહુ ડાહ્યા બહુ ખરડાય' એ કહેવત કાશ! મને આ બોલવા પહેલાં યાદ આવી હોત તો ફેંકતાં પહેલાં વિચાર કરત. અમારી સખીએ તો તરત જ દાવ લઈ લેતાં મને કહ્યું :

'સુરતની પાકશાસ્ત્રની તમામ કળાથી વિભૂષિત હુરટી સખી અહીં હાજર છે. તો ચાલો, આપણે એમના હાથનો લોચો અથવા અન્ય કોઈ વાનગી બનાવડાવીને આપણે પણ શીખીએ અને ઍન્જોય કરીએ!'

માર્યા ઠાર...પારકા દેશમાં સખીને ત્યાં ઘણા દિવસથી ધામા નાખ્યા હતા અને તૈયાર તૈયાર ગરમાગરમ ખાધું હોય અને હજી પણ આ ઘરમાં ટકી રહેવું હોય (ડૉલર બચાવવા!) તો કોઈક ઉદ્યમ તો કરવો જ રહ્યો (ડહાપણ અને હોશિયારી કરી, તો ભોગવો!) 'બહુ બોલે તે બે ખાય' એમ બા વારંવાર કહેતી અને તેમ તેમ અમે બહુ બોલતાં રહેતાં, પણ અહીં તો બે નહીં, બાર વાગી ગયા એમ સમજાયું, પણ ઘણું મોડું મોડું!

એક તો પહેલેથી જ અમે ભારતના નકશા જેવી રોટલી, ભાખરી વણતાં અને બા કહેતી, 'ભારતના નકશા જેવી વાંકીચુંકી ને ખુલ્લા દ્વાર જેવી ભાખરી વણહે, તો કરંડિયો હાહરેથી (સાસરેથી) પાછો આવહે!'

આમ છતાં, અમે અમારાં ભાગ્યને પ્રતાપે બાની તમામ ઉક્તિઓને વિફળ બનાવી. અમે ભારતના નકશાને ઠીક કરવા અને ઘરનાનું પેટ ઠારવા માટે એક ઉત્તમ રસોઈયણ બહેનને રાખીને એને ઉત્તમ ટેસ્ટ અંગેનાં પુસ્તકો અને વીડિયો બતાવી બતાવીને કુકિંગ ઍક્સપર્ટ બનાવી દીધી હતી.

મહેમાનો અમારી રસોઈનાં વખાણ કરે ત્યારે અમે કેટલી જહેમતથી અમારી રસોઈયણ બહેનને કેળવી છે એનો ઇતિહાસ કહીએ અને અંતે ઉપસંહાર કરતાં કહીએ કે 'આટલું શીખવ્યા પછી પણ દાળ, શાક, ફરસાણના મસાલા તો મારે જ કરવા પડે! કારણ કે મારા હસબન્ડને તો મારા હાથની જ રસોઈ ભાવે છે.'

'જે છે તે બધું મસાલામાં જ છે, ભાભી. વાહ! શું તમારી રસોઈ છે! અમારી ઘરવાળીને પણ મસાલા કેમ કરવા તે શીખવી દેજો.'

અમેરિકાની કડકડતી ઠંડીમાં અમને ગરમી લાગવા માંડી. (બા, રસોઈવાળી અને ઇન્ડિયા યાદ આવી ગયું.) અમને અમારી જાત માટે જે માન અને ગૌરવ હતું તે કડડભૂસ થઈ ગયું. (પણ અમે તો હુરટી! ગતકડાં કરતાં તો આવડે જ ને...)

'હા...હા, તો એક કામ કરો. તમારી પાસે હમણાં બનાવી શકાય એવું શું શું છે? પલાળેલી ચણાની દાળ હોય તો એ વાટી આપો. આપણે લોચો બનાવીએ.' (લોચો મારીએ) હવે આગળ યાદ કર્યું અને અમને ગોપાલનો, જલારામનો, જોધલનો, શ્રીજીનો તૈયાર લોચો યાદ આવ્યો. (કાયમ તૈયાર લાવીને જ તો ખાધા કરેલો. હવે બનાવવો કઈ રીતે?)

'આમ સખીઓ, અમેરિકાનો લોચો એક મિત્રને ત્યાં ખાધેલો, પણ નહીં ભાવેલો. કદાચ એમણે ઇન્સ્ટન્ટ બનાવ્યો હશે. (કદાચ કોઈ લોચાની રીત બોલી પડે એટલે અમે વાત ચાલુ રાખી.) આમ તમને કઈ રીતનો બનાવીશ તો ભાવશે? (હમણાં સુધી લવારા કરતી હતી અને હવે... મૌની બાબા જેવી!) આમ તમને કેટલો તીખો જોઈએ? તમને લીલું મરચું ભાવે કે પછી લાલ સૂકું મરચું નાખું? '

સખી બોલી : 'અમારે હુરટી લોચો ખાવો છે. એમાં જે નાખતાં હોય તે નાખીને બનાવને!'

અને અમે પાણી નાખ્યું, પણ અમારો હાથ પણ ધ્રૂજી ગયો અને તપેલીમાંથી પાણીનો ધોધ પૂરજોશમાં (અમારી હોશિયારી ને ડહાપણની જેમ જ!) વાટેલી દાળમાં પડ્યો.

એક બોલી : 'તમને એવું નથી લાગતું કે પાણી વધારે પડી ગયું છે?'

તરત જ અમારું ડહાપણ ઓવરફ્લો થયું અને અમે બોલ્યાં : 'આપણે ત્યાં ખાનારાની સંખ્યા ઘણી છે. પાણી ઓછું હશે તો અડધાને ભાગે તપેલી ચાટવાનો વારો આવશે. હવે તમે જ કહો, મારે શું કરવું?' એટલે એક બહેન બોલ્યાં; 'ચણાનો લોટ ઉમેરો.'

અને અમે તરત જ ચણાનો લોટ ધબકાવ્યો અને એ પણ એવા પૂરા જોશથી પડ્યો કે અમારે ફરી પાણી ઉમેરવું પડ્યું. એટલે એકે કહ્યું, 'કરકરો તો લાગતો જ નથી. પછી આ ખીલશે નહીં. તમે એક કામ કરો. આમાં રવો ઉમેરી દો...'

અમે તો એના હિસાબે ને જોખમે રવો પણ ઉમેર્યો. અમે બધું હલાવતાં હલાવતાં અમારી હોશિયારી ને ડહાપણ પણ હલાવી દીધું. પછી બચાવ પ્રયુક્તિના ભાગરૂપે કહ્યું : 'જુઓ, આ તો તમે કહ્યું એટલે મેં રવો ઉમેર્યો. બાકી અમે હુરટી તો રવો ઉમેરતાં જ નથી. અમે તો શુદ્ધ ચણાની વાટેલી દાળમાંથી લોચો (મારીએ) બનાવીએ. અહીં તો દાળ ઓછી હતી, એટલે લોટ ને રવો ઉમેર્યો. એટલે શું છે કે કદાચ હુરટી લોચા જેવો ટેસ્ટ ના પણ આવે, પણ અમારા હુરટના લેટેસ્ટ લોચા મુજબ ચીઝ, પનીર લોચો પણ હું આમાંથી બનાવી શકું. એ બાળકો તેમ જ યંગસ્ટર્સને બહુ ભાવે છે. ઓકે? એક જણ ચીઝ છીણો અને એક જણ પનીર...'

આ રામાયણનો અંત ત્યારે આવ્યો જ્યારે બધાની ભૂખે તીવ્ર ગતિ પકડી.

'બહેનો, ભૂખ ખૂબ લાગી જ હશે. તો ચાલો, બધા જ કામે લાગી જાઓ...' અને એક મારા જેવી જ અતિ હોશિયાર પોતાનું ડહાપણ ડહોળવા આગળ આવી. મોટો ગૅસ શરૂ કરીને લોચાનું ઢોકળિયું ચડાવીને જાતે જ મસાલો કરીને થાળીઓ ચડાવી દીધી. અમે એ વખતે ખાલી અમારા મોબાઇલમાં લોચાની રેસીપી જોઈને...

'હવે જરાક મીઠું, છેલ્લે જરાક લાલ મરચું અને કોથમીર તૈયાર રાખજો. ઝીણા કાંદા અને લીલી કોથમીરની ચટણી તૈયાર કરો, તો અસ્સલ હુરટી ટેસ્ટ જ આવી ગયો હમજો... અને હા, લાસ્ટમાં જેને ઉપર પનીર ચીઝ જોઈએ એને પાથરી આપજો. જુઓ, આમ સાદો લોચો, પનીર અને ચીઝનો લોચો તૈયાર...!'

હાશ... આમ જાન બચી તો લાખો પાયે, લૌટકે બુદ્ધુ ઘર કો આયે...! ■

---

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

## કાલ્પનિક મૈત્રીની આભાસી દુનિયા...

બે કલાકથી ટેલીવિઝન સ્ક્રીન પર ચાલી રહેલી ફિલ્મનાં દ્રશ્ય અપલક નજરે જોઈ રહેલી તૃષા તરસ છીપાવવા પણ ઊભી ના થઈ....ગળું સુકાઈ ગયું, મોઢું ખુલ્લું રહી ગયું, આંખો પહોળી થઈ ગઈ. અને તૃષા સ્ક્રીન પર દેખાય રહેલાં પાત્રોની દુનિયામાં ખોવાતી ચાલી, જેમાં હતાં એક છોકરો અને છોકરી. એમની વચ્ચે હતી ટીનએજ મિત્રતા.

નાદાન ઉંમર, નાજુક મન, નબળું હૃદય અને ગભરુ માનસિકતાની ધરાવતી એવી તૃષા હકીકતમાં કોઈ સાથે આવી મિત્રતા બાંધી શકે એ શક્ય નહોતું, પણ કલ્પનાની દુનિયામાં વિહરતા કોઈને રોકી થોડી શકાય છે? જે ક્ષણે તૃષાએ ફિલ્મ પૂરી કરી. બસ, એ જ ક્ષણથી એના મનમાં એક વિજાતીય પાત્રએ આકાર લીધો. અદ્દલ પોતાને ગમે એવો મિત્ર. રમતિયાળ છતાં હોશિયાર. હેન્ડસમ પણ એનું અભિમાન નહીં. છોકરીઓ એની આગળ-પાછળ ફરે, પણ એને તૃષા વ્હાલી હોય. તૃષાનું ધ્યાન રાખે, એની વાતો સાંભળે, એને સલાહો આપે. એ બંન્નેની મિત્રતાના લોકો વખાણ કરે. તૃષાએ મનમાં ઈમેજીનરી દુનિયા રચવાની શરૂ કરી. બે-ચાર દિવસ પોતે એકલી-એકલી ખુશ થઈ. ઈમેજીનરી-કાલ્પનિક મિત્ર બનાવીને જાણે એણે મોટી સફળતા મેળવી હોય એમ એ રાજી રહેવા લાગી.

થોડા દિવસો બાદ આ રાજીપો કોઈકની સાથે શેર કરવાની એને અદમ્ય ઈચ્છા થવા લાગી. એક દિવસ સાંજે પોતાની કઝિન જીયા સાથે વાતો કરતાં, ચીવટપૂર્વક એ ફ્રેન્ડને બહારની દુનિયામાં ડગ મંડાવ્યા :

'મારો એક ફ્રેન્ડ છે. એના વિશે મેં કોઈને કહ્યું નથી...'

જીયાએ એની સામે એવી રીતે જોયું જાણે એના માન્યમાં ના આવતું હોય :


'તૃષા રહેવા દે ને યાર... હું તને નાની હતી ત્યારથી ઓળખું. તારો કોઈ ફ્રેન્ડ નથી.'

'ના છે, સાંભળ...' તૃષાએ મનઘડત વાર્તાઓ શરૂ કરી :

'અરે, આ વેકેશનમાં હું મામાને ત્યાં ગયેલી ને. ત્યાં મને એ મળ્યો હતો. અને પછી તો એ હમણાં જ અમારી સ્કૂલમાં શિફ્ટ થયો છે. મારા ક્લાસમાં જ ભણે છે...'

હવે આ વાત થોડી જીયાના ગળે ઊતરી હોય એમ એણે હા એ હા કરીઃ 'હમ્મ.. શું નામ છે એનું? '

જીયાએ સ્વાભાવિકપણે પૂછ્યું ને તૃષાબેન મૂંઝાયા.



'પછી કહીશ..' એમ કહી એણે વાત બદલી નાખી, પણ એ રાત્રે એણે નામ પણ ઘડી કાઢ્યું :

'ઋતુલ... હા બસ પરફેક્ટ!' મનમાં ચાર-પાંચ વખત બોલી એ મીઠી નીંદરમાં પોઢી ગઈ.

હવે તૃષા દરરોજ અવનવાં દ્રશ્યો કલ્પવા લાગી. ઋતુલ સાથે એક એવી દુનિયા રચવા લાગી, જે હકીકતમાં નહોતી. એ પ્રસંગો પોતે ડાયરીમાં લખે. જીયાને વર્ણન કરે. અમુક અજાણ્ય માણસોને વિસ્તારથી એની અને ઋતુલની મૈત્રી વિશે વાતો કરે.

સ્કૂલમાં જોકે આ વાત કરવાની હિંમત એણે નહોતી કરી. કારણકે, એને બરાબર ખ્યાલ હતો કે ત્યાં કોઈ જૂઠને આવરી નહીં શકાય.

બારમું ધોરણ પૂરું થવાને આમ પણ માત્ર છ મહિના બાકી હતા. પછી તો તૃષાબેન અન્ય શહેરમાં અજાણ્યા લોકો અને અજાણ્યા માહોલમાં પહોંચી ગયાં. ત્યાં જઈને સૌથી પહેલું કામ ઋતુલ નામના જુઠ્ઠાણાને વેગ આપવાનું કર્યું. હોસ્ટેલની મિત્રો હોય કે કોલેજ ફ્રેન્ડસ. ઋતુલને બધાના મગજમાં પોતાના બેસ્ટ ફ્રેન્ડ તરીકે એણે જડબેસલાક ઠોકી બેસાડ્યો,

પણ એમ કંઈ છાબડે ઢાંક્યા સૂરજ થોડા ઢંકાય છે? એટલે થયું એવું કે, હોસ્ટેલની બે-ચાર ફ્રેન્ડસ કે જેની સામે તૃષા સતત ઋતુલ નામની માળા જપતી. એમણે એક દિવસ જોરશોરથી માગણી કરી :

'તૃષલી, તું જેના આટલા બધા વખાણ કરે છે એ ઋતુલને જોયા વગર અમારાથી હવે રહેવાશે નહીં. અમારે એ છોકરાને મળવું છે. ..! '

આ સાંભળી તૃષાના મોતિયાં મરી ગયાં. ઋતુલ લાવવો ક્યાંથી? એણે પોતાની રીતે પ્રયત્નો કર્યા. બસમાં- ટ્રેનમાં- કોલેજથી આવતાં- જતાં એને કોઈપણ ભોગે એવો છોકરો જોઈતો હતો, જે એની કલ્પનાના ઋતુલ સાથે મેચ થાય... પણ, પોતાની ઈમેજીનેશનનો એ આદર્શ છોકરો લાવવો ક્યાંથી?

અને કદાચ કોઈ વિરલો એવો મળી પણ જાય તો એને સમજાવવું શું ? એને મનાવવો કઈ રીતે? એને કેમ કહેવું કે તું - મારો ઈમેજીનરી-કાલ્પનિક ફ્રેન્ડ બનવાનો રોલ પ્લે કર.... આમ છતાં તૃષા એમાં સફળ રહે છે. એણે એક બકરો શોધી કાઢ્યો, પણ એમ તો તૃષાની ફ્રેન્ડ્સ ચાલાક હતી. એમને એવો અણસાર આવી ગયેલો કે, તૃષા જુઠ્ઠું બોલે છે. આ નામનું કોઈ માણસ છે જ નહીં. એ બધાંએ ભેગા મળી તૃષાનો ભાંડો ફોડવાનું નક્કી કર્યું. બધાને એને ખુલ્લી પાડવામાં રસ હતો. કોઈએ એવું જાણવાનો પ્રયત્ન ના કર્યો કે, તૃષા શા માટે આવું જુઠ્ઠુ બોલતી હશે? એવી કોઈ વ્યક્તિની વાતો કરવાની શી જરૂર છે, જેનું આ દુનિયામાં અસ્તિત્વ જ ના હોય?

હકીકતમાં કોઈ એકલતા, કંટાળો, યોગ્ય સાથનો અભાવ કે જાતને અન્યો કરતાં અલગ દેખાડવાની ભાવના જેવા કારણોસર અમુક ટીનએજર્સ આ પ્રકારે કાલ્પનિક મિત્રો ઊભા કરતાં હોય છે. મોટાભાગે બિનહાનિકારક આ ટેવ ક્યારેક તૃષાના જેવી ઉપાધિ નોતરી આવે છે.

તૃષાની હમઉમ્ર બહેનપણીઓ પાસેથી આવી કોઈ સમજણની વધુ અપેક્ષા થોડી રાખી શકાય! એ બધાં માટે તો તૃષાના કાલ્પનિક દોસ્તનું એનકાઉન્ટર કર્યે છૂટકો. સામે તૃષા પણ કોઈ રીઢો ગુનેગાર તો હતી નહીં એટલે થર્ડ ડિગ્રી ટોર્ચરની જરૂર પડે એ પહેલા ભાંગી પડી. અપમાન, અવહેલના, ભોંઠપથી ઘેરાયેલી તૃષાની હાલત કાપો તો લોહી ના નીકળે એવી થઈ ઊઠી. એની ફ્રેન્ડ્સના કહેવા મુજબ એ એક માનસિક રોગી છે. એને ટ્રીટમેન્ટની જરુર છે. એ એબનોર્મલ છે....

તૃષાએ જાતને રૂમમાં પૂરી દીધી. પૂરા બે અઠવાડિયા એ દુઃખ, હતાશા અને ઉદાસીના કબ્જામાં રહી. રોઈ-રોઈને આંખો નીચોવી નાખી. પોતાની જાતને અરીસામાં જોવી ગમે નહીં એવી હાલત કર્યા બાદ અંતે મનમાં ચાલી રહેલી ગડમથલનો તાગ મેળવવા એણે સાયકિયાટ્રીક ડોક્ટરનો નંબર ડાયલ કર્યો. હવે કોઈપણ ભોગે જાતને ઓળખવી જ રહી વિચારી એણે દિવસો બાદ રૂમની બહાર ડગ માંડ્યા...કાલ્પનિક દુનિયામાંથી બહાર આવીને વાસ્તવિક જગતમાં ફરી પ્રવેશવા માટે ! ■

ફોકસ
feedback.ladki@bombaysamachar.com

### ઈન્દુબહેન પટેલ :

# આ શતાયુ શિક્ષિકા બન્યાં છે અનેકનાં પથદર્શક..!



ઈન્દુબહેનનો જન્મ ૮ ઓગસ્ટ ૧૯૨૫ દાહોદમાં થયો હતો. એમનાં પિતાજી અને નાનાજી રેલવેમાં કામ કરતા હોવાથી એમનું પોસ્ટિંગ અલગ અલગ ઠેકાણે થતું હતું.૧૯૪૫ એમણે મેટ્રિક્યુલેશન મહેસાણાથી કર્યું. ૧૯૪૮મેં પિતાજીની ટ્રાન્સફર મુંબઈમાં થઈ. અહીં એમની ઓળખાણ માધુરીબહેન સાથે થઈ અને એમનું જીવન જ પલટાઈ ગયું.

ઈન્દુબહેને ટીચર બનવું હતું એટલે મુંબઈમાં મોન્ટેસરીનો કોર્સ કર્યો. હેમલતાબહેન માલવીએ માધુરીબહેન મારફત ઈન્દુબહેનને સંદેશો મોકલ્યો કે વિલે પાર્લાની શાળામાં એક મોન્ટેસરીમાં શિક્ષિકાની જરૂર છે, તેઓ મળ્યા અને પછી થઇ

નવસમાજ મંડળ શાળામાં એ પહેલા બેચથી જ શિક્ષિકા તરીકે જોડાયાં. ચાલુ નોકરીએ એ SNDTમાં એક્સ્ટ્રેન્ડેન્ટ કેન્ડિડેટ તરીકે રજિસ્ટ્રેશન કરાવ્યું અને FY, ઈન્ટર, BA, MA અને M ed કર્યું. હિન્દી અને ગુજરાતી સાથે MA કર્યું કોવિદ હિન્દીની પરીક્ષા પાસ કરી. ઈન્દુબહેને BA કર્યા પછી સેકેન્ડરીના વિદ્યાર્થીઓને શીખવવાનું ચાલુ કર્યું.

૧૯૬૫માં કોઈ અંગત કારણોસર શાળાના પ્રિન્સિપાલ ચેતના બહેને નોકરી છોડી એટલે એમને શાળાના પ્રિન્સિપલ બનવાનો તક મળી. ૧૯૮૩ સુધી એ શાળાના પ્રિન્સિપાલ રહ્યા અને લગભાગ ત્રણ દાયકા સુધી એજ્યુકેશન ડિરેક્ટર તરીકે શાળા સાથે સંકળાયેલાં રહ્યાં. ૧૯૭૦-૭૨ દરમિયાન ઇન્દુબહેન ઉચ્ચ ભણતર માટે અમેરિકા ગયાં અને MS કર્યું.

આજે આ ઇન્દુબહેન પટેલનું નામ સાંભળતાં જ આપણા મનમાં એક શિક્ષકના રૂપમાં દીર્ઘકાળથી ઝળહળતી ચહેરાની છબી ઊભી થાય છે. આજે જ્યારે એ પોતાના જીવનનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યાં શતાબ્દી વટાવી છે ત્યારે માત્ર એમની આયુ જ નહીં, પણ એમની શિક્ષણસેવાની યાત્રા પણ એટલી જ ગૌરવભેર યાદગાર બની રહી છે.

બાળપણથી જ શિક્ષણ પ્રત્યે રુચિ ધરાવનારાં ઈન્દુબહેનએ પોતાના જીવનના અનેક દાયકા માત્ર શિક્ષણકાર્યમાં અર્પણ કર્યા. લાખો વિદ્યાર્થીઓને દિશા આપનારા આ શતાયુ શિક્ષિકા સૌની આંખે આદરરૂપ છે. શિક્ષક તરીકે એ માત્ર પાઠ ભણાવતા

**‘શિક્ષક એ એવો દીવો છે, જે પોતે બળીને અન્યના જીવનમાં પ્રકાશ ફેલાવે છે’ ઈન્દુબહેન પટેલ તેનું જીવંત ઉદાહરણ છે**

નહીં, પણ જીવન જીવવાની સાચી દિશા પણ ચીંધતાં. આજના દિવસે, જ્યારે એ જીવનના ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહયાં છે ત્યારે આખો સમાજ એમનો અભિમાનભેર અભિવાદન કરી રહ્યો છે. જે શાળામાં શિક્ષણકાર્ય શરૂ કર્યું તે શાળા આજે પણ એમની ઉપસ્થિતિને ગૌરવભેદ યાદ કરે છે.

બાળપણથી જ એમની આગવી ઝીણવટભરી સમજશક્તિ અને વાંચન લેખન પ્રત્યેનો રસ ઊંડો હતો. નાનાં બાળકોને ભણાવવાની ઉત્સુકતા એમનું ખરા અર્થમાં ધ્યેય બની ગઈ હતી. ઇન્દુબહેન માત્ર શાળાના પાઠ જ નહોતાં ભણાવતાં પરંતુ વિદ્યાર્થીમાં સંસ્કારના બીજનું પણ વાવેતર કરતાં હતાં.

હંમેશા ખાદીનાં વસ્ત્રોમાં એ એકદમ સૌમ્યએવામ ઈન્દુબહેન સ્વભાવે ખૂબ જ સરળ અને શાંત છે. કુદરતની કૃપાથી એમને કદી દવા લેવી નથી પડી. ક્યારેક બહુ જરૂર પડે તો હોમીયોપથી દવા લે. જો કોઈ એમને પૂછે કે ‘તમે આ ઉંમરે આટલાં સ્વસ્થ કઈ રીતે છો?’ તો એ હસતાં હસતાં કહે છે કે ‘હું કદી કોઈ દવા લેતી નથી એટલે!’ સાથે એવું પણ ઉમેરે કે ‘તમારા બધાંના સ્નેહને લીધે જ હું આટલી સ્વસ્થ છું.!’

એ ક્યારેય એકપણ વિદ્યાર્થી સાથે ઊંચા અવાજે બોલ્યા નથી એમની હાજરી જ આખા કલાસને શાંત કરી દે.

કોઈ એવો વિદ્યાર્થી નહિ હોય કે જે ઈન્દુબહેનને ન ઓળખતો હોય. શાળાનાં વિદ્યાર્થી તો પોતાના શિક્ષકને હંમેશા યાદ જ રાખે પરંતુ એવું કયારેય સાંભળ્યું છે કે, એક શિક્ષિકા એમના દરેકે વિદ્યાર્થી અને એના પરિવારનેપણ જાણતા હોય?! ઇન્દુબહેનની યાદશક્તિ હજી પણ એટ્લી જ તીવ્ર છે કે એમને જો કોઈ ૭૦ વર્ષના વિદ્યાર્થી મળવા આવે તો પણ એ કહી દે કે એ કયા બેચમાં હતો, કઈ બેન્ચ પર બેસતો અને એનો પરિવાર શું કરે છે?!. આના પરથી ખ્યાલ આવે કે પોતાના વિદ્યાર્થી સાથે કેટલી બધી અત્મીયત છે...!.

પહેલા શાળા ગુજરાતી મીડિયમ હતી ત્યારે એમનો આગ્રહ એવો હતો કે ૫ ધોરણ પછી અંગ્રેજી ચાલુ કરવું જેથી બાળકને અંગ્રેજી શીખવાનો અનુભવ મળે.

એમનો એક પૂર્વ વિદ્યાર્થી યાદ કરીને કહે છે કે, અમે અવારનવાર ઈન્દુબહેનને મળવા જતા. એક વખત એવો વિચાર આવ્યો કે એ હવે નિવૃત થઇ ગયા છે તો આર્થિક રીતે એમને થોડા મદદરૂપ થઈએ અને અમે એમના ઘરે પહોંચી ગયા. વાત વાતમાં એમને ખ્યાલ આવી ગયો એટલે એમણે સામેથી અમુક રકમ અમને આપીને કહ્યું કે આ તમારા NGO માટે. જે વ્યક્તિ આટલી મોટી ઉંમરે પોતાની સુરક્ષાનો વિચાર ન કરીને બીજા માટે હંમેશાં ઊભે પગે હોય એમને સાક્ષાત નમસ્કાર...! ■

વાર-તહેવાર
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# આયા શ્રાવણ ઝુમકે...!

## આસ્થા + વિજ્ઞાનનો છે આ મહિનો!



તમે ક્યારેય વિચાર્યું છે કે, ઘણા લોકો શ્રાવણ માસમાં શું કામ ઉપવાસ કરતા હશે?

વેલ, શ્રાવણ મહિનામાં ઉપવાસ કરવાની પ્રક્રિયામાં એક કારણ ધાર્મિક છે તો તેની સાથે અમુક વૈજ્ઞાનિક કારણ પણ સંકળાયેલાં છે.

શ્રાવણ મહિનો આવવાનો હોય તેની પહેલાં મોટા ભાગના આસ્થાળુ ઉપવાસ ક્યારે અને કેટલા કરવા તેનું પ્લાનિંગ શરૂ કરી દેતા હોય છે અને એ પોતાની ધાર્મિકતાને ધ્યાનમાં રાખી ઉપવાસ કરે છે. શ્રાવણ મહિનામાં પુણ્ય કમાઈ લઈએ તે દ્રષ્ટિએ એ ઉપવાસ કરે છે તો બીજી તરફ એક વર્ગ એવો છે,જે ડાયેટની દ્રષ્ટિએ કરે છે . શ્રાવણના અમુક દિવસોમાં ખાણી- પીણીની પરેજી રાખીને એ શરીરને ચુસ્ત બનાવવાની કવાયત કરે છે. આમ બધાની માન્યતા અને ધારણા ઉપવાસ કરવા માટે અલગ અલગ હોય છે.

જોકે, ઉપવાસ કરવા એ બધાના ગજાની વાત નથી. પૌરાણિક કથાઓ દ્વારા આપણે જાણ્યું છે કે કેટલાય સંત - ગુરુઓ ઘણાં વર્ષો સુધી ઉપવાસ કરતા. એવા કઠિન તપ દ્વારા ઉપવાસ કરવાવાળો એ વર્ગ આખો અલગ જ છે. આસ્થાની વાત બાજુ પર રાખીએ તો આપણું શરીર કુદરતી રીતે એટલું સરસ રીતે ઘડવામાં આવ્યું છે કે, જો તમે ૨૧ દિવસ સુધી અમુક વાનગીઓ ખાધા વગર ભૂખ્યા રહી શકો તો તમે આખું જીવન પણ એ ખાધા વગર જીવી શકો છો. ઉપવાસ કરવાથી તમારા આંતરડાંને આરામ મળે છે અને તેમાં કોઈ ખરાબી હોય તો એ આપમેળે સુધરે પણ છે.

ઉપવાસમાં અમુક જ વાનગીઓ ખાવાની હોય છે અને બીજા જન્ક ફૂડથી દૂર રહેવાનું હોય છે. ખાસ કરીને નોન વેજ ખાનારા શ્રાવણના એક મહિના માટે નોનવેજ-માંસાહાર એકદમ બંધ કરી દે છે. આ દિવસોમાં ભજીયા- સમોસા- વડા -પાવ અને વધારે તીખું ખાવાનું બંધ હોય છે તેથી તમારું લીવર અને કિડની ડિટોક્સિફાઇડ થાય છે શરીરની શુદ્ધિ થાય છે અને એ અંગોને પૂરતો આરામ મળે છે.

શહેરના અમુક અનુભવી ડાયેટિશિયન્સના મતે ઉપવાસ કરવાથી મેટાબોલિઝમ (ચયાપચય) સુધરે છે. બ્લડ સુગર અને ઘટતી-વધતી ઇન્સ્યુલિનની માત્રા કન્ટ્રોલમાં રહે છે. ઉપવાસથી માનસિક શાંતિની સાથે આધ્યાત્મિક અને ધાર્મિક રુચિ વધે છે. જો તમે ઉપવાસ નિયમિત કરતા હશો તો તમને પોતાને ખ્યાલ આવશે કે, જંક ફૂડની ક્રેવિંગ- તલપ ઓછી થઇ જશે.

ડાયેટિશિયન્સના મતે મોટા ભાગના લોકો આખું વર્ષ ખાવામાં કોઈ જાતની પરેજી પાળતા નથી. તેથી બધાએ એક યા બીજાં કારણસર પણ વાર તહેવારે ઉપવાસ કરવા જોઈએ. ઉપવાસ હોય એટલે તમારે ખાવામાં કન્ટ્રોલ કરવો પડે અને અમુક વાનગીઓનો ત્યાગ કરવો પડે છે તેથી જ ઉપવાસ કરવા માટે શ્રાવણ મહિનો ખૂબ જ યોગ્ય છે, કારણ કે અહીં ધાર્મિકતા સાથે વૈજ્ઞાનિક કારણો પણ સંકળાયેલાં છે.

### ઉપવાસ કઈ રીતે કરવો?

ઉપવાસ એટલે કે ફાસ્ટિંગ કરવાની પણ એક રીત હોય છે. જો તમે દિવસમાં માત્ર એક જ વાર થાળી ભરીને ફરાળ ખાશો તો તમને જરૂરથી નુકસાન પહોંચશે. આ બિલકુલ ખોટી રીત છે. દિવસમાં એક જ વખત ખાવાથી એસિડિટી થશે અને થાક પણ લાગશે...

જો તમને એક વખત ખાઈને જ ફાસ્ટિંગ કરવું હોય તો છાશ, નારિયેળપાણી, હર્બલ ટી વગેરે પીતા રેહવું જોઈએ, જેથી કરીને શરીરમાંથી પાણી ઓછું ન થઈ જાય - ડિહાઇડ્રેટ ન થઇ જવાય.

એક જ વખત ખાવું હોય તો ડોક્ટરની સલાહ લઈને ફાસ્ટિંગ કરી શકાય અને પ્રોટિનયુક્ત અને ગુડ ફેટ્સવાળો ખોરાક ખાવો જોઈએ. જો તમને ડાયાબિટીસ હોય કે પછી તમે સગર્ભા હોવ તો તમારે ડોક્ટરના સુપરવિઝન સાથે જ ફાસ્ટિંગ કરવું જોઈએ.

એક નિષ્ણાત તબીબના કહેવા અનુસાર આજકાલ બધાને જ સોશિયલ મીડિયા પર દેખાડવામાં આવેલું ડાયેટ કરવું છે. બધાની ડાયેટ ડેફિનેશન અલગ છે. તમારો ડાયેટ પ્લાન એ તમારી લાઇફસ્ટાઇલ પર ડીપેન્ડ કરે છે. કોઈનું આંધળું અનુકરણ કરવું નહીં. ડાયેટમાં પણ ઘણા પ્લાન હોય છે .

તમારી હેલ્થને ક્યો ડાએટ પ્લાન સૂટ કરે છે તે માત્ર એક ડોક્ટર જ કહી શકે તેથી જ ડોક્ટરની સલાહ અનુસાર જ ડાએટ કરવું.

### ઉપવાસમાં શું ખાવું ને શું છે એનાં ફાયદા...

**ફળ ને શાકભાજી :**

કેળા, પપૈયા, સફરજન, દૂધી, કાકડી, બટેટા અને શક્કરિયા. આ બધા જ ફળો અને શાકભાજી ખૂબ જ રિચ ઈન ફાઈબર હોય છે. ફળો અને શાકભાજીમાં કુદરતી રીતે પાણીનું પ્રમાણ વધુ હોય છે, જે શરીરને હાઇડ્રેટ રાખવામાં મદદ કરે છે. તેમાં એન્ટીઓક્સિડન્ટ્સ પણ હોય છે, જે ઓક્સિડેટિવ તાણથી બચાવે છે અને સમય પહેલા વૃદ્ધત્વને ટાળવામાં મદદ કરે છે.

**મીલેટ્સ :**

મીલેટ્સ એટલે કે, રાજગીર, સામો, સાબુદાણા, કૂટીનો ડારો, શીંગદાણાનો લોટ વગેરે. આ બધા જ લોટ ગ્લુટેન ફ્રી હોય છે, જેથી એ ખાવાથી પેટ તો ભરાય જ છે સાથે શરીર સ્ફૂર્તિ ચુસ્તી અનુભવે છે. આ બધા જ લોટ પચવામાં હલકા છે

**ડેઅરી પ્રોડકટ :**

ડેઅરી પ્રોડક્ટ્સ એટલે દૂધ, દહીં, છાશ અંને પનીર. આ બધા બેકરી પ્રોડક્ટ્સમાં ખૂબ જ કેલ્શિયમ અને પ્રોટિન હોય છે. પ્રિ -બાયોટિક હોવાના કારણે આંતરડાંમાં જે બેક્ટેરિયા હોય છે તેને સારા બેક્ટેરિયામાં રૂપાંતર કરે છે અને પાચનક્રિયા સુધારે છે.

**ડ્રાય ફ્રૂટ- શીંગદાણા :**

ડ્રાય ફ્રૂટ અને શીંગદાણા ખાવાથી મગજને સારું પોષણ મળે છે. એમાં રહેલાં તત્ત્વો મગજને પોષણ પૂરું પાડે જ છે સાથે એ શરીર માટે પણ એટલા જ મહત્ત્વના છે.

## હું શા માટે શ્રાવણ મહિનો પાળું છું?



મનીષ દેડિયા

શ્રાવણના પવિત્ર મહિના દરમિયાન, ઘણા હિન્દુ ધર્મી મુખ્યત્વે ધાર્મિક અને આધ્યાત્મિક કારણોસર ધૂમ્રપાન અને દારૂ પીવાનું ટાળે છે, કારણ કે આ પદાર્થોની નકારાત્મક ઊર્જા આધ્યાત્મિક અનુભૂતિમાં વિક્ષેપ પાડે છે. વધુમાં, શ્રાવણ એ ભગવાન શિવ પ્રત્યેની ભક્તિ દર્શાવવાનો સમય છે અને આવાં નશીલાં પદાર્થનું સેવન દેવતા પ્રત્યે અપમાનજનક વર્તન માનવામાં આવે છે.

મુંબઈ- કાંદિવલી પરામાં રહેતા ૫૩ વર્ષીય મનીષ દેડિયાનું કહેવું છે કે, હું ૪૫ દિવસનો શ્રાવણ મહિનો કરું છું. હું એકલો જ નથી, મારું આખું મિત્ર વર્તુળ- અમે બધા સાથે મળીને શ્રવણ મહિનો ઉજવીએ છીએ. અમારા માટે તો જાણે ૪૫ દિવસ તહેવાર જેવા જ હોય. આ દરમિયાન અમે કોઈ જ દારૂ કે સિગારેટ પીતા નથી... કાંદા- લસણ ખાતા નથી. હું આખો મહિનો માત્ર ફ્રૂટ્સ અને લિક્વિડ- પ્રવાહી પર રહું છું. ખાસ વાત તો એ છે કે, હું ૪૫ દિવસમાં રોજ એક શિવાલયમાં દર્શન કરવા જાઉં છું.... આ ઉપરાંત દર સોમવારે અમે બધા સાથે મળીને અભિષેક, રુદ્રી કે હવન કરીએ છીએ....



ચિંતન મહેતા

મુંબઈ- પાર્લા પરામાં રહેતા ૪૬ વર્ષીય ચિંતન મહેતા નું કહેવું છે કે, ‘હું ૪૫ દિવસનો શ્રાવણ મહિનો એકટાણાં કરું છું. છેલ્લાં ૧૪ વર્ષથી હું શ્રાવણ મહિનામાં અને શિવરાત્રીના દિવસે પશુપતિનાથ અચૂક જાવ છું. આ ૪૫ દિવસ માટે દારૂ કે સિગારેટનો ત્યાગ કરો છો?’ એના જવાબમાં ચિંતન રસપ્રદ વાત કરતા કહે છે કે, ‘શિવજીને પૂજવા માટે કઈ ત્યાગ કરવાની જરૂર નથી. તમે નાહ્યા વગર પણ દૂધ ચડાવા જાવ તો પણ ભગવાન નારાજ નથી થતા. શિવજી તો તમારી શ્રદ્ધા જુવે છે. ઘણાં વર્ષોથી ચાલતું આવ્યું છે કે દારૂ નહીં પીવાનો એટલે હું પણ એ નિયમ પાળું છું. બાકી એનું સેવન ન કરવાનું કોઈ ચોક્કસ કારણ નથી. જ્યારથી હું પશુપતિનાથ ગયો છું ત્યાર પછી મારી શ્રદ્ધા એક અતૂટ વિશ્વાસમાં ફેરવાઈ છે કે ચોક્કસ એક શક્તિ છે, જે આપણી સાથે છે અને જે અનંત છે.’ ■

ફેશન
ખુશી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# કેવી લેસ સિલેક્ટ કરશો?



લેસ એટલે , હાફ ઈંચથી લઈને પાંચ થી છ ઈંચ જેટલો પટ્ટો. જે ઘણી વેરાઈટીમાં આવે છે. પહેલા લેસ માત્ર હાથના કામમાં અને મશીન એમ્બ્રોયડરીમાં બનતી. ધીરે ધીરે જેમ ફેશનમાં સજાગતા આવતી ગઈ તેમ તેમાં વેરીએશન બનતા ગયા. જેમકે, લેસ, ભરતકામવાળી લેસ, વણાયેલી લેસ (સાડી પર જરી), કાપડ પર છાપેલી લેસ, વુલન, લાઈક્રા વગેરે વગેરે. લેસનો ઉપયોગ કપડાને સુશોભિત કરવા માટે થાય છે. બોર્ડર્સથી ડ્રેસ ઉઠે છે અને એક એક્સ્ટ્રા એલિમેન્ટ ઉમેરાય છે. ચાલો જાણીએ લેસનો ઉપયોગ કઈ રીતે કરી શકીયે.


લેસમાં આમ જોઈએ તો, બે ટાઇપ ખૂબ જ કોમન છે. એક ક્લોઝ બોર્ડર્સ અને બીજી કાંગરી વાળી. બન્ને લેસ અલગ અલગ રીતે વાપરી શકાય. જેમકે સાડીમાં, દુપટ્ટામાં, સ્લીવમાં જો લેસ મુકવી હોય તો ક્લોઝ લેસ વધારે સારી લાગશે. ક્લોઝ લેસ એક ફિનીશ લૂક આપે છે. ક્લોઝ લેસ જો ડ્રેસ પર મુકવી હોય તો એક ચોક્કસ ડિઝાઈનની ઝરૂર હોય છે.

ડ્રેસ - મોટા ભાગે ડ્રેસમાં મશીન એમ્બ્રોયડરીથી બોર્ડર કરવામાં આવે છે. જ્યારે મશીન એમ્બ્રોયડરીનો ઉપયોગ કરવામાં આવે ત્યારે ડ્રેસના બેઝને આધારે એમ્બ્રોયડરીમાં વાપરવામાં આવતા થ્રેડની પસંદગી કરી શકો. જેમકે, વાઈટ કલરનો ડ્રેસ હોય તો તેની પર પીંક, બ્લૂ, રેડ, ગ્રીન, યલ્લો વગેરે જેવા કલર સારા લાગી શકે. જો બ્લેક કલરનો ડ્રેસ હોય તો મરુન, બેજ અને ગોલ્ડન કલરની એમ્બ્રોયડરી સારી લાગશે. પરંતુ હવે કોઈ મશીન એમ્બ્રોયડરી કરાવતું નથી. જેઓને આમાં આગવી સૂઝ હોય તેઆ જ કરાવે છે.

રેડી બોર્ડર્સ - રેડી બોર્ડર્સ એટલે કે જે આખી રેડી જ મળે છે. જેમાં અલગ અલગ જાતના વર્ક કરેલા હોય છે. સાડી અને ડ્રેસને તમારે કેઝ્યુઅલ લૂક આપવો છે કે ફોર્મલ એ લેસના આધારે નક્કી થશે. તેથી લેસના સિલેકશનમાં ખાસ ધ્યાન આપવું. રેડી બોર્ડર્સમાં તમારે કોઈ જ માથાજીક કરવાની જરૂર પડતી નથી, માત્ર તમારા ડ્રેસને અનુરૂપ બોર્ડર મીકસમેચ કરવાની હોય છે. બનારસી બોર્ડર્સનો ઉપયોગ પણ કરી શકાય. આ બોર્ડર્સને કોઈ પ્લેન કલરની સાડી પર મુકી એક ટ્રેડિશનલ છતાં સ્ટાઈલીશ લૂક આપી શકો.

જો તમારે ડ્રેસમાં કોઈ પેર્ટન ન આપવી હોય તો લેસથી પણ સુંદર લૂક આપી શકાય. જેમકે ઓફ વાઈટ કલરના ડ્રેસ સાથે પ્યોર લાલ કલરની લેસ લગાવી એક એલીગન્ટ લૂક આપી શકાય. અને લાલ ઓરગેન્ઝાનો દુપટ્ટો એક અલગ જ લૂક આપશે. કે પછી રાણી કલરના ડ્રેસમાં બ્લૂ કલરના બેઝ પર થયેલી પારસી વર્કની લેસ એક સુંદર લૂક આપશે. ખાસ નોંધવાની વાત એ છે કે, જો તમારે લેસનો ઉપયોગ કરવો હોય તો તમારો ડ્રેસ પ્લેન હોવો જોઈએ. જેથી તમારા ડ્રેસનો ઉઠાવ આવે.

### બોર્ડર્સ ક્યાં અને કેવી રીતે નાખવી



બોડર્સ મુકવાની એક રીત હોય છે . તમારા બોડી સ્ટ્રકચરને આધારે લેસનો ઉપયોગ કરવાનો હોય છે. સૌથી કોમન સ્ટાઈલ લેસ મુકવાની એટલે કુર્તા પટ્ટી અને યોક પર. આ પેર્ટન કયારેય આઉટ ઓફ ફેશન થતી નથી. સીમ્પલ છતા એલીગન્ટ લૂક આપે છે. કુર્તા પટ્ટી સ્ટાઈલ ખૂબ જ કોમન હોવા છતાં સુંદર લાગે છે અને બધી જ ઉંમરની મહિલાઓ પહેરી શકે છે. યોકમાં લેસ મુકતી વખતે ખાસ ધ્યાન આપવું કે, તમારુ બોડી હેવી છે કે સુડોળ છે. એટલે કે, જો હેવી બોડી હોય અને બસ્ટ લાઈનની નીચે યોક આપશો તો ઓવર ઓલ તમે હેવી લાગશો. હેવી બોડી વાળી મહિલાઓએ ખાસ કરીને નેક લાઈનમાં લેસ લઈને હેમલાઈન સુધી મુકવી અને હેમ લાઈનમાં ચાર ઈંચની બોડર્ર મુકવી. જેઓનું શરીર સુડોળ છે તેઓ યોક પર લેસ મુકી શકે છે.

સુડોળ શરીરવાળા બ્રોડ લેસ મુકી શકે જ્યારે હેવી શરીર ધરાવતી મહિલાઓએ ડેલીકેટ લેસ મુકવી જોઈએ. કાપડને અનુસાર લેસની પસંદગી કરવી જોઈએ. જેમકે, સીલ્કના કાપડમાં બનારસી કે પછી વેલવેટની લેસ સારી લાગે. લીનનનાં કાપડમાં વુલન કે પછી કોટનની લેસ સારી લાગશે. જો તમારો ડ્રેસ પ્રિન્ટેડ હોય તો માત્ર હાઈલાઈટીંગ માટે જ લેસ મુકવી. હાઈલાઈટીંગ માટે જે લેસ મુકવામાં આવે તે હંમેશાં ડેલીકેટ હોવી જોઈએ. જો તમને બોડી પર લેસ ન મુકવી હોય તો, સ્લિવ્સમાં મુકી એક અલગ લૂક પણ આપી શકાય.

- ખાસ નોંધ લેવા જેવી વાત
- લેસથી આખો ડ્રેસ ભરી ન દેવો.
- જો કોટન થ્રેડ વાળી લેસ હોય તો, ડ્રેસને ધોતી વખતે ખાસ ધ્યાન રાખવું.
- હેવી વેલવેટવાળી લેસવાળા ડ્રેસને મશીનમાં ધોવાનું ટાળવું.
- જરદોસી વર્કવાળી બોર્ડરને હળવેથી હાથેથી જ ધોવા. ■

# બિહાર મતદાર યાદીની સમીક્ષા મુદ્દે લોકસભામાં ચર્ચાની સરકારની સાફ ના

## આખો મામલો સુપ્રીમ કોર્ટ વિચારાધીન હોવાની કેન્દ્રની દલીલ

નવી દિલ્હીઃ બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પર ચર્ચાની માંગને લઈને સંસદમાં ચાલી રહેલા મડાગાંઠને ઉકેલવા માટે વિપક્ષે ''મધ્યમ માગ''ના રૂપમાં ''ચૂંટણી સુધારા'' પર ચર્ચા કરવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, એમ વિપક્ષી પક્ષોના સૂત્રોએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે જોકે સરકારે હજુ સુધી આ પ્રસ્તાવનો જવાબ આપ્યો નથી. જોકે, સરકારી સૂત્રોએ સંકેત આપ્યો હતો કે શાસક પક્ષ આવી કોઈપણ ચર્ચા કરવાને લઈને સહમત થાય તેવી કોઈ શક્યતા નથી.

બિહારમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર) મામલો સુપ્રીમ કોર્ટમાં વિચારાધિન હોવાથી આ મુદ્દે લોકસભામાં ચર્ચા થઇ શકે નહિ. લોકસભાના નિયમો ગૃહમાં ચુકાદો લેવાનો બાકી હોય તેવા મુદ્દે ચર્ચા કરવાની મંજૂરી આપતા નથી. આ માહિતી કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ આપી હતી.

બપોરે બે વાગ્યે ફરી ગૃહની કાર્યવાહી શરૂ થઇ હતી. તે સાથે જ વિપક્ષે ચૂંટણી સુધારા મુદ્દે ચર્ચાની માગણી કરતાં વિરોધ ચાલુ રાખ્યો હતો. કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન રિજિજુએ જણાવ્યું કે લોકસભાના નિયમો કોર્ટમાં પેન્ડિંગ કેસ પર ગૃહમાં ચર્ચા કરવાની મંજૂરી આપતા નથી. તેમણે એમ પણ જણાવ્યું કે ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત સંસ્થાઓની કામગીરી પર સંસદમાં ચર્ચા કરી શકાતી નથી. તેમણે સભ્યોને મુખ્ય બિલો પસાર કરતી વખતે ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરી હતી.

કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ લોકસભામાં કહ્યું હતું કે લોકસભામાં બિહાર એસઆઇઆર પર ચર્ચા કરી શકાતી નથી કારણ કે લોકસભાના નિયમ તેની મંજૂરી આપતા નથી. તેમણે કહ્યું હતું કે આ મામલો હાલમાં કોર્ટમાં વિચારણા હેઠળ છે એટલા માટે સંસદમાં તેની ચર્ચા કરી શકાતી નથી.

દરમિયાન, કોંગ્રેસના મહાસચિવ (કોમ્યુનિકેશન) જયરામ રમેશે લોકસભામાં પાર્ટીના ડેપ્યુટી લીડર ગૌરવ ગોગોઈની એક પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંસદમાં ચૂંટણી સુધારા અને ચૂંટણી પંચના કામકાજ પર ચર્ચા કરવાનો લાંબો ઇતિહાસ રહ્યો છે. જયરામ રમેશે કહ્યું હતું કે ગોગોઈએ શાનદાર સંશોધન કર્યું છે અને મોદી સરકારના ખોટા દાવાઓનો સંપૂર્ણ રીતે પર્દાફાશ કર્યો છે, જે સંસદને સુવ્યવસ્થિત રીતે કામ કરતા અટકાવી રહી છે.'' ■



**હર હર મહાદેવઃ** ગંગા નદીમાં ભયંકર પૂર આવ્યા છે અને ઋષીકેશમાં પરમાર્થ નિકેતન ઘાટમાં આખું મંદિર ડૂબી ગયું છે માત્ર મહાદેવની મૂર્તિ જ નદીની બહાર દેખાય છે. (એજન્સી)

**કેદારનાથ હોય કે હોય ધરાલી...**

# ઉત્તરાખંડમાં ચેતવણીઓને સતત નજરઅંદાજ કરાઈ

નવી દિલ્હીઃ ધરાલીમાં ખીર ગંગા નદીમાં અચાનક આવેલા પૂરથી થયેલા મોત અને વિનાશે ૨૦૧૩ કેદારનાથ આફતમાં જીવિત રહેલી ગીતાની દર્દનાક યાદો તાજી કરી દીધી હતી. ગીતાએ તે કુદરતી આફતમાં પોતાના પરિવારના ચાર સભ્યો ગુમાવ્યા હતા, જે ૨૦૦૪ની સુનામી પછી ભારતમાં આવેલી સૌથી ભીષણ આફત હતી. તેણીએ નવી દિલ્હી સ્થિત પોતાના ઘરમાં ટીવી પર દૃશ્ય જોતા કહ્યું હતું કે ''કેદારનાથમાં પણ આવું જ બન્યું હતું.''

૨૦૧૩ની આ આપત્તિ ૨૪ કલાકમાં ૩૦૦ મિ.મી.થી વધુ વરસાદને કારણે આવી હતી.

### આ રહી ૧૨ વર્ષની આફતોની તવારીખ

-૧૮ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ઉત્તરકાશીના આરાકોટ પ્રદેશના ટિકોચી અને મકુડી ગામોમાં વાદળ ફાટવાથી અચાનક પૂર અને ભૂસ્ખલન થયું હતું, જેમાં ઓછામાં ઓછા ૧૯ લોકો માર્યા ગયા અને ૩૮ ગામોને અસર થઈ.

-ફેબ્રુઆરી ૨૦૨૧માં એક ગ્લેશિયર તૂટવાથી ઋષિગંગાની એક સહાયક નદી રોંટીમાં કાટમાળનો પ્રવાહ આવ્યો હતો, જેનાથી ચમોલીમાં બે જળવિદ્યુત પ્રોજેક્ટ તણાઈ ગયા હતા. ૮૦ મૃતદેહો મળી આવ્યા હતા.

-આગામી વર્ષે ઓગસ્ટમાં માલદેવતા-સોંગ-બલ્દી નદીમાં વાદળ ફાટવાથી આવેલા અચાનક પૂરમાં દેહરાદૂન નજીક માલદેવતા શહેરનો મોટા ભાગ ધોવાઈ ગયો.

-નિષ્ણાતો કહે છે કે ધરાલી આફત ૨૦૨૧ની ચમોલી દુર્ઘટના જેવી જ છે. ૨૦૨૧માં ચમોલી દુર્ઘટનાએ ૨૦-૨૨ કિમીના વિસ્તારને અસર કરી હતી પરંતુ અલકનંદા નદીના નીચલા હિસ્સાને અસર થઈ નહોતી.

જર્નલ ઓફ ધ જીઓલોજિકલ સોસાયટી ઓફ ઈન્ડિયામાં ગયા મહિને પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં ૨૦૧૦ પછી ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને સપાટીના વહેણની ઘટનાઓમાં તીવ્ર વધારો થયો હોવાની પુષ્ટી કરવામાં આવી છે. ■

# મુંબઈમાં જન્મેલા રેશમા કેવલરમાની બિઝનેસમાંના ટોચના ૧૦૦ અગ્રણીની યાદીમાં

નવી દિલ્હીઃ બિઝનેસમાંના ૧૦૦ સૌથી વધુ શક્તિશાળી લોકોની ફોર્ચ્યુનની યાદીમાં મુંબઈમાં જન્મેલા મહિલા રેશમા કેવલરમાનીએ માર્ક ઝકરબર્ગ અને મુકેશ અંબાણી જેવા અન્ય અગ્રણીઓની સાથે સ્થાન મેળવ્યું છે. રેશમા કેવલરમાની બાયોટૅક્નોલૉજી ક્ષેત્રની અગ્રણી કંપનીનાં પ્રથમ મહિલા સીઇઓ છે. રેશમા કેવલરમાની ૧૧૦ અબજ ડૉલરની વૅલ્યૂ ધરાવતી કંપની - વર્ટૅક્સ ફાર્માસ્યૂટિકલ્સનાં સીઇઓ છે.

રેશમા કેવલરમાનીનો જન્મ મુંબઈમાં થયો હતો અને તેઓ ૧૧ વર્ષનાં હતાં ત્યારે પરિવાર સાથે અમેરિકા ગયાં હતાં. તેમણે પોતાની કારકિર્દી મેસેસ્યુસેટ્સ જનરલ હૉસ્પિટલ અને બ્રિંગહૅમ ઍન્ડ વિમેન્સ હૉસ્પિટલ ખાતે ફિઝિશિયન તરીકે શરૂ કરી હતી. બિઝનેસમાંના ૧૦૦ સૌથી વધુ શક્તિશાળી લોકોની ફોર્ચ્યુનની યાદીમાં પ્રથમ સ્થાને એનવીડિઆના સહસ્થાપક, પ્રમુખ અને સીઇઓ જેન્સન હુઆંગ છે. તેમના પછી માઇક્રોસોફ્ટના સીઇઓ સત્ય નાડેલા છે. યાદીમાં છઠ્ઠા ક્રમે ગૂગલના સીઇઓ સુંદર પિચાઇ, ૫૬મા ક્રમે રિલાયન્સ ઇન્ડસ્ટ્રિઝના ચેરમેન મુકેશ અંબાણી, ૮૩મા સ્થાને યૂટ્યૂબના સીઇઓ નીલ મોહન છે, જ્યારે ગૌતમ અદાણી ૯૬મા ક્રમે છે.

રેશમા કેવલરમાની આ યાદીમાં ૬૨મા સ્થાને છે. ■

# કલ્યાણ યોજનાઓમાં સીએમના નામ, ફોટોનો ઉપયોગ કરી શકાયઃ સુપ્રીમ

## ડીએમકે સરકાર સામેના હાઈ કોર્ટના ચુકાદાને રદ કર્યો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે બુધવારે મદ્રાસ હાઇ કોર્ટના ડીએમકે સરકારને કલ્યાણકારી યોજનાઓમાં વર્તમાન અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોના નામ અને ફોટોનો ઉપયોગ ન કરવાના આદેશને રદ કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ, ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને એન.વી. અંજારિયાની બનેલી બેન્ચે મદ્રાસ હાઇકોર્ટમાં અરજી દાખલ કરવા બદલ એઆઈએડીએમકે નેતા સી. વે. શનમુગમ પર ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ટોચની અદાલતે કહ્યું કે તમિળનાડુની કલ્યાણકારી યોજનાઓમાં મુખ્ય પ્રધાનના નામનો ઉપયોગ કરવા સામેની અરજી ગેરવાજબી છે અને કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ છે. મદ્રાસ હાઇકોર્ટે ૩૧ જુલાઈના રોજ તમિળનાડુ સરકારને કોઈ પણ નવી અથવા રિબ્રાન્ડેડ જાહેર કલ્યાણ યોજનાઓનું નામ જીવંત વ્યક્તિઓના નામ પર રાખવાથી રોક લગાવી હતી. તેણે આવી યોજનાઓનો પ્રચાર કરતી જાહેરાતોમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોના, વૈચારિક નેતાઓ અથવા કોઈપણ દ્રવિડ મુનેત્ર કળગમ (ડીએમકે) ના ચિહ્ન, પ્રતીક અથવા ધ્વજના ચિત્રોનો ઉપયોગ કરવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. ■

# અમિત શાહ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઃ રાહુલ ગાંધીને જામીન

ચાઇબાસાઃ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને ઝારખંડના ચાઇબાસાની સાંસદ-ધારાસભ્ય કોર્ટે ૨૦૧૮માં એક રેલીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વિરુદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણી સંબંધિત કેસમાં બુધવારે જામીન આપ્યા હતા.

રાહુલ ગાંધી સવારે લગભગ ૧૦-૫૫ વાગ્યે કોર્ટમાં હાજર થયા હતા. ગાંધીના વકીલ પ્રણવ દરિપાએ જણાવ્યું કે રાહુલ ગાંધી ઝારખંડ હાઇકોર્ટના નિર્દેશ મુજબ કોર્ટમાં હાજર થયા હતા. તેમણે જામીન માગ્યા હતા. શરતી જામીન મંજૂર કરવામાં આવ્યા છે. હવે અમે પ્રક્રિયા આગળ વધારીશું. વકીલે કહ્યું કે આ કેસ માનહાનિનો છે અને ૨૦૧૮માં નોંધવામાં આવ્યો હતો.

વકીલે વધુમાં જણાવ્યું કે આ કેસ શરૂઆતમાં રાંચીમાં નોંધવામાં આવ્યો હતો અને ૨૦૨૧માં ચાઇબાસા ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અમે હાઇકોર્ટમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ માટે અરજી દાખલ કરી હતી અને અમે હાઇકોર્ટના નિર્દેશ મુજબ અહીં છીએ.

હાઇકોર્ટના અન્ય એક વકીલ ધીરજ કુમારે જણાવ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને શરતી જામીન આપવામાં આવ્યા છે. ચાઇબાસાની સાંસદ-ધારાસભ્ય વિશેષ અદાલતે ગાંધીને ટ્રાયલમાં સહકાર આપવા કહ્યું છે. વકીલોએ કહ્યું કે કોર્ટે ગાંધીને કાર્યવાહીમાં સહકાર આપવા જણાવ્યું છે.

# આતંકવાદી હુમલાનો ખતરોઃ દેશનાં ઍરપોર્ટ્સ અલર્ટ પર

નવી દિલ્હીઃ બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી (બીસીએએસ)એ બાવીસ સપ્ટેમ્બરથી બીજી ઓક્ટોબર દરમિયાન આતંકવાદી જૂથ તરફથી સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને તમામ હિસ્સેદારોને દેશભરના એરપોર્ટ પર સુરક્ષા વધારવાનો નિર્દેશ આપ્યો છે.

બીસીએએસએ એક એડવાઇઝરીમાં જણાવ્યું છે કે બાવીસ સપ્ટેમ્બરથી બીજી ઓકટોબર, ૨૦૨૫ના સમયગાળા દરમિયાન અસામાજિક તત્વો અથવા આતંકવાદી જૂથો તરફથી એરપોર્ટ પર સંભવિત ખતરો સૂચવતા કેન્દ્રીય સુરક્ષા એજન્સી તરફથી પ્રાપ્ત થયેલી માહિતીને ધ્યાનમાં રાખીને તમામ એરપોર્ટ પરના તમામ હિસ્સેદારોને એરપોર્ટ, એરસ્ટ્રીપ, હવાઇ ક્ષેત્રો, એરફોર્સ સ્ટેશન, હેલિપેડ જેવા તમામ નાગરિક ઉડ્ડયન સ્થાપનો પર સુરક્ષા પગલાં વધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ સલાહ પાકિસ્તાની આતંકવાદી જૂથની પ્રવૃત્તિઓ સાથે સંબંધિત ચોક્કસ માહિતી પર આધારિત છે. ■

## રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવા અમેરિકાની મહેતલ

# ટ્રમ્પના ખાસ દૂત પુતિનને મળ્યા

મોસ્કોઃ ક્રેમલિને જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ બુધવારે મોસ્કો ખાતે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને મળ્યા હતા. રશિયા - યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવા ટ્રમ્પ દ્વારા અપાયેલી મહેતલના થોડાં દિવસ પહેલાં જ અમેરિકાના પ્રમુખે પોતાના ખાસ દૂતને પુતિન પાસે મોકલ્યા હતા. ટ્રમ્પે ચીમકી આપી હતી કે રશિયા જો યુક્રેન પરના હુમલા બંધ નહિ કરે, તો તેને મોટો આર્થિક દંડ કરાશે અને તેની માઠી અસર રશિયા પાસેથી ક્રૂડ ઑઇલ ખરીદતા દેશોને પણ થશે. ક્રેમલિને આ મિટિંગની તાત્કાલિક કોઇ વધુ માહિતી નહોતી આપી. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ પુતિનના રોકાણ અને આર્થિક સહકાર માટેના દૂત કિરીલ દમિત્રીવને પણ મળ્યા હતા. (એજન્સી) ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| पंतोजी | તલાટી |
| पंचाईत | ત્વરિત |
| पटकन | મહેતાજી |
| पटवारी | શરદી |
| पडसे | મુશ્કેલી |

### ઓળખાણ પડી?



તાજેતરની વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપમાં ખિતાબ ઉપરાંત ગ્રાન્ડમાસ્ટર સિદ્ધિ પણ મેળવનાર ખેલાડીની ઓળખાણ પડી?

અ) આરતી સિન્હા બ) દિવ્યા દેશમુખ ક) કોનેરુ હમ્પી ડ) શિલ્પા ગાયકવાડ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સૂ | ૨ ત્ર | ૩ ધા | ૪ ર | | ૫ ત | ર | ૬ વ | ચ | ૭ ટ |
| ૮ ગા | ય | ન | વા | ૯ દ | ન | | ર | | પા |
| ળ | | | ૧૦ નુ | સ | ખો | | ૧૧ વા | છૂ | ટ |
| વું | | ૧૨ સ | કા | મ | | ૧૩ ચા | | | પી |
| | ૧૪ ભ | મ | રી | | ૧૫ ભા | લ | ૧૬ દ્વા | ર | |
| ૧૭ ત | મ | ચં | | ૧૮ બ | ર | બા | દ | | ૧૯ શ |
| ૨૦ મા | ર | ગ | ડો | | ૨૧ તી | જ | | ૨૨ ભા | ર |
| | ૨૩ છા | ણ | | ૨૪ હા | ય | | ૨૫ ચો | ગ | મ |
| ૨૬ ખા | લ | | ૨૭ ખ્યા | લ | | ૨૮ બા | રી | | લિ |
| ત્રી | | ૨૯ અ | તી | ત | ચ | ગ | | ૩૦ બો | યું |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | ૫ |
| | | | | ૬ | | | | | |
| ૭ | | | | | ૮ | ૯ | | ૧૦ | |
| | | | | ૧૧ | | | | | |
| ૧૨ | ૧૩ | | ૧૪ | | | | | ૧૫ | |
| | | | ૧૬ | | ૧૭ | | | | |
| ૧૮ | | ૧૯ | | | | | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | | | ૨૩ | | ૨૪ | | | |
| | | | ૨૫ | | ૨૬ | | | | |
| ૨૭ | | | | | | | | ૨૮ | |

**આડી ચાવી**

૧. પ્રકાશ હોય તો --- પડે (૪)
૩. કોર્ટ કેસ (૩)
૬. લાકડાનો ખાટલો (૨)
૭. સમુદ્ર (૪)
૮. પોથી --- --- જગ મૂઆ, પંડિત ભયા ન કોય (૨)
૧૦. એક લીલું કઠોળ (૨)
૧૧. પંચાતિયો (૬)
૧૨. કામધંધા વગર રખડવું તે (૫)
૧૫. --- થવો એટલે સંપ થવો (૨)
૧૬. કામકાજમાં જોડી પાવરધું કરવું (૪)
૧૮. કવખતનું, પરમાત્મા, દુકાળ (૩)
૨૦. સ્ત્રીધન (૩)
૨૨. પાછું આપવું (૩)
૨૩. એક દેવી (૩)
૨૬. સરહદ પાસેની એક લડાયક કોમ (૩)
૨૭. રહસ્યથી ભરેલું (૫)
૨૮. પશુ, જાનવર (૨)

**ઊભી ચાવી**

૧. ભગવાન, ઈશ્વર (૫)
૨. છોળો ઉપર છોળો વાગે એમ (૫)
૩. પંચાત, કડાકૂટ, તજવીજ (૩)
૪. કળશિયો (૨)
૫. આઠ અંગ યુક્ત યોગ (૫)
૯. ઘસડવું, વેઠ ઉતારવી (૪)
૧૦. દારૂનું પીઠું (૫)
૧૧. ગામડામાં સૂવા માટે --- હોય (૩)
૧૩. પ્રકાશનો ઝબૂકો (૪)
૧૪. ધર્મ વિરુદ્ધનું કૃત્ય (૨)
૧૭. સાવ બોડું (૪)
૧૮. કૃતઘ્નતા, દ્રોહ (૪)
૧૯. ટેવ, આદત, વ્યસન (૨)
૨૧. બળવાન (૪)
૨૪. --- ખસવી એટલે ગાંડા થઈ જવું (૩)
૨૫. --- ધખતો તડકો વૈશાખમાં પડે (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. પુરુષના મામાજીની એકમાત્ર બહેનની એકમેવ દીકરીના સગા જેઠ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) ભાઈ બ) કાકા ક) મામા ડ) સાઢુભાઈ

### જાણવા જેવું

જેમ ભોજન ભૂખને સદાને માટે દૂર કરી શકાતું નથી, છતાં પણ તેમાં પ્રવૃત્તિ સર્વ કોઈ કરે છે. તેમ અન્ય દુ:ખોની નિવૃત્તિ માટે ધનાદિ મેળવવામાં પ્રવૃત્તિ થાય છે. માટે ધન આદિથી દુ:ખની જે નિવૃત્તિ થાય છે તે અલ્પ પુરુષાર્થ છે, પરમ પુરુષાર્થ નહિ.

### સુડોકુ-૯૦૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૯ | ૩ | | | | | |
| ૫ | | | ૪ | ૭ | | | ૯ | |
| | | | ૯ | | | ૧ | ૩ | ૪ |
| ૮ | | | ૫ | | | | ૬ | ૧ |
| | ૫ | | | ૧ | | | ૭ | |
| ૩ | ૧ | | | | ૪ | | | ૨ |
| ૬ | ૩ | ૧ | | | ૯ | | | |
| | ૮ | | | ૫ | ૬ | | | ૩ |
| | | | | | ૮ | ૯ | ૧ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૩ | ૫ | ૨ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૯ | ૬ | ૮ | ૧ | ૭ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૫ | ૨ | ૬ | ૩ | ૮ | ૯ | ૪ | ૭ |
| ૩ | ૯ | ૭ | ૮ | ૪ | ૬ | ૨ | ૫ | ૧ |
| ૫ | ૮ | ૧ | ૨ | ૯ | ૭ | ૪ | ૬ | ૩ |
| ૨ | ૪ | ૬ | ૩ | ૫ | ૧ | ૭ | ૮ | ૯ |
| ૬ | ૧ | ૫ | ૭ | ૮ | ૨ | ૩ | ૯ | ૪ |
| ૮ | ૨ | ૪ | ૯ | ૬ | ૩ | ૧ | ૭ | ૫ |
| ૭ | ૩ | ૯ | ૪ | ૧ | ૫ | ૮ | ૨ | ૬ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં અનાજનો પર્યાય દર્શાવતો શબ્દ સંતાઈ બેઠો છે એ શોધી કાઢો.

બ્રહ્માંડીય ઊર્જાનું ભીનું અવધાન છું

### નોંધી રાખો

કેટલું જીવ્યા એના કરતા કેવું જીવ્યા એ મહત્ત્વનું છે. કપાઈ જાય એ ઉંમર કહેવાય ને જીવાય એ જીવન કહેવાય.

### માઈન્ડ ગેમ

ખળખળ વહેતી નદી દેશનું ધન છે. વિશ્વના કયા દેશમાં સૌથી વધુ નદીઓ વહે છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) બોલિવિયા બ) ચેક રિપબ્લિક ક) રશિયા ડ) આર્જેન્ટિના

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| नकळत | અજાણ્યે |
| नखभर | અલ્પ |
| नगदी | રોકડું |
| नटणे | સજાવું |
| नंतर | પછી |

ગુજરાત મોરી મોરી રે
પિતાશ્રી

ઓળખાણ પડી?
અન્ના મલહોત્રા

માઈન્ડ ગેમ
બોત્સ્વાના

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ફેણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નુતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) કમલ માતલિયા (૪૮) મહેશ સંઘવી (૪૯) વિપિન શાહ (૫૦) હરીહર ભટ્ટ

# શિંદેના દિલ્હીના ફેરા વધ્યા

## અઠવાડિયામાં બીજી વખત અમિત શાહને મળ્યા

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પણ સહપરિવાર મુલાકાત લીધી

## ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવારને બિનશરતી સમર્થન આપવાની જાહેરાત કરી

મુંબઈઃ મ્યુનિસિપલ ચૂંટણીઓ નજીક આવી રહી હોવાને કારણે રાજ્યના રાજકારણમાં સળવળાટ જોવા મળી રહ્યો છે. નેતાઓનો મેળમિલાપ વધી ગયો છે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે એક અઠવાડિયામાં બીજી વાર દિલ્હીની મુલાકાતે છે. બુધવારે નાયબ મુખ્ય પ્રધાન શિંદે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળ્યા હતા. નવમી સપ્ટેમ્બરે યોજાનારી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવારને બિનશરતી સમર્થન આપવાની જાહેરાત પણ શિંદેએ કરી હતી.

આ સિવાય શિંદેએ પુત્ર શ્રીકાંત શિંદે તથા પત્ની-વહુ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી.

નાયબ મુખ્ય પ્રધાન શિંદે સાથે શિવસેના (શિંદે) ના તમામ સાંસદો પણ હાજર હતા. અમિત શાહને મળ્યા બાદ તેઓ વડા પ્રધાન મોદીને પણ મળશે. આનાથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. શિંદે અચાનક અમિત શાહને કેમ મળ્યા? આ બેઠકમાં શું ચર્ચા થઈ? રાજકીય વર્તુળોમાં ઘણી અટકળો શરૂ થઇ ગઈ હતી. જોકે શિંદેએ તરત જ સ્પષ્ટતા કરી હતી અને અમિત શાહને મળવાનું કારણ પણ જણાવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, હાલમાં સંસદનું સત્ર ચાલી

(જુઓ પાનું ૪) ▸▸

# કોલ્હાપુર નજીક 'માધુરી' માટે પુનર્વસન કેન્દ્રનો વનતારાનો પ્રસ્તાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જામનગર સ્થિત પશુ પુનર્વસન કેન્દ્ર, વનતારાએ બુધવારે મહારાષ્ટ્ર સરકાર અને જૈન મઠ સાથે ગાઢ સંકલનમાં કામ કરીને હાથણી માધુરી (જેને મહાદેવી પણ કહેવાય છે) માટે કોલ્હાપુર જિલ્લાના નંદની ખાતે સેટેલાઇટ પુનર્વસન કેન્દ્ર સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે, બુધવારે સવારે મુંબઈમાં વનતારાની ટીમ સાથે વ્યાપક ચર્ચા કરી હતી, તેમણે કહ્યું હતું કે વનતારાની ટીમે તેમને એવી ખાતરી આપી હતી કે તેઓ સુપ્રીમ કોર્ટ સમક્ષ હાથીને મઠમાં સરળતાથી પાછા લાવવા માટેની રાજ્ય સરકારની અરજીમાં જોડાવા માટે તૈયાર છે.

વનતારાની ટીમે કહ્યું હતું કે તેઓ ફક્ત સુપ્રીમ કોર્ટના આદેશ પર જ કાર્ય કરી રહ્યા છે અને માધુરીનો કબજો મેળવવાનો તેમનો કોઈ ઇરાદો નથી. ટીમે રાજ્ય વન વિભાગ દ્વારા પસંદ કરાયેલી જગ્યા કોલ્હાપુર નજીકના

(જુઓ પાનું ૪) ▸▸

## સરકારની અરજીને વનતારા સમર્થન આપશેઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ જામનગરમાં સ્થિત પ્રાણી પુનર્વસન કેન્દ્ર, વનતારાએ મહારાષ્ટ્ર સરકારની સુપ્રીમ કોર્ટમાં હાથણી માધુરીને કોલ્હાપુરના એક મઠમાં પરત લાવવાની અરજીને સમર્થન આપવાની તૈયારી દાખવી છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું.

'આજે મુંબઈમાં મેં વનતારાની ટીમ સાથે વ્યાપક ચર્ચા કરી હતી. સારા સમાચાર એ છે કે તેમણે મને ખાતરી આપી છે કે તેઓ 'માધુરી' હાથણીને મઠમાં સરળતાથી પાછા લાવવા માટે માનનીય સુપ્રીમ કોર્ટ સમક્ષ મહારાષ્ટ્ર સરકારની અરજીમાં જોડાવા માટે તૈયાર છે,' એમ ફડણવીસે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

નંદની ખાતે શ્રી જિનસેન ભટ્ટાર્ક પટ્ટાચાર્ય મહાસ્વામી જૈન 'મઠ' સાથે ત્રણ દાયકાથી વધુ સમયથી રહેતી ૩૬ વર્ષની માધુરીને ગયા અઠવાડિયે કોર્ટના ચુકાદા બાદ વનતારા જામનગર પુનર્વસન સુવિધામાં ખસેડવામાં આવી હતી, જેના કારણે કોલ્હાપુરમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા.

હજારો લોકોએ રવિવારે કોલ્હાપુરમાં એક મૌન કૂચમાં ભાગ લીધો હતો, જેમાં એવી માગણી કરવામાં આવી હતી કે માધુરી (જેને મહાદેવી પણ કહેવામાં આવે છે)ને પાછી

(જુઓ પાનું ૪) ▸▸

# બેસ્ટના જનરલ મેનેજરપદ માટે ફડણવીસ અને શિંદે વચ્ચે હુંસાતુંસી

## હાલ આઈએએસ ઓફિસર આશિષ શર્માને એડિશનલ ચાર્જ સોંપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના જનરલ મેનેજર પદ પરથી એસવીઆર શ્રીનિવાસ રિટાયર્ડ થતા જનરલ મેનેજર પદનો તાત્પૂરતો ચાર્જ આઈએએસ ઓફિસર આશિષ શર્માને સોંપવામાં આવ્યો છે. આ અગાઉ પાલિકાના એડિશનલ કમિશનર ડૉ.અશ્વિની જોશીને બેસ્ટના જનરલ પદનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હોવાની જાહેરાત કરવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

# ટ્રાફિક કોન્સ્ટેબલની પીટાઈના કેસનો ચુકાદો નવ વર્ષે આવ્યોઃ આરોપીને એક દિવસની સજા

થાણેઃ રોડ રેજની ઘટનામાં નવ વર્ષ બાદ સેશન્સ કોર્ટે ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ સાથે મારપીટ કરનારા બાવન વર્ષના આરોપીને નબળા સ્વાસ્થ્ય અને પારિવારિક જવાબદારીને ધ્યાનમાં લઈ એક દિવસની સાદી કેદની સજા સંભળાવી હતી. કોર્ટે આરોપીને ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

ખટલા દરમિયાન આરોપીની વર્તણૂક, આરોગ્યના મુદ્દા અને પારિવારિક જવાબદારીઓ અને પોલીસ કોન્સ્ટેબલને થયેલી

(જુઓ પાનું ૪) ▸▸

# સંતોના એકતાના સંદેશથી ભાજપે 'વોટ જેહાદ'ને હરાવ્યુંઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે ભાજપે 'વોટ જેહાદ'નો સામનો સંતોની 'આધ્યાત્મિક શક્તિ' સાથે કર્યો હતો, જેને કારણે ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનને સત્તામાં આવ્યું હતું. છત્રપતિ સંભાજીનગરના વૈજાપુર તાલુકામાં રામગીરી મહારાજ દ્વારા આયોજિત એક

(જુઓ પાનું ૪) ▸▸

# પાંચ જ્યોતિર્લિંગના વિકાસની યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે પ્રથમ વખત રાજ્યમાં આવેલા પાંચ જ્યોતિર્લિંગ પરિસરોના વિકાસ માટેની યોજનાઓને સમયસર અને કાર્યક્ષમ અમલ પર દેખરેખ રાખવા માટે વરિષ્ઠ આઈએએસ અધિકારીઓની નિમણૂક કરી છે. આ અધિકારીઓ પ્રોજેક્ટ પ્રગતિની નિયમિત સમીક્ષા કરશે અને સીધા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને અહેવાલો સુપરત કરશે, એમ બુધવારે મુખ્ય પ્રધાનની કચેરી (સીએમઓ)ના

(જુઓ પાનું ૪) ▸▸

# મરીન ડ્રાઈવમાં હવે પોસ્ટર લગાવનારની ખેર નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની આન, બાનને શાન ગણાતા ક્વીન નેકલસ પરિસર એટલે કે મરિન ડ્રાઈવ પરિસરના સૌંદર્યને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગર પાલિકાની મંજૂરી વગર કોઈ પણ પ્રકારના હૉર્ડિંગ્સ, બેનર વગેરે હવેથી અહીં લગાડી શકાશે નહીં.

પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીએ બુધવારે નરિમન પોઈન્ટથી ગિરગામ ચોપાટી સુધીના આખા મરીન ડ્રાઈવ પરિસરમાં ફરીને પગે ફરીને પાલિકા અધિકારી તથા પોલીસ અધિકારીઓને અનેક સૂચનાઓ આપી હતી, જેમાં આ પરિસરનું સૌંદર્ય વધુ ખૂલી ઉઠે તેના પર ભાર આપતા તેમણે કહ્યું હતું કે મંજૂરી વગર આ પરિસરમાં કોઈ પણ પ્રકારના હૉર્ડિંગ્સ અને બેનર લાગવા જોઈએ નહીં.

વહેલી સવારની પોતાની મરીન ડ્રાઈવની મુલાકાત દરમ્યાન કમિશનરે નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ્સ (એનસીપીએ) પરિસરમાં બિનઆવશ્યક બૅરિકેડ્સ અને સાઈન બોર્ડ હટાવવાની સૂચના આપી હતી. મરીન ડ્રાઈવ વિસ્તારમાં ચાલવા આવતા લોકોને બેસવા માટે વધારાના આસનની સગવડ ઊભી કરવાની અને વીજળીના થાંભલા બરોબર ચાલતા હોવા પર ધ્યાન આપવા કહ્યું હતું. તેમ જ મરીન ડ્રાઈવ પરિસરમાં અનેક ઉપાયયોજના અમલમાં મૂકી હોવા છતાં નાગરિકો ડિવાઈડર ઓળંગતા હોવાથી અનેક સમસ્યા સર્જાતી હોવાથી તનો ઉપાય શોધવાની સૂચના પાલિકા સહિત પોલીસના અધિકારીઓને તેમણે આપી હતી. ■

# ચૂંટણીમાં વીવીપેટનો ઉપયોગ કરો અથવા બેલેટ પેપર વાપરોઃ કોંગ્રેસ

મુંબઈઃ વિરોધ પક્ષ કોંગ્રેસે બુધવારે માગણી કરી હતી કે મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મતદાન પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે વિવિપેટ મશીનોનો ઉપયોગ કરીને યોજવામાં આવે. જો વિવિપેટ (વોટર વેરિફાઇબલ પેપર ઓડિટ ટ્રેઇલ) મશીનોનો ઉપયોગ શક્ય ન હોય તો ગ્રામીણ અને શહેરી નાગરિક સ્વરાજ્યની ચૂંટણીઓ બેલેટ પેપરનો ઉપયોગ કરીને યોજવી જોઈએ, કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું.

તેઓ રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેની મંગળવારે કરેલી ટિપ્પણી પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિવિપેટનો ઉપયોગ લોજિસ્ટિક પડકારોને કારણે કરવામાં આવશે નહીં. લોજિસ્ટિક અને માનવ સંસાધન પડકારોને ધ્યાનમાં લીધા વિના વિવિપેટનો ઉપયોગ કરવાથી મતદાન મથકો પર લાંબી કતારો અને ભીડ થઈ શકે છે, એવી કમિશનરે દલીલ કરી હતી.

પત્રકારો સાથે વાત કરતા વડેટ્ટીવારે રાજ્ય ચૂંટણી કમિશનરની દલીલોનો વિરોધ કર્યો હતો અને મતદારો તેમના મતોની ચકાસણી કરવા સક્ષમ હોવા પર ભાર મૂક્યો, અને કહ્યું કે ફક્ત વિવિપેટ સાથે જોડાયેલ ઈવીએમ જ ઉચ્ચ સ્તરની પારદર્શિતા સુનિશ્ચિત કરી શકે છે. જો વિવિપેટ ઉપલબ્ધ ન હોય, તો મતપત્રોનો ઉપયોગ કરવો જોઈએ. ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા સાથે ચેડા ન કરવા જોઈએ, એમ કોંગ્રેસના ધારાસભ્યએ ભારપૂર્વક જણાવ્યું.

વિવિપેટ પ્રિન્ટર પોર્ટ દ્વારા ઈવીએમ સાથે જોડાયેલા હોય છે, જે ઈવીએમ દ્વારા મતની સાચી રેકોર્ડિંગ ચકાસવા માટે પેપર સ્લિપમાં મત ડેટા અને કાઉન્ટર્સ રેકોર્ડ કરે છે. (પીટીઆઈ)■

# અંધેરીમાં કમર્શિયલ બિલ્ડિંગમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પૂર્વ)માં બુધવારે વહેલી સવારના એક કમર્શિયલ બિલ્ડિંગમાં આવેલી ઓફિસમાં આગ ફાટી નીકળી હતી. આગમાં ઓફિસમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. લગભગ સાડા ત્રણ કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ જણાવ્યા મુજબ અંધેરી (પૂર્વ)માં કુર્લા-અંધેરી રોડ પર શાંતી નગરમાં ગ્રાઉન્ડ પ્લસ એક માળનું સુમિતા કૉમ્પ્લેક્સ આવેલું છે. બુધવારે વહેલી સવારના લગભગ ૩.૨૦ વાગ્યાની આસપાસ આ કમર્શિયલ બિલ્ડિંગના પહેલા માળા પર ૬૦૦થી ૭૦૦ સ્કવેરમીટરના એરિયામાં આવેલી ઓફિસમાં આગ ફાટી નીકળી હતી.

આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગમાં ઓફિસની અંદર રહેલી ઈલેક્ટ્રિક વાઈરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, જુદા જુદા પ્રકારના પ્લાસ્ટિક, ડેકોરેશનનું સામાન, ઓફિસના રેકોર્ડ અને ફર્નિચર સહિતનો માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. વહેલી સવારના ૬.૩૩ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. ■

# રાજ્ય સરકારે પુનઃવિકસિત એમએસઆરટીસી જમીનના લીઝ ૬૦થી વધારીને ૯૮ વર્ષ કર્યા

મુંબઈઃ રાજ્ય પ્રધાનમંડળે મંગળવારે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમના બસ સ્ટેન્ડ બનાવવા ખાનગી વિકાસકર્તાઓ માટે એક વર્ષની અંદર લીઝની મુદત ૬૦ વર્ષથી વધારીને ૯૮ વર્ષ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. પહેલો કરાર ૪૯ વર્ષ માટે રહેશે અને તેને બીજા ૪૯ વર્ષ માટે લંબાવવામાં આવશે. કેટલાક પ્રધાનોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા, પરંતુ આખરે કેબિનેટ દ્વારા આ પગલાને મંજૂરી આપવામાં આવી હતી.

રાજ્યભરમાં ૫૯૮ બસ સ્ટેન્ડ અને ૨૫૧ બસ ડેપો ધરાવતા એમએસઆરટીસી છેલ્લા સાત દાયકાથી વ્યાજબી બસ સેવાઓ પૂરી પાડી રહ્યું છે. લગભગ ૨૦ વર્ષ પહેલા રાજ્ય સરકારે જાહેર ખાનગી ભાગીદારી (પીપીપી) મૉડેલ હેઠળ બસ સ્ટેન્ડ વિકસાવવાની યોજના બનાવી હતી. તે સમયે ખાનગી વિકાસકર્તાઓ માટે લીઝની મુદત ૩૦ વર્ષ નક્કી કરવામાં આવી હતી અને રાજ્યભરમાં ૪૫ બસ સ્ટેન્ડ વિકસાવવામાં આવ્યા હતા.

હાલમાં એમએસઆરટીસીને વિવિધ છૂટ જેવી કે છોકરીઓ માટે મફત મુસાફરી મહિલા મુસાફરો માટે ૫૦ ટકા છૂટ વગેરેને કારણે દરરોજ રૂ.ત્રણ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. છેલ્લા સાત દાયકાથી સંચિત નુકસાન રૂ.૧૦,૩૦૦ કરોડને સ્પર્શી ગયું છે, તેથી સરકારે હવે તેની આવક વધારવા માટે વિવિધ પગલાં લેવાનું નક્કી કર્યું છે, જેમાં એમએસઆરટીસી બસ સ્ટેન્ડના પુનઃવિકાસ માટે ખાનગી બિલ્ડરોને કોન્ટ્રાક્ટ આપવાનો સમાવેશ થાય છે.

એમએસઆરટીસીના અધિકારીઓએ ખુલાસો કર્યો કે બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને કેટલાક અન્ય પ્રધાનોએ આટલા લાંબા લીઝ સમયગાળા પાછળના તર્ક પર સવાલ ઉઠાવ્યા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખાનગી વિકાસકર્તાઓને જમીન સબ-લીટ પર આપવાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આવું ન થાય તેની કાળજી લેવાની જરૂર છે. ચર્ચા પછી પ્રધાનમંડળે દરખાસ્તને મંજૂરી આપી હતી.

એમએસઆરટીસી ટૂંક સમયમાં પુનર્વિકાસ માટે ખુલ્લા મુકવામાં આવનાર બસ સ્ટેન્ડની યાદી પર નિર્ણય લેશે. દરેક બોલી લગાવનારે ઓછામાં ઓછા ત્રણ બસ સ્ટેન્ડ લેવા પડશે, એક શહેરમાં, બીજો તાલુકા સ્તરે અને બીજો ગ્રામીણ વિસ્તારમાં જેથી ગામડાઓમાં બસ સ્ટેન્ડને પણ યોજનાનો લાભ મળે. ■

# સગીર વિદ્યાર્થિનીની જાતીય સતામણીના આરોપસર ક્રિકેટ કોચની ધરપકડ

મુંબઈઃ ગોવંડીમાં ક્રિકેટની તાલીમ લેવા આવતી ૧૩ વર્ષની વિદ્યાર્થિનીની કથિત જાતીય સતામણી કરવા બદલ પોલીસે કોચની ધરપકડ કરી હતી.

ગોવંડી પોલીસે સોમવારે પકડી પાડેલા આરોપીની ઓળખ રાજેન્દ્ર પવાર (૪૧) તરીકે થઈ હતી. કોર્ટે આરોપીને પાંચ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસ ફરિયાદ અનુસાર ઘાટકોપરમાં રહેતી સગીરા ક્રિકેટની તાલીમ લેવા કોચિંગ સેન્ટરમાં જોડાઈ હતી. છેલ્લા અમુક મહિનાથી તે ગોવંડીમાં જતી હતી. આરોપીએ ગયા સપ્તાહે તેની જાતીય સતામણી કરી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પાલિકા સંચાલિત મેદાનમાં તાલીમ પછી સગીરા રેસ્ટ રૂમમાં આરામ કરવા ગઈ હતી. તે સમયે આરોપી પણ રૂમમાં ઘૂસી આવ્યો હતો અને તેણે સગીરા સાથે કુકર્મ કર્યું હતું. બાદમાં બનેલી ઘટનાની જાણ કોઈને ન કરવા સગીરાને ધમકાવી હતી. પરિણામે સગીરાએ આ અંગે વડીલોને જાણ કરી નહોતી.

અમુક દિવસથી સગીરાના વર્તનમાં બદલાવ નજરે પડતાં માતાએ પૂછપરછ કરી હતી. સગીરાએ માતાને તેની સાથે બનેલી ઘટના અંગે જાણ કરતાં પંતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. પંતનગર પોલીસે ઝીરો ફરિયાદ નોંધી કેસ ગોવંડી પોલીસમાં ટ્રાન્સફર કર્યો હતો. પોલીસે એફઆઈઆર નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આરોપી વિરુદ્ધ અગાઉ ૨૦૨૩માં પણ આ જ પ્રકારની ફરિયાદ નોંધાઈ હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. ■

# '૭૮૬' સિરિયલ નંબરની ૧૦૦ની નોટ વેચવા જતાં મહિલાએ ૮.૪૬ લાખ રૂપિયા ગુમાવ્યા

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં રહેતી મહિલાને '૭૮૬' સિરિયલ નંબરની ૧૦૦ રૂપિયાની એક નોટ અને પચીસ પૈસાના એક સિક્કાના બદલામાં ૬૭-૬૭ લાખ રૂપિયા આપવાની લાલચ બતાવી ઠગે ૮.૪૬ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રકરણે મઝગાંવ વિસ્તારમાં રહેતી ૪૯ વર્ષની મહિલાની ફરિયાદને આધારે પાયધુની પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર મહિલાને જૂના સિક્કા અને ચલણી નોટો સંગ્રહ કરવાનો શોખ હતો. ગયા મહિને તેણે ફેસબુક પર એક જાહેરખબર જોઈ હતી. જાહેરખબરમાં જૂના સિક્કા અને નોટની સામે આકર્ષક વળતરની લાલચ આપવામાં આવી હતી. લાખો રૂપિયા મેળવવાની લાલચમાં મહિલાએ જાહેરખબરમાં આપેલા નંબર પર સંપર્ક સાધ્યો હતો.

મહિલાએ તેની પાસે '૭૮૬' સિરિયલ નંબરની ૧૦૦ રૂપિયાની એક નોટ અને પચીસ પૈસાનો સિક્કો હોવાનું કહ્યું હતું. સિક્કા પર એક શિંગડાવાળા ગેન્ડાની છાપ છે, જે દુર્લભ ગણાય છે, એવું મહિલાએ આરોપીને કહ્યું હતું.

આરોપીએ મહિલાને નોટ અને સિક્કાના ૬૭-૬૭ લાખ રૂપિયા આપવાની તૈયારી દાખવી હતી. જોકે આના માટે નિયમો અનુસાર ડિપોઝિટ રજિસ્ટ્રેશન ફી, જીએસટી અને અન્ય ચાર્જીસ ચૂકવવા પડશે, એવું મહિલાને કહેવામાં આવ્યું હતું. બાદમાં આરોપીએ અલગ અલગ કારણો રજૂ કરી મહિલા પાસેથી ૮.૪૬ લાખ રૂપિયા પડાવ્યા હતા. ૧૨થી ૧૪ જુલાઈ દરમિયાન આરોપીએ વિવિધ બૅન્ક ખાતાંમાં આ રકમ જમા કરાવવાની મહિલાને ફરજ પાડી હતી. કહેવાય છે કે લાખો રૂપિયા ગુમાવ્યા પછી પણ મહિલાને નોટ અને સિક્કાની રકમ મળી નહોતી. (પીટીઆઈ)■

# ધારાવીના વ્યવસાયીઓએ વધારાની જગ્યા માટે ૨૪ ઑગસ્ટ સુધી સંમતિ ફોર્મ રજૂ કરવાનું જરૂરી

મુંબઈઃ ધારાવી ડિવલપમેન્ટ પ્રોજેકટ (ડીઆરપી) દ્વારા એક નોટિસમાં જણાવ્યા મુજબ ધારાવીમાં પાત્ર ઔદ્યોગિક અને વાણિજ્યિક એકમ માલિકોએ મફત ૨૨૫ ચોરસ ફૂટ ક્વોટાથી વધુ બાંધકામ ખર્ચે વધારાની જગ્યા મેળવવા માટે ૨૪ ઓગસ્ટ સુધીમાં સંમતિ ફોર્મ સબમિટ કરવું આવશ્યક છે.

ડીઆરપી અધિકારીએ સમજાવ્યું હતું કે ટેન્ડરની શરતો અનુસાર પાત્ર વાણિજ્યિક અને ઔદ્યોગિક એકમ માલિકો ૨૨૫ ચોરસ ફૂટ મફતમાં મેળવવાના હકદાર છે. જો કે કોઈપણ વધારાની જગ્યા માટે રેડી રેકનર રેટના આધારે બાંધકામ ખર્ચ વસૂલવામાં આવશે અને ટેલિસ્કોપિક રિડક્શન ધોરણે ઓફર કરવામાં આવશે.

ગ્રાઉન્ડ ફ્લોર પર ઔદ્યોગિક અને વાણિજ્યિક એકમો જે પહેલી જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ અથવા તે પહેલાં અસ્તિત્વમાં હતા અને જેમની પાસે ગ્રેટર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીજીએમ) તરફથી ગુમાસ્તા લાઇસન્સ અથવા બેસ્ટ તરફથી એલટી-ટૂ મીટર જેવા માન્ય દસ્તાવેજો છે, તેઓ બાંધકામ ખર્ચે વધારાની જગ્યા માટે અરજી કરવા પાત્ર છે.

જો સંમતિ ફોર્મ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં પ્રાપ્ત ન થાય, તો એવું માનવામાં આવશે કે માલિકો વધારાની જગ્યાનો લાભ મેળવવામાં રસ ધરાવતા નથી, તેમ અધિકારીએ ઉમેર્યું.

રાજ્ય મંત્રીમંડળે તાજેતરમાં ધારાવીમાં માલિકી હકો વિના ભાડે લેનારાઓ અને અન્ય વાણિજ્યિક સંચાલકોને સમાવિષ્ટ કરવાની નીતિને મંજૂરી આપી છે, જેમાં તેમને પુનર્વસન ઇમારતોમાં વાણિજ્યિક ઉપયોગ માટે અનામત ૧૦ ટકા વિસ્તારમાં જગ્યા કબજે કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ પગલું સુનિશ્ચિત કરે છે કે પાત્ર અને અયોગ્ય બંને વાણિજ્યિક એકમો ધારાવીની અંદરથી સંચાલન ચાલુ રાખી શકે છે, જે હાલના વ્યવસાય અને વાણિજ્યિક ઇકોસિસ્ટમને જાળવી રાખે છે.■

# મુંબઈના સાવરકર સદનને હેરિટેજ ઈમારતનો દરજ્જો આપવા ભલામણ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા હેરિટેજ કમિટીએ બુધવારે બોમ્બે હાઇ કોર્ટને જણાવ્યું હતું કે દાદર વિસ્તારમાં સાવરકર સદનને હેરિટેજનો દરજ્જો આપવા અંગે તેની હેરિટેજ કમિટીએ એક બેઠક યોજી છે અને ટૂંક સમયમાં મહારાષ્ટ્ર સરકારને ભલામણ મોકલવામાં આવશે. દાદરના શિવાજી પાર્ક વિસ્તારમાં આવેલું સાવરકર સદન એક સમયે હિન્દુત્વના વિચારક વિનાયક દામોદર સાવરકરનું નિવાસસ્થાન હતું.

મહારાષ્ટ્ર સરકારે ગયા મહિને હાઈ કોર્ટને જણાવ્યું હતું કે ૨૦૧૨માં મંત્રાલય (સચિવાલય)માં લાગેલી આગમાં પાલિકા દ્વારા રજૂ કરવામાં આવેલી ભલામણો સહિત આ કેસને લગતી ફાઈલો નાશ પામ્યા બાદ આ બેઠક અને નવી ભલામણની બાંયધરી આપવામાં આવી હતી.

બુધવારે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ સંદીપ માર્નેની ખંડપીઠને માહિતી આપી હતી કે તેની મુંબઈ હેરિટેજ કન્ઝર્વેશન કમિટીએ ગયા મહિને આ મુદ્દે એક બેઠક યોજી હતી અને ટૂંક સમયમાં રાજ્ય સરકારને ભલામણ મોકલવામાં આવશે.

અદાલતે મુંબઈ મહાનગરપાલિકાને પોતાનું સોગંદનામું દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો અને આ મામલાની વધુ સુનાવણી ત્રણ અઠવાડિયા પછી મુલતવી રાખી હતી.

પંકજ ફડનીસની આગેવાની હેઠળના હિન્દુ સંગઠન અભિનવ ભારત કોંગ્રેસ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં આ ઇમારત માટે હેરિટેજ સુરક્ષાની માગણી કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

# ભાયંદરમાં વિવાદ થયા બાદ બે મરાઠીભાષી પર પરપ્રાંતીયોનો હુમલોઃ એકની ધરપકડ

## ઘટના બાદ વાતાવરણ તંગ થતાં પોલીસ બંદોબસ્ત વધારાયો

થાણેઃ ભાયંદર રેલવે સ્ટેશનની નજીક વિવાદ થયા બાદ કેટલાક પરપ્રાંતીયોએ કરેલા હુમલામાં બે મરાઠીભાષી ઘાયલ થયા હતા. મંગળવારે સાંજે બનેલી આ ઘટનાને પગલે એ વિસ્તારમાં વાતાવરણ તંગ થતાં ત્યાં વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને એક આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે ગુનામાં સંડોવાયેલા અન્યો લોકોની શોધ ચલાવાઇ રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એક મરાઠી સંગઠને આ હુમલાની નિંદા કરી હતી અને દાવો કર્યો હતો કે મરાઠી સ્થાનિકોને જાણી જોઇને નિશાન બનાવવાનો તે પ્રયાસ હતો.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં કેટલાક શખસો બે વ્યક્તિની મારપીટ કરતા જોવા મળે છે. પોલીસ વીડિયોના કન્ટેન્ટની તપાસ કરી રહી છે. એ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી હોઇ ઓનલાઇન ફરી રહેલી ઉશ્કેરણીજનક પોસ્ટ અને અફવાઓ પર ધ્યાન ન આપવાની પોલીસે લોકોને અપીલ કરી છે.

ભાયંદર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર જિતેન્દ્ર કાંબળેએ કહ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે રેલવે પરિસરમાં ટેન્ડર સંબંધી વિવાદને કારણે હુમલો થયો હતો. આ ઘટનામાં ઘવાયેલા બે જણ મરાઠીભાષી છે, જ્યારે હુમલાખોરો મહારાષ્ટ્રની બહારના છે. ઘાયલોને સારવારાર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ ઘટના બાદ પોલીસે હત્યાનો પ્રયાસ સહિત ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ફરાર લોકોની શોધ ચલાવાઇ રહી છે. હુમલામાં સામેલ કોઇ પણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવશે. અમે કેસની તપાસ કરી રહ્યા છીએ, એમ પણ કાંબળેએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# બીસીસીઆઇને મોટી રાહત, આરટીઆઇની જાળમાંથી મુક્તિ

નવી દિલ્હીઃ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ને બુધવારે અહીં સંસદમાં મોટી રાહત મળી હતી. ખેલકૂદ મંત્રાલયે નૅશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલમાં રાઇટ ટુ ઇન્ફર્મેશન (આરટીઆઇ) સંબંધિત જોગવાઈમાં સુધારો કર્યો છે જે મુજબ આરટીઆઇ હેઠળ એવાં જ સંગઠનો (ઍસોસિયેશનો કે ફેડરેશનો) આવશે જેઓ સરકારી ગ્રાન્ટ કે સરકારી સહાય પર નભતા હોય. એનો અર્થ એ થયો કે બીસીસીઆઇને આરટીઆઇમાંથી મુક્તિ અપાઈ છે.

૨૩મી જુલાઈએ લોકસભામાં સ્પોર્ટ્સ મિનિસ્ટર મનસુખ માંડવિયાએ આ ખરડો રજૂ કર્યો હતો જેની કલમ ૧૫ (૨)માં એવું જણાવાયું હતું કે માન્યતાપ્રાપ્ત ખેલકૂદ સંગઠનો આરટીઆઇ ધારા, ૨૦૦૫ હેઠળ જાહેર સત્તા ગણાશે. જોકે બીસીસીઆઇ માટે આરટીઆઇનો મુદ્દો હંમેશાં કાંટાળો રહ્યો છે. બીસીસીઆઇની હંમેશાં દલીલ રહી છે કે અન્ય ખેલકૂદ સંગઠનોની જેમ એ ક્યારેય સરકારી ભંડોળ પર નભ્યું નથી એટલે એને (બીસીસીઆઇને) આરટીઆઇનો નિયમ લાગુ ન પડવો જોઈએ.

એક સૂત્રએ પીટીઆઇને જણાવ્યું હતું કે 'જો બીસીસીઆઇને આરટીઆઇમાંથી મુક્તિ ન મળી હોત તો સંસદમાં આ ખરડો અટવાઈ ગયો હોત અને અદાલતમાં એને પડકારવામાં પણ આવ્યો હોત.'

સૂત્રએ એવું પણ જણાવ્યું હતું કે 'આનો સીધો અર્થ એ થયો કે જે પણ ખેલકૂદ સંગઠનને જાહેર નાણાં સાથે સીધો સંબંધ હોય એને જ આરટીઆઇ લાગુ પડશે. જો કોઈ સ્પોર્ટ્સ ફેડરેશન સરકારી ભંડોળ ન લેતું હોય, પરંતુ સરકારી મદદથી બનતી માળખાકીય સગવડોનો લાભ મેળવતું હોય એવા ફેડરેશનને આરટીઆઇનો ધારો લાગુ પડશે.' ■

# બોલતાં પહેલાં વિચાર કર, કર્મનો સિદ્ધાંત પોતાને પણ લાગુ પડે છેઃ અશ્વિનની બેન સ્ટૉક્સને ટકોર

નવી દિલ્હીઃ ટેસ્ટ મૅચ દરમ્યાન જો કોઈ ખેલાડીને ઈજા થાય તો તેના સ્થાને સબસ્ટિટ્યૂટને એ મૅચમાં રમાડી શકાય એવો નિયમ લાવવાનો ભારતીય ટીમના હેડ-કોચ ગૌતમ ગંભીરે તાજેતરમાં અનુરોધ કર્યો હતો ત્યારે ઇંગ્લૅન્ડના ટેસ્ટ સુકાની બેન સ્ટૉક્સે એ સૂચનને હાસ્યાસ્પદ ગણાવીને એની ટીકા કરી હતી, પરંતુ તાજેતરની સિરીઝમાં જેમ રિષભ પંતની પગની ઈજા વખતે ભારતને સબસ્ટિટ્યૂટની જરૂર પડી હતી એમ ઇંગ્લૅન્ડને શ્રેણીના આખરી દિવસે ઈજાગ્રસ્ત ક્રિસ વૉક્સના સ્થાને સબસ્ટિટ્યૂટની જરૂર પડી હતી એ જોતાં ગંભીરનું સૂચન અર્થપૂર્ણ કહી શકાય અને એ બાબતને ધ્યાનમાં રાખીને ભૂતપૂર્વ ક્રિકેટર રવિચન્દ્રન અશ્વિને બેન સ્ટૉક્સ માટે ટકોર કરી છે કે ' બોલતાં પહેલાં વિચાર કરવો જોઈએ, કારણકે કર્મનો સિદ્ધાંત ગમે ત્યારે પોતાને જ લાગુ પડતો હોય છે.'




પંતને મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે જમણા પગમાં ફ્રેક્ચર થયું હોવા છતાં બીજા દિવસે તે બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો હતો. એ મૅચ જાડેજા-વૉશિંગ્ટને છેલ્લા દિવસે ડ્રૉ કરાવી હતી, પરંતુ મૅચના ડ્રૉના પરિણામમાં પંતના યોગદાનની કોઈને કોઈ રીતે સકારાત્મક અસર થઈ જ હતી.

ગંભીરે એ તબક્કે હિમાયત કરી હતી કે ટેસ્ટમાં (પંતની જેમ) ગંભીર રીતે ઈજા પામતા ખેલાડીના સ્થાને સબસ્ટિટ્યૂટને ટીમમાં સમાવવાની છૂટ હોવી જોઈએ. જોકે ગંભીરના એ સૂચનની બેન સ્ટૉક્સે મજાક ઉડાવી હતી. સોમવારે અંતિમ ટેસ્ટની છેલ્લી પળોમાં ઇંગ્લૅન્ડે જીતવા જ્યારે માત્ર ૨૦ રન કરવાના બાકી હતા ત્યારે ક્રિસ વૉક્સ ડાબો ખભો ઊતરી જવા છતાં બૅટિંગ માટે આવ્યો હતો. તેણે બૅટિંગ કરવાની જરૂર નહોતી પડી, કારણકે ગસ ઍટકિન્સન જ સ્ટ્રાઇક પર રહ્યો હતો અને સિરાજના બૉલમાં છેલ્લે તે જ ક્લીન બોલ્ડ થયો હતો.

અશ્વિને પોતાની યુટ્યૂબ ચૅનલ 'ઍશ કી બાત' પર બેન સ્ટૉક્સના અભિગમને ધ્યાનમાં લેતાં કહ્યું હતું કે 'તામિલ ભાષામાં કહેવાય છે કે તમે જે કર્મ કરો એની તત્કાળ અસર થતી જ હોય છે. તમે જેવું વાવો એવું જ લણો છો. હું બેન સ્ટૉક્સની ક્રિકેટ ટૅલન્ટનો ફૅન છું, પરંતુ તેણે બોલતાં પહેલાં વિચાર કરવો જોઈએ.' ■

# સિરાજે મુંબઈ ઍરપોર્ટ પર થોડા ચાહકોની સેલ્ફી-ઑટોગ્રાફની વિનંતી સ્વીકારી અને પછી કારમાં બેસી ગયો

મુંબઈઃ ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ ૨-૨થી બરાબરીમાં લાવવામાં સૌથી મોટી ભૂમિકા ભજવનાર પેસ બોલર મોહમ્મદ સિરાજ બુધવારે સવારે લંડનથી મુંબઈ આવી પહોંચ્યો ત્યાર બાદ છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનૅશનલ ઍરપોર્ટના ટર્મિનલ પર તેણે થોડા ચાહકોને ઑટોગ્રાફ આપ્યા હતા અને સેલ્ફી માટેની પણ થોડી વિનંતી સ્વીકાર્યા બાદ ઉતાવળે નજીક ઊભેલી કારમાં તે બેસી ગયો હતો અને હૈદરાબાદ માટેની કનેક્ટિંગ ફ્લાઇટ પકડવા ડોમેસ્ટિક ઍરપોર્ટ પહોંચી ગયો હતો જ્યાંથી તે હૈદરાબાદ જવા રવાના થયો હતો.

હૈદરાબાદ પહોંચતાં જ ઍરપોર્ટ પર ચાહકોએ તેનું શાનદાર સ્વાગત કર્યું હતું. ભારતે આ શ્રેણી ડ્રૉ કરાવી હતી, પરંતુ સિરાજનો પર્ફોર્મન્સ ભારતને વિજય અપાવવા સમાન હતો. તેણે સોમવારે અંતિમ ટેસ્ટના છેલ્લા દાવમાં આખરી દિવસે ગસ ઍટકિન્સનની મૅચ-વિનિંગ વિકેટ લીધી હતી અને એ સાથે ભારતીય ટીમે સેલિબ્રેશન શરૂ કર્યું હતું. સિરાજે બીજા દાવમાં પાંચ વિકેટ અને પ્રથમ



દાવની ચાર વિકેટ ગણીને આખી મૅચમાં કુલ નવ વિકેટ લીધી હતી અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવ્યો હતો. ઇંગ્લૅન્ડની ટીમ ૩૭૪ રનના લક્ષ્યાંક સામે ૩૬૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ભારતનો ૭ રનથી વિજય થયો હતો.

૩૧ વર્ષીય સિરાજ મુંબઈ આવ્યો ત્યારે ડૅપર બ્લૅક કૅઝ્યુઅલ્સમાં સજ્જ હતો અને તેના ચહેરા પર અંતિમ મૅચના વિજયનો ઉન્માદ દેખાતો હતો. હોમટાઉન હૈદરાબાદમાં અસંખ્ય ચાહકો તેને જોવા ઊમટી પડ્યા હતા અને સિરાજ મહામહેનતે ઍરપોર્ટની બહાર આવી શક્યો હતો. એ પહેલાં, મુંબઈ ઍરપોર્ટ પર સિરાજની સાથે ટીમ ઇન્ડિયાના ફીલ્ડિંગ-કોચ ટી. દિલીપ પણ હતા.

### હૈદરાબાદમાં સિરાજના સન્માનની યોજના

હૈદરાબાદ ક્રિકેટ ઍસોસિયેશનના એક અધિકારીએ પીટીઆઇને જણાવ્યું હતું કે 'અમે હજી સિરાજ સાથે વાતચીત નથી કરી. એટલું જરૂર કહીશ કે સિરાજના સન્માનનો કાર્યક્રમ થોડા જ દિવસમાં યોજીશું. તેણે આખા હૈદરાબાદ શહેરનું તેમ જ દેશનું નામ રોશન કર્યું છે.'

### બુમરાહની ગેરહાજરી ન વર્તાવા દીધી

સિરાજે જસપ્રીત બુમરાહની ગેરહાજરી નહોતી વર્તાવા દીધી. મૅચ પછી કૅપ્ટન શુભમન ગિલે સિરાજના ભરપૂર વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે 'સિરાજ જેવો બોલર ટીમમાં રાખવાનું દરેક કૅપ્ટનનું સપનું હોય છે. તેણે દરેક બૉલ પૂરા જોશ અને જુસ્સાથી ફેંક્યો હતો. તેણે દરેક સ્પેલ ૧૦૦ ટકા ક્ષમતાથી પાર પાડ્યો હતો અને ટીમ માટે બનતું બધુ જ કર્યું હતું.' ■

# લૉર્ડ્સના ગ્રાઉન્ડ પર શિયાળ!

▶ રમત અટકી અને પ્રેક્ષકોને બોલર કે બૅટ્સમૅને નહીં, પણ ફૉક્સે પૂરું પાડ્યું મનોરંજન



લંડનઃ તાજેતરમાં ભારતના પુરુષો અને મહિલાઓની ટીમ ઇંગ્લૅન્ડના જે ઐતિહાસિક મેદાન પર રસાકસીભરી મૅચો રમી એ લૉર્ડ્સના મેદાન પર મંગળવારે આશ્ચર્યજનક ઘટના બની હતી. સામાન્ય રીતે શ્વાન ક્રિકેટના મેદાન પર દોડી આવ્યો હોવાની ઘટના ઘણી વાર બની ગઈ છે. શ્રીલંકામાં મૅચ દરમ્યાન સાપ આવી જતાં રમત બંધ કરવી પડી હોય એવું કેટલીક વાર બની ગયું છે. સાઉથ આફ્રિકામાં સામાન્ય રીતે મધમાખીનું ઝૂંડ આવી જતું હોય છે. જોકે લૉર્ડ્સના ગ્રાઉન્ડ પર પાંચમી ઑગસ્ટે ધ હન્ડ્રેડ ટૂર્નામેન્ટની પહેલી જ મૅચ દરમ્યાન શિયાળ દોડી આવ્યું હતું.

ન્યૂ ઝીલૅન્ડના કેન વિલિયમસનની કૅપ્ટન્સીમાં લંડન સ્પિરિટ અને સૅમ બિલિંગ્સના સુકાનમાં ઓવલ ઇન્વિન્સિબલ્સ ટીમ વચ્ચે મૅચ રમાઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. નજીકના જંગલમાંથી શિયાળ મેદાન પર આવી ચડ્યું હતું. તે ઘણી વાર સુધી દોડ્યું હતું. મેદાન પર લાંબુ ચક્કર લગાવ્યા બાદ બે વખત બાઉન્ડરી લાઇનની બહાર ગયું હતું અને પાછા અંદર આવ્યા બાદ લાઇનની બહાર જઈને જાહેરખબરના બોર્ડની પાછળ છુપાઈ ગયું હતું.

સ્વાભાવિક છે કે શિયાળની દોડવાની ઝડપ જોઈને કોઈ સલામતી રક્ષકે તેને પકડવાની હિંમત જ નહોતી કરી. હજારો પ્રેક્ષકોને સારું મનોરંજન મળી ગયું હતું, કારણકે મેદાન પર તેમણે ક્રિકેટના મેદાન પર જાણે 'ઉસેન બૉલ્ટ'ને જોયો હતો.

એક તબક્કે આ શિયાળ બાઉન્ડરી લાઇનની આરપાર ગયો ત્યારે ગયા વર્ષના વર્લ્ડ કપની ફાઇનલમાં સૂર્યકુમાર યાદવે ડેવિડ મિલરનો જે કૅચ પકડ્યો હતો એ ઘટના યાદ આવી ગઈ હતી.

### રાશીદ ખાનની ત્રણ વિકેટે ઓવલને જિતાડ્યું

'ધ હન્ડ્રેડ' ટૂર્નામેન્ટમાં ૧૦૦-૧૦૦ બૉલવાળી મૅચ રમાય છે. લંડન સ્પિરિટની ટીમમાં કેન વિલિયમસન ઉપરાંત ડેવિડ વૉર્નર પણ હતો. જોકે તેઓ બન્ને નવ-નવ રન પર આઉટ થઈ ગયા હતા અને તેમની ટીમ ફક્ત ૮૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. અફઘાનિસ્તાનના રાશીદ ખાને ૧૧ રનમાં ત્રણ અને સૅમ કરૅને ૧૮ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. ઓવલ ઇન્વિન્સિબલ્સની ટીમે માત્ર ૧૩.૪ ઓવરમાં ચાર વિકેટે ૮૧ રન કરીને વિજય મેળવી લીધો હતો. ■

# રેપ કેસમાં યશ દયાલને કોઈ રાહત નહીં, ધરપકડ પર સ્ટે આપવાનો અદાલતનો ઇનકાર

જયપુરઃ આઇપીએલની બે ચૅમ્પિયન ટીમ ગુજરાત ટાઇટન્સ (જીટી) અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વતી કુલ મળીને ૪૩ મૅચ રમી ચૂકેલા પેસ બોલર યશ દયાલ પર હવે બળાત્કારને લગતા કેસમાં ધરપકડની લટકતી તલવાર છે.

જયપુરમાં સગીર વયની એક છોકરીએ બળાત્કારનો જે આરોપ મૂક્યો છે એ કેસમાં રાજસ્થાન હાઈ કોર્ટે યશ દયાલની ધરપકડ પર સ્ટે મૂકવાની મનાઈ કરી છે. જયપુરની અદાલતે જણાવ્યું છે કે 'પીડિતા સગીર વયની છે એટલે યશ દયાલની ધરપકડ અને પોલીસની કાર્યવાહી પર કોઈ જ સ્ટે ન મળી શકે.'

આ કેસમાં હવે પછીની સુનાવણી બાવીસમી ઑગસ્ટે રાખવામાં આવશે. અદાલતનો નવો ફેંસલો યશ દયાલ માટે મોટી મુશ્કેલી ઊભી કરી શકે. એનું કારણ એ છે કે થોડા દિવસ પહેલાં ગાઝિયાબાદની એક યુવતીએ પણ યશ દયાલ સામે આક્ષેપ કર્યો હતો કે તેણે તેને લગ્નનું વચન આપીને તેનું શારીરિક તથા માનસિક શોષણ કર્યું હતું.

૨૩મી જુલાઈએ ૧૯ વર્ષની એક છોકરીએ યશ દયાલ સામે એવો આક્ષેપ કર્યો હતો કે 'હું ઊભરતી મહિલા ક્રિકેટર છું. હું ૨૦૨૩માં સૌથી પહેલાં યશ દયાલને મળી ત્યારે ૧૭ વર્ષની હતી. ત્યારે યશે મને ક્રિકેટમાં કરીઅર બનાવવામાં મદદ કરવાનું વચન આપીને મારું ભાવનાત્મક અને શારીરિક શોષણ કર્યું હતું. તેણે ત્યારે મને જયપુરમાં સીતાપુરા વિસ્તારની એક હોટેલમાં બોલાવી હતી અને મારા પર બળાત્કાર કર્યો હતો. આવું બે વર્ષ સુધી ચાલ્યું હતું.' ■



# કોહલી-રોહિતની નિવૃત્તિ પછીની પ્રથમ પરીક્ષામાં ટીમ ઇન્ડિયા સફળ

લંડન : શુભમન ગિલની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમ લગભગ બે મહિના પહેલા ઇંગ્લેન્ડ પહોંચી હતી ત્યારે કેટલાક મુખ્ય સિનિયર ખેલાડીઓની ગેરહાજરીમાં તેની પાસેથી ખાસ અપેક્ષા નહોતી, પરંતુ આ ટીમે પાંચેય ટેસ્ટ મેચોમાં અપેક્ષાઓ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું એટલું જ નહીં, પરંતુ ભવિષ્ય માટે એક ઉત્તમ બ્લુપ્રિન્ટ પણ રજૂ કરી હતી. વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવિચંદ્રન અશ્વિનની નિવૃત્તિ અને મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ માત્ર ત્રણ મેચ માટે ઉપલબ્ધ હોવાથી ભારતીય ટીમ પાસેથી ખાસ અપેક્ષા નહોતી, પરંતુ પરિવર્તનના આ તબક્કાની પ્રથમ ટેસ્ટમાં તે સફળ રહી હતી.

બંને કેપ્ટન ગિલ અને તેના હરીફ બેન સ્ટોક્સના શબ્દોમાં કહીએ તો ૪૫ દિવસની કઠિન સ્પર્ધા પછી ૨-૨ થી ડ્રો એ કદાચ વાજબી પરિણામ છે. ભારત બે મેચ હારી ગયું, લીડ્સમાં પહેલી મેચ અને લોર્ડ્સમાં ત્રીજી ટેસ્ટ. ભારત આ મેચોમાં પણ જીતી શક્યું હોત, પરંતુ આ જ પાઠ યુવા ખેલાડીઓને મળ્યો છે.

ભારતીય ટીમની સૌથી મોટી ખાસિયત એ હતી કે તેણે કોઈપણ મેચમાં અંત સુધી હાર માની ન હતી અને બે મેચમાં શાનદાર વાપસી કરી હતી. આ ટીમની ભાવના દર્શાવે છે. આ શ્રેણીએ એ પણ સાબિત કર્યું કે ભારતીય ટીમનું ભવિષ્ય સુરક્ષિત હાથમાં છે. ગિલે ચાર સદીની મદદથી સીરિઝમાં સૌથી વધુ ૭૫૪ રન કરીને નેતૃત્વ કર્યું, જેનાથી અન્ય ખેલાડીઓને સારું પ્રદર્શન કરવાની પ્રેરણા મળી હતી. ઓપનર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર ગિલે બેટિંગ ક્રમમાં મહત્ત્વપૂર્ણ નંબર ચાર પર પોતાને સ્થાપિત કરીને ભારતની ઘણી ચિંતાઓ પણ દૂર કરી હતી.

ઝડપી બોલર મોહમ્મદ સિરાજ સીરિઝનો હિરો રહ્યો હતો. બંને ટીમો તરફથી પાંચેય ટેસ્ટમાં રમનાર તે એકમાત્ર ઝડપી બોલર હતો. તેણે ઓવલ ખાતે શ્રેણીની છેલ્લી વિકેટ લીધી અને ૨૩ વિકેટ સાથે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો હતો. વર્કલોડ મેનેજમેન્ટને કારણે જસપ્રીત બુમરાહ બે ટેસ્ટમાં ન રમી શક્યો તેનો સિરાજે પૂરો ફાયદો ઉઠાવ્યો હતો.

બુમરાહની ફિટનેસ પર પ્રશ્નો રહેશે અને લાંબા ફોર્મેટમાં તેનું ભવિષ્ય પણ અનિશ્ચિત છે. પરંતુ એવું માનવામાં આવે છે કે સિરાજ નવા ઝડપી બોલરોને તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પ્રસિદ્ધ કૃષ્ણા અને આકાશદીપે તેને સારો સાથ આપ્યો હતો. ■

# જોઇ લો ટીમ ઇન્ડિયાનું શૅડ્યૂલ...

મુંબઈઃ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની છેલ્લી અને પાંચમી મેચ ખૂબ જ રોમાંચક રહી, મેચના છેલ્લા દિવસે ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કરીને ઇંગ્લેન્ડને છ રનથી હરાવ્યું અને સિરીઝ ૨-૨થી સરભર કરી. આ સાથે જ ઈન્ડિયાનાં ઈંગ્લેન્ડ પ્રવાસનો અંત આવ્યો. દિગ્ગજ ખેલાડીઓની ગેરહાજરીમાં યુવા ટીમ ઇન્ડિયાના આ પ્રદર્શનના ભરપૂર વખાણ થઇ રહ્યા છે, ચાહકો હવે ટીમ ઇન્ડિયાને ફરી મેદાનમાં રમતી જોવા ઈચ્છે છે, પરંતુ ચાહકોને લાંબી રાહ જોવી પડશે.

બીસીસીઆઇએ જાહેર કરેલા શેડ્યૂલ મુજબ ભારતીય ક્રિકેટ ટીમ એક મહિનાથી વધુ સમય સુધી એક પણ ઇન્ટરનેશનલ મેચ નહીં રમે. અગાઉ ટીમ ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ જવાની હતી, પરંતુ કોઈ કારણોસર આ પ્રવાસ રદ કરવામાં આવ્યો છે. ટીમ ઈન્ડિયા સીધી ટી-૨૦ એશિયા કપ ૨૦૨૫માં રમતી જોવા મળશે, જેમાં ટીમ ઈન્ડિયા ૧૦ સપ્ટેમ્બરના રોજ પહેલી મેચ રમશે.

ટી-૨૦ એશિયા કપ આ ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪ સપ્ટેમ્બરના રોજ હાઈ પ્રોફાઈલ મેચ પણ યોજાશે. એશિયા કપની ફાઈનલ મેચ ૨૮ સપ્ટેમ્બરના રોજ યોજાશે. ત્યાર બાદ ભારતીય ટીમ વર્ષના અંત સુધી એકપછી એક સિરીઝ રમવાની છે.

### વર્ષના અંત સુધી એક બાદ એક સિરીઝઃ

એશિયા કપ બાદ વેસ્ટ ઈન્ડિઝની ટીમ બે ટેસ્ટ મેચની સિરીઝ રમવા માટે ભારત આવશે છે, આ સિરીઝ બીજી ઑક્ટોબરથી શરૂ થશે અને ત્યારબાદ ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે, જ્યાં ભારતીય ટીમ ૩ ઓડીઆઇ અને પાંચ ટી-૨૦ મેચ રમશે, આ સિરીઝ ઑક્ટોબર અને નવેમ્બર મહિનામાં યોજાશે. ત્યાર બાદ નવેમ્બરમાં દક્ષિણ આફ્રિકા ભારતના પ્રવાસે આવશે, નવેમ્બરથી ડિસેમ્બર દરમિયાન ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૨ ટેસ્ટ, ૩ વન-ડે અને પાંચ ટી-૨૦ મેચ રમાશે. ત્યાર બાદ નવા વર્ષની શારૂઆતમાં ન્યુઝીલેન્ડની ટીમ ભારત આવશે, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ ટી-૨૦ અને ૩ ઓડીઆઇ મેચ રમાશે.

### આ વર્ષના અંત સુધીમાં ભારતીય ટીમનું સંપૂર્ણ સમયપત્રકઃ

**એશિયા કપ ગ્રૂપ સ્ટેજ (૯-૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫):**
ભારત V/S યુએઈ - ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫, દુબઈ
ભારત V/S પાકિસ્તાન ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫, દુબઈ
ભારત V/S ઓમાન - ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫, અબુ ધાબી
એશિયા કપ સુપર ૪ મેચ (જે ટીમો ટોપ ચારમાં રહે એના માટે) ૨૦-૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫
એશિયા કપ ફાઈનલ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫

**ભારત V/S વેસ્ટ ઈન્ડિઝ હોમ સિરીઝ**
પહેલી ટેસ્ટ- ૨-૬ ઑક્ટોબર ૨૦૨૫, અમદાવાદ
બીજી ટેસ્ટ- ૧૦-૧૪ ઑક્ટોબર ૨૦૨૫, દિલ્હી

**ભારત V/S ઑસ્ટ્રેલિયા અવે સિરીઝઃ**
પહેલી વન-ડે૧૯ ઑક્ટોબર ૨૦૨૫, પર્થ
બીજી વન-ડે ૨૩ ઓક્ટોબર ૨૦૨૫, એડિલેડ
ત્રીજી વન-ડે ૨૫ ઓક્ટોબર ૨૦૨૫, સિડની
પહેલી ટી-૨૦ ૨૯ ઓક્ટોબર ૨૦૨૫, કેનબેરા
બીજી ટી-૨૦- ૩૧ ઓક્ટોબર ૨૦૨૫, મેલબોર્ન
ત્રીજી ટી-૨૦- ૨ નવેમ્બર ૨૦૨૫, હોબાર્ટ
ચોથી ટી-૨૦- ૬ નવેમ્બર ૨૦૨૫, ગોલ્ડ કોસ્ટ
પાંચમી ટી-૨૦- ૮ નવેમ્બર ૨૦૨૫, બ્રિસ્બેન

**ભારત V/S દક્ષિણ આફ્રિકા હોમ સિરીઝ**
પહેલી ટેસ્ટ- ૧૪-૧૮ નવેમ્બર, ૨૦૨૫, કોલકાતા
બીજી ટેસ્ટ ૨૨-૨૬ નવેમ્બર ૨૦૨૫, ગુવાહાટી
પહેલી વન-ડે ૩૦ નવેમ્બર ૨૦૨૫, રાંચી
બીજી વન-ડે - ૩ ડિસેમ્બર ૨૦૨૫, રાયપુર
ત્રીજી વન-ડે - ૬ ડિસેમ્બર ૨૦૨૫, વિશાખાપટ્ટનમ
પહેલી ટી-૨૦ - ૯ ડિસેમ્બર ૨૦૨૫, કટક
બીજી ટી-૨૦- ૧૧ ડિસેમ્બર ૨૦૨૫, નવા ચંડીગઢ
ત્રીજી ટી-૨૦ - ૧૪ ડિસેમ્બર ૨૦૨૫, ધર્મશાળા
ચોથી ટી-૨૦- ૧૭ ડિસેમ્બર ૨૦૨૫, લખનઊ
પાંચમી ટી-૨૦- ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫, અમદાવાદ ■

# કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં?: અધિકારીઓ શહેરની મુલાકાતે

નવી દિલ્હીઃ કોમનવેલ્થ ગેમ્સના ડિરેક્ટર ડેરેન હોલના નેતૃત્વમાં કોમનવેલ્થ ગેમ્સના અધિકારીઓની એક ટીમ ત્રણ દિવસ માટે અમદાવાદની મુલાકાતે છે. ભારતને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાની શક્યતાઓ વધી રહી હોવાથી આ ટીમ સ્થળોનું નિરીક્ષણ કરશે અને ગુજરાત સરકારના અધિકારીઓને મળશે.

ટીમ રવિવારે રાષ્ટ્રીય રાજધાની આવી હતી અને મંગળવારે અમદાવાદમાં રહેશે. જો ભારતને યજમાન અધિકારો મળે તો અમદાવાદ પ્રસ્તાવિત યજમાન શહેર છે.

અધિકારીએ કહ્યું હતું કે ટીમ અહીં ભારતીય ઓલિમ્પિક એસોસિયેશનના અધિકારીઓને મળી હતી. કોમનવેલ્થ ગેમ્સનું એક મોટું પ્રતિનિધિમંડળ આ મહિનાના અંતમાં મુલાકાત લેશે. ગયા મહિને કેનેડાએ બિડિંગ રેસમાંથી ખસી ગયા પછી ભારતની ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાની શક્યતાઓ વધી ગઈ છે. ભારતે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ સોંપ્યું હતું અને અમદાવાદને યજમાન શહેર તરીકે પસંદ કરવામાં આવ્યું છે. દેશે ૩૧ ઓગસ્ટની અંતિમ તારીખ પહેલાં અંતિમ બિડ માટે દરખાસ્ત સબમિટ કરવાની રહેશે. કોમનવેલ્થ ગેમ્સ જનરલ એસેમ્બલી નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ગ્લાસગોમાં યજમાન દેશનો નિર્ણય લેશે. ■

# રિન્કુ સિંહની સાંસદ-વાગ્દત્તા




બુધવારે દિલ્હીમાં સંસદના ચોમાસુ સત્ર વખતે સમાજવાદી પાર્ટીની સાંસદ પ્રિયા સરોજ. તેણે ભારતીય ક્રિકેટર રિન્કુ સિંહ સાથે સગાઈ કરી છે. તેમના લગ્ન આગામી નવેમ્બરમાં વારાણસીમાં થવાના હતા, પરંતુ એ મોકૂફ રખાયા છે અને કદાચ આગામી ફેબ્રુઆરીમાં યોજાશે. (પીટીઆઇ)

# ચેન્નઈમાં ચેસની સ્પર્ધાના સ્થળે આગ

▶ ટૂર્નામેન્ટ આજ પર મુલતવીઃ અર્જુન એરીગૈસી, વિદિત ગુજરાતી સહિત ઘણા નામાંકિત ખેલાડીઓ ભાગ લેશે

ચેન્નઈઃ ભારતે આઠ મહિનામાં ચેસ જગતને ૧૯-૧૯ વર્ષના બે વર્લ્ડ ચૅમ્પિયન (ડી. ગુકેશ તથા દિવ્યા દેશમુખ) આપ્યા એ સાથે બુદ્ધિબળની અને પ્રાચીન ભારતની વાત કરીએ તો શતરંજની આ રમતે ભારતભરમાં યુવા વર્ગને આ રમતમાં રસ લેતા કરી દીધા છે અને આ સુવર્ણકાળમાં દેશમાં જો કોઈ મોટી સ્પર્ધા યોજાય તો એ જરૂર આકર્ષણનું કેન્દ્ર બની જાય છે, પરંતુ બુધવારે શરૂ થનારી આ સ્પર્ધાને આડે મોટું વિઘ્ન આવ્યું હતું. દેશ-વિદેશના જાણીતા ખેલાડીઓ માટેની આ ટૂર્નામેન્ટના સ્થળે આગ લાગતાં આયોજકોએ ટૂર્નામેન્ટ એક દિવસ માટે મોકૂફ રાખી હતી અને ખેલાડીઓના રહેવા માટે સુરક્ષિત સ્થળે વ્યવસ્થા કરવામાં આવી હતી.

કુલ એક કરોડ રૂપિયાના ઇનામવાળી ચેન્નઈ ગ્રૅન્ડ માસ્ટર્સ ચેસ ટૂર્નામેન્ટમાં ભારતનો નંબર-વન ખેલાડી અર્જુન એરીગૈસી, બીજો ટોચનો પ્લેયર વિદિત ગુજરાતી તેમ જ નેધરલૅન્ડ્સનો અનિશ ગિરી સહિત ઘણા જાણીતા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. કુલ મળીને ૧૯ ગ્રૅન્ડમાસ્ટર ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે.

હૉટેલના નવમા માળે ઇલેક્ટ્રિક વાયર બળી જતાં આખી હૉટેલમાં ધુમાડો ફેલાયો હતો. હૉટેલમાંથી દરેક જણને બહાર લાવવામાં આવ્યા હતા, કારણકે હૉટેલમાં શ્વાસ લેવામાં જ તકલીફ થતી હતી.

આ સ્પર્ધાની ત્રીજી સીઝન બુધવારે ચેન્નઈની હૉટેલ હયાત રિજન્સીમાં યોજાવાની હતી, પરંતુ મંગળવારે રાત્રે ટૂર્નામેન્ટના સ્થળે આગ લાગી હતી જેને પગલે ટૂર્નામેન્ટ ગુરુવાર, સાતમી ઑગસ્ટ પર મુલતવી રખાઈ હતી અને ખેલાડીઓને નજીકની બીજી હૉટેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. જોકે હૉટેલ હયાતમાં આગના સ્થળે બધુ ઠીકઠાક થઈ જતાં ખેલાડીઓને આ હૉટેલમાં પાછા લાવવામાં આવ્યા હતા. ■

# રિઝર્વ બેન્કે વ્યાજદર યથાવત્ રાખતા સેન્ટિમેન્ટ ડહોળાયું: આઈટી અને ફાર્માની આગેવાનીએ સેન્સેક્સ અથડાઇ ગયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજદર યથાવત્ રાખવામાં આવશે એવી વ્યાપક અટકળો છતાં તેની જાહેરાત બાદ સેન્ટિમેન્ટ ડહોળાયું હતું અને ખાસ કરીને આઇટી તથા હેલ્થકેર સેકટરના શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધતાં સેન્સેક્સ ૧૬૬.૨૬ પોઇન્ટ અથવા ૦.૨૧ ટકાના ઘટાડા સાથે ૮૦,૫૪૩.૯૯ પોઇન્ટની સપાટીએ જ્યારે નિફ્ટી ૭૫.૩૫ પોઇન્ટ અથવા તો ૦.૩૧ ટકાના ઘટાડા સાથે ૨૪,૫૭૪.૨૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. રિઝર્વ બેન્કે પોલિસી રેટ ૫.૫ ટકાના સ્તરે અને ગ્રોથ રેટ ૬.૫ ટકાના સ્તરે યથાવત્ રાખ્યો હતો, જ્યારે ઇન્ફ્લેશનના દરની આગાહી અગાઉના ૩.૭ ટકાની સામે ઘટાડીને ૩.૧ ટકા જાહેર કરી છે. નિષ્ણાતો માને છે કે વૈશ્વિક સ્તરે વધતા ટ્રેડ વોરના જોખમો છતાં બજાર ટકી રહ્યું છે.

વૈશ્વિક સ્તરે રોકાણકારોની નજર કોર્પોરેટ પરિણામ સાથે અમેરિકન ટેરિફની કંપનીની કામગીરી પર પડનારી અસર પર પણ છે. આ સપ્તાહે જાપાનની જાયન્ટ ઓટોમેકર હોન્ડા મોટર કંપની અને ટોયોટા મોટર કોર્પોરેશન તથા સોની કોર્પના પરિણામ જાહેર થશે. અમેરિકાના ટ્રાન્સપોર્ટેશન અને રિટેલ જેવા સર્વિસ સેકટરમાં અપેક્ષાથી નબળા ડેટા આવતા અર્થતંત્ર પર ટેરિફની પ્રતિકૂળ અસર ફરી સપાટી પર આવી હતી, જોકે આ જ કારણસર ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરશે એવી આશા પણ ફરી જાગી છે.

સન ફાર્મા, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનોલોજી, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ, ઇટર્નલ, ટીસીએસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફિનસર્વ, ટાટા સ્ટીલ, આઇટીસી અને એલએન્ડટી ટોપ ગેઇનર્સ રહ્યાં હતાં. જ્યારે એશિયન પેઇન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બીઇએલ, અદાણી પોર્ટ, સ્ટેટ બેન્ક, ટ્રેન્ટ, એચડીએફસી બેન્ક ટોપ ગેઇનર રહ્યા હતા.

એનએસડીએલનો શેર રૂ. ૮૮૦ના ઇશ્યૂ ભાવ સામે ૧૦ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયા બાદ ૧૫ ટકા વધીને રૂ. ૯૨૦ બોલાયો હતો. એ જ રીતે બુધવારે શ્રી લોટસનો શેર ૧૯ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો, જ્યારે એમએન્ડબી ઇશ્યૂભાવે લિસ્ટેડ થયા બાદ આઠ ટકા વધ્યો હતો. બ્લુસ્ટોન જ્વેલરીનો રૂ. ૧,૫૪૦.૬૫ કરોડનો આઇપીઓ ૧૧ ઓગસ્ટે ખુલશે અને ૧૩ ઓગસ્ટે બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૯૨થી રૂ. ૫૧૭ પ્રતિ શેર છે. શેરની ફાળવણી તારીખ ૧૪ ઓગસ્ટના રોજ અને બીએસઇ પર લિસ્ટિંગ ૧૯ ઓગસ્ટના રોજ થશે.

બજાજ ઓટોએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૮૪ ટકાના વધારા સાથે રૂ. ૨૨૧૦.૪૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નોન-ફેરસ ધાતુઓમાંથી બનેલા વાઇન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સના અગ્રણી ઉત્પાદક શેરા એનર્જી લિમિટેડે પહેલા ક્વાર્ટરના અન-ઓડિટેડ નાણાકીય પરિણામમાં ૩૧.૧૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૮૭.૮૧ કરોડની કુલ આવક, ૫૨.૪૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯.૬૧ કરોડનો ચોખ્ખો નફો અને ૧૫.૩૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૯.૩૪ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

પેટીએમની પેરેન્ટ કંપની વન૯૭ કમ્યુનિકેશનમાંથી ચાઇનીઝ બિઝનેસ ટાઇકૂન જેક માની એન્ટ ફાઇનાન્શિઅલે તેનો ૫.૮૪ ટકાનો સંપૂર્ણ હિસ્સો રૂ. ૩૮૦૩ કરોડમાં વેચી નાંખ્યો છે. ભારતમાં તેના મુખ્ય અર્ન્ડ વેજ એક્સેસ (ઇડબલ્યુએ) સહિત નાણાકીય ઉત્પાદનો અને સર્વિસ ઓફર કરતી એમેરાલ્ડ ફાઇનાન્સ લિમિટેડે તેની કર્મચારી-કેન્દ્રિત મોબાઇલ એપ્લિકેશન, એમેરાલ્ડ ઇડબલ્યુએ એપના સત્તાવાર લોન્ચની જાહેરાત કરી છે. ગૂગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ આ એપ્લિકેશન કમાયેલા પગારની ઍક્સેસને ડિજિટાઇઝ અને સુવ્યવસ્થિત કરવાની દિશામાં એક મોટું સોલ્યુશન પુરું પાડે છે. ઇન્ડોસોલ સોલારની રૂ. ૬૯,૦૦૦ કરોડના કેપેક્સની યોજના છે.

ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનનો કોન્સોલિડેટેડ પ્રોફિટ જૂન ત્રિમાસિક ગાળામાં ૧૧.૬ ટકા વધીને રૂ. ૧૪૬.૩૦ કરોડ નોંધાયો છે. એલઇડી લાઇટ્સ અને ફિક્સરના ઉત્પાદન અને લાઇટિંગ સોલ્યુશન્સ પ્રોવાઇડર ફોકસ લાઇટિંગ એન્ડ ફિક્સ્ચર્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં રૂ.



૪૨.૧૧ કરોડની કુલ આવક, રૂ. ૪.૯૫ કરોડનો એબિટા અને રૂ. ૨.૧૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૧.૭૬ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૫.૧૨ ટકા રહ્યો છે.

સ્ટીલ એક્સચેન્જ ઇન્ડિયા લિમિટેડે વિશાખાપટ્ટનમમાં જનરલ કાર્ગો ટર્મિનલ અને મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્કના વિકાસ માટે વિઝાગ પ્રોફાઇલ્સ લોજિસ્ટિક્સ અને હિંદ ટર્મિનલ્સ સાથે વ્યૂહાત્મક બિનબંધનકર્તા સહયોગ જાહેર કર્યો છે. આ સહયોગ આંતરિક અને દરિયાકાંઠાના બંને માર્ગો પર કાર્ગો પરિવહનની સંભાવનાની તકોનો લાભ મેળવશે. બેયર ક્રોપસાયન્સનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૧૦ ટકા વધીને રૂ. ૨૭૮.૭ કરોડ થયો છે. બ્લુ સ્ટારનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૨૮.૪ ટકા ઘટીને રૂ. ૧૨૦.૮૨ કરોડ થયો હતો. નોન ફેરસ મેટલ પ્રોડક્ટસમાં અગ્રણી રાજપૂતાના ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૪૦.૪૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૬૭.૧૯ કરોડની કુલ આવક, ૨૨.૭૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨.૭૯ કરોડનો ચોખ્ખો નફો અને ૯.૪૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૬.૬૩ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

જેએસડબલ્યુ સિમેન્ટ, કોનપ્લેક્સ સિનેમા અને ઓલટાઈમ પ્લાસ્ટિક્સ સાતમી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ગોડ ફ્રે ફિલિપ્સે નફામાં ૫૬ ટકાના વધારા અને ૨:૧ના બોનસ શેરની જાહેરાત કરી છે. એમસીએક્સ અને ડેલ્હીવરીના પ્રથમ ક્વાર્ટરના પરિણામ સારા આવ્યા છે. એક્ઝોનોબલે જૂન ત્રિમાસિકમાં ૨૦.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૧ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. એબીબી ઇન્ડિયાનો ચોખ્ખો નફો જૂન ક્વાર્ટરમાં ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫૨ કરોડ નોંધાયો છે. જૂન ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ ક્ષેત્રમાં પ્રમોટર્સ હોલ્ડિંગ આઠ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે.

એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ સ્થિર રહ્યો હતો. જ્યારે શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ, હોંગકોંગનો હેંગસેંગ અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. યુરોપિયન બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઇ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨,૫૬૬.૫૧ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ભારતીય બજારમાં વેચ્યા બાદ મંગળવારે માત્ર રૂ. ૨૨.૪૮ કરોડની વેચવાલી નોંધાવી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ સોમવારે ૪,૩૮૬.૨૯ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ખરીદ્યા બાદ મંગળવારે રૂ. ૩૮૪૦.૩૯ કરોડની લેવાલી નોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૬૧ ટકા વધીને ૬૮.૭૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે, ૩૦ શેરવાળો બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૦૮.૪૭ પોઈન્ટ ઘટીને ૮૧,૭૧૦.૨૫ પર બંધ થયો હતો, અને નિફ્ટી ૭૩.૨૦ પોઈન્ટ વધીને ૨૪,૬૪૯.૫૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એશિયન પેઈન્ટ ૨.૧૯ ટકા, બીઈએલ ૦.૮૦ ટકા, ટ્રેન્ટ ૦.૭૯ ટકા, અદાણી પોટ્ર્સ ૦.૬૭ ટકા, સ્ટેટ બેન્ક ૦.૫૬ ટકા મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૫ ટકા એચડીએફસી બેન્ક ૦.૩૨ ટકા અને રિલાયન્સ ૦.૧૦ ટકા વધ્યા હતા, જ્યારે સન ફાર્મા ૨.૩૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૯૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૭ ટકા, ઈન્ફોસિસ ૧.૬૪ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૩૮ ટકા, ઈટર્નલ ૧.૦૪ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૮૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૭૭ ટકા અને લાર્સન ૦.૫૯ ટકા ઘટ્યા હતા. શેરબજાર બુધવારના સત્રમાં સેક્ટરલ ધોરણે માત્ર બેન્કેક્સ ઈન્ડેક્સ વધ્યો હતો, જ્યારે ફોકસ્ડ આઈટી અને હેલ્થકેર સર્વાધિક ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ. ૨.૮૨ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

બુધવારે સેન્સેક્સ ગત મંગળવારના ૮૦,૭૧૦.૨૫ના બંધથી ૧૬૬.૨૬ પોઈન્ટ્સ (૦.૨૧ ટકા) ઘટ્યો હતો.સેન્સેક્સ ૮૦,૬૯૪ ખૂલીને ઊંચામાં ૮૦,૮૩૪.૪૩ સુધી અને નીચામાં ૮૦,૪૪૮.૮૨ સુધી જઈને અંતે ૮૦,૫૪૩.૯૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૨ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૮ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૦૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૪ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૫૭ ટકા ઘટ્યો હતો.માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૭.૯૭ લાખ કરોડથી રૂ. ૨.૮૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૫.૧૫ લાખ કરોડ રહ્યું હતું. કટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર બીએસઈ બેન્કેક્સ ૦.૧ ટકા વધ્યો હતો, જ્યારે મુખ્યત્વે ફોકસ્ડ આઈટી ૧.૭૮ ટકા, હેલ્થકેર ૧.૭૨ ટકા, આઈટી ૧.૬૪ ટકા, રિયલ્ટી ૧.૫૫ ટકા, ટેક ૧.૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ અને કેપિટલ ગુડ્સ ૦.૮૩ ટકા, એફએમસીજી ૦.૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૭૫ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૬૬ ટકા અને કોમોડિટીઝ તેમ જ યુટિલિટીઝ ૦.૬૪ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૨૦૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૪૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૭૦૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૨ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૩૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૯ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૦૮.૯૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫૯૪ સોદામાં ૬૭૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૨૨,૫૪૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨૨,૧૮,૧૬૯.૩૭ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયાના ધોવાણને બ્રેક, ૧૬ પૈસાનો સુધારો

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ભારે ચંચળતા અને આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ત્રણ દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને બ્રેક લાગી હતી અને ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના સુધારા સાથે ૮૭.૭૨ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા જેવા કારણોસર રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૮૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૭૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૮૦ અને ઉપરમાં ૮૭.૬૩ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૬ પૈસાના સુધારા સાથે ૮૭.૭૨ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ગબડ્યો હતો. દરમિયાન આજે રિઝર્વ બૅન્કની મોનેટરી પૉલિસી કમિટીએ ત્રણ દિવસીય બેઠકનાં અંતે નીતિવિષયક દર ૫.૫ ટકાની સપાટીએ યથાવત્ રાખવાની સાથે અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતાને ધ્યાનમાં લઈ સ્થિર વલણ જાળવી રાખ્યું હતું. તેમ જ ગવર્નર સંજય મલ્હોત્રાએ વર્તમાન નાણાકીય વર્ષ માટે વૃદ્ધિદર ૬.૫ ટકાના સ્તરે રહેવાની ધારણા મૂકી હતી. એકંદરે આજે એક તરફ રિઝર્વ બૅન્ક દ્વારા રૂપિયાના ધોવાણને અટકાવવાના પ્રયાસો સામે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો બાહ્ય પ્રવાહ અને આવતીકાલથી અમલ થનારા અમેરિકાએ રશિયા પર મૂકેલા નિયંત્રણોને ધ્યાનમાં લેતા તેલ આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં રૂપિયામાં બેતરફી વધઘટ જોવા મળી હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડૅવાઈઝર્સના ટ્રેઝરી હેડ અનીલકુમાર ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૭.૨૫થી ૮૮ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ સાધારણ ૦.૦૧ ટકા વધીને ૯૮.૭૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૪૫ ટકા ઉછળીને બેરલદીઠ ૬૮.૬૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૩૭૬ની આગેકૂચ, ચાંદી ₹ ૧૦૬૩ ઉછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવ બે સપ્તાહની ટોચે પહોંચ્યા બાદ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ રહ્યું હોવાથી તેમ જ રોકાણકારોએ નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવતા લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં સાધારણ ૦.૫ ટકાનો ઘટાડો અને ચાંદીના ભાવમાં ૦.૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૫થી ૩૭૬ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૬૩નો ઉછાળો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૬૩ના ઉછાળા સાથે રૂ. ૧,૧૩,૪૮૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૫ની તેજી સાથે રૂ. ૧,૦૦,૦૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૭૬ વધીને રૂ. ૧,૦૦,૪૫૨ના મથાળે રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સોનાની આયાત પડતરો ઘટવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન ગઈકાલે ન્યૂયોર્ક ખાતે ખાસ કરીને નબળા રોજગારના ડેટાને ધ્યાનમાં લેતા ફેડરલ દ્વારા સપ્ટેમ્બરમાં રેટ કટ કરવાનો આશાવાદ સપાટી પર આવતા હાજરમાં સોનાના ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઘટી આવતા લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ સાધારણ ૦.૫ ટકાના ઘટાડા સાથે અનુક્રમે ઔંસદીઠ ૩૩૬૨.૫૪ ડૉલર અને ૩૪૧૭.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે હાલમાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો જોવા મળી રહ્યો હોવાથી સોનામાં સુધારાને ટેકો મળી રહ્યો છે, પરંતુ ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ રહેતાં સુધારો મર્યાદિત રહેતાં ભાવ અથડાઈ રહ્યા હોવાનું ટેસ્ટીલાઈવનાં ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પિવિકે જણાવ્યું હતું. દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફેડરલનાં ગવર્નર એડ્રિયાના કુગલર જેણે ગત શુક્રવારે રાજીનામું આપ્યું હતું તેને સ્થાને ટૂંક સમયમાં અન્યની નિયુક્તિ કરવામાં આવશે તેમ જ ફેડરલનાં નવા અધ્યક્ષની પણ જાહેરાત કરવામાં આવશે તેમ જણાવ્યું હોવાથી હવે રોકાણકારોની નજર નવી નિયુક્તિઓ પર સિસસ્થિર થઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન ગત સપ્તાહે અમેરિકાના રોજગારીના ડેટા નબળા આવ્યા હોવાથી આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં કપાત કરવામાં આવે તેવી ૮૮ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં ગત જુલાઈ મહિનામાં પર્થની સોનાની ખાણમાંથી સોનાના ઉત્પાદનોનું વેચાણ આગલા મહિનાની સરખામણીમાં ૩૩ ટકા ઘટ્યું હોવાના તેમ જ ચાંદીનું વેચાણ ઘટીને છ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યું હોવાના અહેવાલ હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં થયા હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ની પીછેહઠ જોવા મળી હતી, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાના અહેવાલ હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે એકંદરે સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૩૦થી ૪૦૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૨થી ૪૧૬૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી જળવાઈ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૯૫૦થી ૪૦૧૦માં અને રૂ. ૪૦૦૦થી ૪૦૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# અમેરિકા સાથે દ્વીપક્ષીય કરાર માટે સક્રિય ચર્ચા: જિતિન પ્રસાદ

નવી દિલ્હી: અમેરિકા સાથે વેપાર અને રોકાણના વિસ્તરણ માટે ભારત દ્વીપક્ષીય વેપાર કરાર માટે સક્રિયપણે ચર્ચા કરી રહ્યું હોવાનું સંસદમાં જણાવાયું હતું. તાજેતરમાં લોકસભામાં રાજ્યકક્ષાના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન જિતિન પ્રસાદે એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતા જણાવ્યું હતું કે ગત માર્ચ, ૨૦૨૫થી ભારત-અમેરિકા વચ્ચે દ્વીપક્ષીય વેપાર કરાર માટે વાટાઘાટો થઈ રહી છે અને અત્યાર સુધીમાં વાટાઘાટોનાં પાંચ રાઉન્ડ થયા છે, જેમાં છેલ્લો રાઉન્ડ ગત ૧૪થી ૧૮ જુલાઈ દરમિયાન વૉશિંગ્ટન ખાતે થયો હતો. તેમ જ વેપાર વાટાઘાટો માટેનાં આગામી છઠ્ઠા રાઉન્ડ માટે અમેરિકી ટીમ આગામી ૨૫ ઑગસ્ટના રોજ ભારતની મુલાકાત લેશે. સ્થાનિક ખેડૂતો અને ઉદ્યોગના હિતની જાળવણીને ધ્યાનમાં લેતા આંતરરાષ્ટ્રીય વાટાઘાટોમાં સંવેદનશીલ ચીજોનો સમાવેશ અને બાકાત રાખવામાં આવતી કેટેગરીનાં ગૂડ્સની યાદી તૈયાર કરવામાં આવી છે જેના પર મર્યાદિત ટૅરિફ અથવા તો ટૅરિફમાંથી બાકાત રાખવામાં આવવી જોઈએ. આયાતમાં વધારાના કિસ્સામાં સ્થાનિક ઉદ્યોગને થતી હાનીના ઉકેલ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી જેવા સેફગાર્ડ પગલાં પણ મંજૂર થવા જોઈએ. વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન અમેરિકા અને ભારત સૌથી મોટા વેપારી ભાગીદાર રહ્યા છે. જેમાં ભારતની કુલ નિકાસમાં અમેરિકાનો હિસ્સો ૧૮ ટકા અને આયાતમાં હિસ્સો ૬.૨૨ ટકા રહ્યો હતો. તેમ જ કુલ દ્વીપક્ષીય વેપાર ૧૦.૭૩ ટકા રહ્યો હતો. આમ અમેરિકા સાથે ભારતની વેપાર તુલા (નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત) પુરાંતમાં છે. જેમાં વર્ષ ૨૦૨૨-૨૩માં વેપાર તુલામાં ભારત ૨૭.૭ અબજ ડૉલરની, વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૫.૩૨ અબજ ડૉલરની અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૧ અબજ ડૉલરની પુરાંત રહી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં ભારત અમેરિકા વચ્ચેનો દ્વીપક્ષીય વેપાર ૧૮૬ અબજ ડૉલરના સ્તરે પહોંચ્યો હતો. જેમાં ભારતની અમેરિકા ખાતે નિકાસ ૮૬.૫ અબજ ડૉલરની અને આયાત ૪૫.૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી. વધુમાં અન્ય એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે અમેરિકાએ લાદેલી સ્ટીલ, એલ્યુમિનિયમ અને તેનાં ડેરિવેટીવ્સ ઉત્પાદનો પરની ટૅરિફના મુદ્દે વિશ્વ વેપાર સંગઠનના કરાર હેઠળ ભારતની કન્સલ્ટેશનની માગણી અમેરિકા સ્વીકારી નથી રહ્યું. આ પગલાં રાષ્ટ્રીય સલામતીને ધ્યાનમાં રાખીને લઈ રહ્યું હોવાનું અમેરિકા જણાવી રહ્યું છે.

# કોપર અને નિકલ સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે પાંખાં કામકાજો વચ્ચે એકમાત્ર ટીનમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. બેના સાધારણ સુધારા અને ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી છનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૯૧૬, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૨૪, કોપર કેબલ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૪૯ અને રૂ. ૧૩૩૮, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૩૭, રૂ. ૭૬૪ અને રૂ. ૫૬૦ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ટીનમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૯૯૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦૮, રૂ. ૨૧૬, રૂ. ૨૬૯ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હતા.



રાજકોટના ઈતિહાસમાં સૌ પ્રથમવાર યોજાઈ સંસ્કૃત ગૌરવ પદયાત્રા યોજાઈ હતી. આ પદયાત્રામાં ૧૭૦૦ વિદ્યાર્થી જોડાયા હતા. યાત્રામાં પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરતા ટેબ્લો પ્રદર્શિત કરાયા હતા. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભુજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેનને તહેવારો ટાંકણે માત્ર ચાર જ ટ્રીપ બાદ બંધ કરી દેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં રંગેચંગે શરૂ કરવામાં આવેલી ભૂજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેનને શ્રાવણી તહેવારો ટાંકણે જ એકાએક બંધ કરી દેવામાં આવતાં પ્રવાસીઓમાં ભારે નારાજગી ફેલાઈ છે.

પશ્ચિમ રેલવે પાસેથી મળતી સત્તાવાર માહિતી પ્રમાણે, ચાર ફેરા દરમ્યાન મુસાફરોની સંખ્યામાં નોંધાયેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૦૯૫૪૬/૦૯૫૪૫ ભૂજ-રાજકોટ-ભૂજ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ રાત્રિ ટ્રેનને તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવી છે. ભૂજથી આ ટ્રેન ૮ ઑગસ્ટથી જ્યારે રાજકોટથી ૭ ઑગસ્ટથી રદ રહેશે. ભૂજ-રાજકોટ વચ્ચે બંને તરફે આ ટ્રેનના ૩-૩ ફેરા થયા છે અને મંગળવારે રાજકોટથી છેલ્લી ટ્રીપ ઉપડી બુધવારે ભૂજથી છેલ્લી ટ્રીપ ગઈ હતી. માત્ર ત્રણ જ ફેરામાં પૂરતા પ્રવાસીઓ મળતા ન હોવાનું જાણીને આ નિર્ણય લેવો પડ્યો હોવાનું રેલવેના અધિકારીએ જણાવ્યું હતું.

બે દાયકા બાદ ચાલુ થયેલી ભૂજ-રાજકોટની ઇન્ટરસિટી અગાઉ દૈનિક હતી અને ગત ૨૧મી માર્ચથી ૩૦ જૂન સુધી ચાલુ કરીને સેવા બંધ કરી દેવામાં આવી હતી. એ વેળાએ કોઈ રાજકારણી કે પ્રવાસીઓની વિવિધ સંસ્થાઓ દ્વારા રેલવે સમક્ષ રજૂઆત કરાઇ ન હતી.

આ ટ્રેન બાબતે રેલવે દ્વારા જરૂરી પ્રચાર-પ્રસાર ન કરાતા મોટાભાગના પ્રવાસીઓ આ સુવિધાથી અજાણ હતા. આ ટ્રેન અઠવાડિયામાં માત્ર ત્રણ જ દિવસ હતી, જેમાં ભૂજથી બુધ, શુક્ર અને રવિ જ્યારે રાજકોટથી મંગળ, ગુરુ અને શનિવારે ઉપડતી. ભૂજથી રાજકોટ જવામાં બસમાં માત્ર પાંચ ક્લાક લાગે છે, જ્યારે ટ્રેનમાં સાત કલાક લાગતા હતા. અમદાવાદ ડિવિઝનમાં રેલવેને સૌથી વધુ આવક કચ્છથી થાય છે અને કચ્છને જ રેલ સુવિધા આપવામાં અન્યાય કરવામાં આવી રહ્યો છે. ■

# કચ્છના ૫૮ ગામમાં પશુઓમાં ફેલાતા અત્યંત ચેપી લમ્પી વાઈરસના ૯૧ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દૂધાળાં પશુઓ માટે કાળ બનીને ત્રાટકેલા લમ્પી વાઇરસનો વ્યાપ સમગ્ર રાજ્યની સાથે સાથે પશુપાલનના હબ સમાન સીમાવર્તી કચ્છ જિલ્લામાં પણ વધવા લાગતાં હરકતમાં આવેલા પશુપાલન વિભાગ દ્વારા ત્રણ દિવસ સુધી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં કુલ ૯૧ જેટલાં પશુઓ લમ્પીગ્રસ્ત હોવાનું બહાર આવ્યું હતું.

જે પશુઓની ત્વરિત સારવાર કરવામાં આવતાં ૬૪ જેટલા પશુઓ સ્વસ્થ થયાં છે, જ્યારે ૨૭ને હાલ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. સદ્‌ભાગ્યે હજુ સુધી આ ચેપી રોગને કારણે કચ્છમાં એક પણ પશુનું મોત થયું નથી.

આ અંગે પશુપાલન અધિકારી નરુદીન નાથાણીએ જણાવ્યું હતું કે, કચ્છના ૫૮ ગામમાંથી ૯૧ લમ્પી વાઇરસના કેસો આ સર્વે દરમ્યાન સામે આવ્યા હતા. રોગના ઝડપી ફેલાવાને રોકવા માટે યુદ્ધના ધોરણે વેક્સિનેશનની પ્રકિયા ચાલી રહી છે.

ગત જુલાઈથી ૫મી ઑગસ્ટ સુધીમાં રખડતાં ઢોર અને માલધારીઓના ઢોર સહિત ૬૭,૩૯૫ પશુનું રીંગ વેક્સિનેશન કરવામાં આવ્યું છે.

ખાસ તો ૦થી ૨ વર્ષ સુધીના વાછરડા અને વાછરડીમાં જ મુખ્યત્વે કેસ સામે આવ્યા છે. મોટા પશુઓને વેક્સિન જલદી આપી દેવામાં આવતાં નહિવત્ કેસ સામે આવ્યા છે.

હાલે કચ્છના દસમાંથી છ તાલુકામાં લમ્પીના સક્રિય કેસ નોંધાયા છે, જેમાં અંજારમાં સાત, ગાંધીધામમાં બે, ભુજમાં સાત, બંદરીય માંડવી અને મુંદરામાં ૪-૩, રાપર ચારનો સમાવેશ થાય છે. ■

# આદિપુરના જુમાપીર ફાટક પાસેથી ₹ ૭.૬૦ લાખના હેરોઈન સાથે એક પંજાબી શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાનને અડકીને આવેલા સરહદી જિલ્લા કચ્છમાં પાછલા કેટલાક વર્ષોમાં નશાખોરીનું દૂષણ ચિંતાજનક રીતે ઊંચું આવી રહ્યું છે તેવામાં આદિપુર પોલીસે જુમાપીર ફાટક પાસેથી પગપાળા જઈ રહેલા પંજાબના યુવકને ૧૫.૨૧ ગ્રામ હેરોઈન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો.

આદિપુર પોલીસને મળેલી પૂર્વ બાતમીના આધારે જુમાપીર ફાટક પાસે વોચ ગોઠવીને પગપાળા આવી રહેલા બલદેવસિંગ બીરાસિંગ સિંગ (ઉં.વ.૩૮) (રહે. મુન્ડાપીડ, જિલ્લો તરણતારણ, પંજાબ)ની અટક કરી, ઝડતી લેતા બલદેવસિંગ પાસેથી ૧૫.૨૧ ગ્રામ હેરોઈનનો જથ્થો મળી આવતાં આ આરોપી વિરુદ્ધ પોલીસે એનડીપીએસની કલમો તળે ગુનો નોંધી પૂછપરછ હાથ ધરી હતી.

જેમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, બલદેવસિંઘને આ હેરોઇન બલરાજસિંઘ લાલસિંઘ (રહે. નશેરાપનવા, તરણતારણ, પંજાબ) એ મોકલ્યો હોવાનું બહાર આવતા તેના વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરાઈ હતી.

આ સમગ્ર કાર્યવાહી દરમ્યાન રૂ. ૭,૬૦,૫૦૦ની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતનો હેરોઈનનો ૧૫.૨૧ ગ્રામ જથ્થો, બે મોબાઈલ ફોન, એક ડિજિટલ મોબાઈલ વજન કાંટો, ઓળખપત્રો અને રોકડા મળીને કુલ ૭.૭૨ લાખના મુદ્દામાલને જપ્ત કરી લેવામાં આવ્યો હતો. ■

# કચ્છના માંડવીના ત્રગડીમાંથી ₹ ૪૧.૪૫ લાખનો શરાબ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ નશાખોરીનું જાણે હબ બની રહ્યું હોય તેમ લગભગ દરરોજ માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ કટિંગ વેળાએ જ પાડેલા દરોડામાં માંડવી તાલુકાના ત્રગડી ગામના નામચીન બુટલેગર યુવરાજસિંહ વજુભા જાડેજા સહિતના આરોપીઓ દ્વારા મંગાવવામાં આવેલો રૂા. ૪૧,૪૫,૦૪૦ના શરાબના જથ્થા ઉપરાંત વાહનો મળીને એક કરોડથી વધુની કિંમતનો મુદ્દામાલ અંકે કરી લેવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી અંગે સ્થાનિક ગુન્હાશોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ.એ વિગતો આપતાં જણાવ્યું હતું કે, માંડવી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી પૂર્વ બાતમીના આધારે તાલુકાના ત્રગડી ગામના નિર્જન સીમ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.

જુદા-જુદા વાહનોમાં શરાબની પેટીઓને ભરીને મોકલતી વેળાએ જ ત્રાટકેલી પોલીસે વિવિધ બ્રાન્ડની રૂા.૧૭,૭૯,૬૦૦ની શરાબની ૧૬૩૨ નંગ બોટલ તથા ૨૩,૬૫,૪૪૦ રૂપિયાના બિયરના ૧૦,૭૫૨ નંગ ટીન તેમજ કટિંગ માટે વપરાયેલા નવ વાહનો કિં. રૂા. ૬૦,૨૦,૦૦૦ મળીને કુલ રૂા. ૧,૦૧,૬૫,૦૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ દરોડા દરમ્યાન લિસ્ટેડ બુટલેગર યુવરાજસિંહ ઉપરાંત ખાનાયના જીતુભા ઉર્ફે જીતિયો મંગળસિંહ સોઢા, નીલેશસિંહ નવુભા જાડેજા, સંજયસિંહ નવુભા જાડેજા, મેહુલસિંહ ચંદુભા ઝાલા તથા ત્રગડીના દિવ્યરાજસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા તથા તેના સાગરીતોની ધરપકડ કરી લેવા કવાયત હાથ ધરવામાં આવી છે. ■

# ભાવનગરમાં સિંહની પજવણી કરનારા યુવકની ધરપકડ, જેલ હવાલે કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના ફોરેસ્ટ રેન્જમાં સિંહની પજવણી કરતા એક યુવકનો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં એક વ્યક્તિ સિંહના ચેનચાળા કરી રહ્યો હતો. એક સિંહ જે મારણ ખાઈ રહ્યો હતો, તે દરમિયાન આ યુવક છેક નજીક પહોંચી ગયો અને વીડિયોગ્રાફી કરવા લાગ્યો હતો. જો કે સિંહની પજવણી કરનારા આ યુવકની અટકાયત કરી લેવામાં આવી હતી.

વન વિભાગે પજવણી કરનાર તલ્લી ગામના રહેવાસી ૩૨ વર્ષીય ગૌતમભાઈ દોલાભાઈ શિયાળની ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી કાયદાનો પાઠ ભણાવ્યો છે.

આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, થોડા દિવસ પહેલા તળાજા વાઈલ્ડ લાઈફ રેન્જ હેઠળ આવતા બાંભોર અને તલ્લી ગામની સીમા સિંહ દ્વારા મારણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન યુવકે સિંહની એકદમ નજીક પહોંચીને ફોટા- વીડિયો બનાવી સિંહની પજવણી કરી હતી.

જેનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ પણ કર્યો હતો. વન વિભાગ દ્વારા ગૌતમ શિયાળ નામના યુવક વિરુદ્ધ વન્ય પ્રાણી સંરક્ષણની વિવિધ ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તળાજાની નામદાર કોર્ટે પજવણી કરનાર વ્યક્તિ ગૌતમ શિયાળના જામીન નામંજૂર કરીને ભાવનગર જિલ્લા જેલ હવાલે કરી દીધો હતો.




રાજકોટમાં વોર્ડ નં ૬ના રહેવાસીઓએ અમારા કોર્પોરેટર ગુમ થઈ ગયા છે તેવા બેનરો સાથે મનપા કચેરી ખાતે વિરોધ નોંધાવ્યો હતો.

# જુનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા આવતીકાલે ભરતી મેળો યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જુનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર વિવિધ સ્ટાફની જગ્યાને અનુરૂપ એસ.એસ.સી, આઇ.ટી.આઇ., ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢ દ્વારા આઇ.ટી.આઇ. કેમ્પસ, માણાવદર ખાતે તા.૦૮/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવ્યુ છે.

આ ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ ના માધ્યમથી પણ ભાગ લઇ શકે છે. આ ઉપરાંત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જુનાગઢનો પણ સંપર્ક કરી શકે છે. ■

# જુનાગઢ-વેરાવળ પેસેન્જર ટ્રેનના ચાલકે ઈમરજન્સી બ્રેક મારી પાંચ સાવજનો જીવ બચાવ્યો

અમદાવાદઃ જુનાગઢથી વેરાવળ જતા મીટરગેજ રેલવે રૂટ પરથી પેસેન્જર ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે જ ત્રણ બાળસિંહ સાથે એક સિંહ પરિવાર ટ્રેક પર જ આરામ ફરમાવી હતો. આ દૃશ્ય જોઈને લોકો પાયલટે ઈમરજન્સી બ્રેક મારી હતી. સમયસૂચકતાથી ટ્રેનને તાત્કાલીક અટકાવી દેવાતા પાંચ સિંહનો જીવ બચ્યો હતો. છેલ્લા ચાર મહિનામાં જ આ રીતે રેલવે ટ્રેક પર આવી ગયેલા ૨૯ જેટલા સિંહના જીવ બચાવાયા હોવાનું રેલવે તંત્રએ જણાવ્યું હતું.

મળતી વિગત પ્રમાણે, પેસેન્જર ટ્રેન નં.૫૨૯૪૬ જ્યારે જુનાગઢથી વેરાવળ તરફ જઈ રહી હતી ત્યારે લોકોપાયલટે ટ્રેક પર એક નર સિંહ, એક સિંહણ અને તેમના ત્રણ બચ્ચાંઓને સૂતાં જોયા હતા. લોકો પાયલટે સમયસૂચકતા વાપરી તુરંત જ ટ્રેનની ઈમરજન્સી બ્રેક મારી દીધી હતી અને અટકાવી દીધી હતી. જે બાદ ટ્રેનના ગાર્ડ દ્વારા તરત વનવિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ વનવિભાગની ટીમને થતા ટ્રેકર ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા અને રેલવે ટ્રેક પર આરામ ફરમાવી રહેલા સિંહ પરિવારને દૂર કર્યા હતા.સિંહ પરિવાર પરથી સંપૂર્ણ ખતરો દૂર થયા બાદ ટ્રેનને આગળ લઈ જવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાં લોકો પાયલટ દ્વારા છેલ્લા ચાર મહિનામાં ૨૯ સિંહના જીવ બચાવવામાં આવ્યા હતા. ■

# રાજકોટમાં યુવતી ઉપર દુષ્કર્મ આચરી બાથરૂમમાં લઈ જઈ વીડિયો ઉતારી વાયરલ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં રહેતી ૧૯ વર્ષની યુવતી ઉપર ધાકધમકી આપી અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યા બાદ તેની સાથેના અંગત પળોના ફોટો અને વીડિયો વાયરલ કર્યા હતા. જે અંગે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી સુરેશ વિનુભાઈ સોલંકી (રહે. લક્ષ્મીના ઢોળા પાસે)ની ધરપકડ કરી હતી

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, યુવતીની એક વર્ષ પહેલા સગાઈ થઈ હતી. ચારેક માસ પહેલાં સંબંધીના ઘરે જ્યારે જતી ત્યારે રોજ રાત્રે કચરો નાખવા બહાર નીકળતી ત્યારે આરોપી ઈશારા કરતો હતો. એક દિવસ તેને મોબાઈલ ફોન આપ્યો હતો. જો મોબાઈલ ફોન ન લ્યે તો તેના સંબંધીને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યાર પછી તેની ઉપર વાતચીત કરતો હતો.

એક વખત ભોગ બનનાર યુવતી તેના સંબંધીના ઘરે એકલી હતી ત્યારે ત્યાં જઈ તેની સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. બાદમાં બાથરૂમમાં લઈ જઈ બળજબરીથી ખરાબ ફોટા પાડી લીધા હતા. હવે પછી જો શરીર સંબંધ ન બાંધે તો તેના ફોટા વાઈરલ કરવાની ધમકી આપી હતી. ભોગ બનનાર યુવતી એક વખત મજુરી કરવા ગઈ હતી ત્યારે બિલ્ડીંગના છઠ્ઠા માળે લઈ જઈ તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યાર પછી અવાર-નવાર તેના સગાના ઘરે, અવાવરૂ જગ્યાએ શરીર સંબંધ બાંધતો હતો. દર વખતે જો શરીર સંબંધ ન બાંધે તો ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપતો હતો. આ વાત તેણે સંબંધીને કરતાં તેને બીજા સ્થળે મુકી ગયા હતા. આ પછી આરોપીએ તેના સંબંધી પાસેથી રૂા.૧.૨૦ લાખની માગણી કરી અન્યથા તેને મારી નાખવાની ધમકી આપી હતી. આટલેથી નહીં અટકતા આરોપીએ તેના સગા-સંબંધીઓને વોટસએપ ઉપર તેના ફોટા અને વીડિયો મોકલી દીધા હતા. જેથી કંટાળીને ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. ■

# રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી ખીજડીયાના બે વર્ષીય રોનકના જીવનમાં ફરી રોનક છવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર તાલુકાના ખીજડિયા ગામના એક ગરીબ શ્રમિક પરિવારના બે વર્ષના બાળકને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ વિનામૂલ્યે મળેલી સારવાર અને હૃદયના સફળ ઓપરેશનને કારણે નવજીવન મળ્યું હતું. જામનગર તાલુકાના મોટી બાણુગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા ખીજડિયા ગામમાં મજૂરી કામ કરતા મહેશભાઈ શિપરિયાના ઘરે ૯-૪-૨૦૨૩ના રોજ રોનકનો જન્મ થયો હતો. જન્મ સમયે બાળકનું વજન સામાન્ય હતું, પરંતુ સમય જતાં તે વારંવાર બીમાર પડવા લાગ્યો અને તેનું વજન પણ ઘટતું જતું હતું.આ પરિસ્થિતિમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુર પ્રસાદ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. જીગ્નેશ પટેલના માર્ગદર્શન હેઠળ કામ કરતી આરબીએસકે ટીમના ડો. આસીફ ભટ્ટી અને ડો. પ્રિયંકા રાબડીયાએ બાળકની ગૃહ મુલાકાત દરમિયાન આ લક્ષણો જોયા હતા. તેમણે પરિવારને તાત્કાલિક જી.જી. હોસ્પિટલમાં તપાસ કરાવવાની સલાહ આપી, પરંતુ પરિવાર કોઈને કોઈ કારણોસર તપાસ કરાવવામાં વિલંબ કરતો હતો. આખરે, ૧૯-૦૨-૨૦૨૫ના રોજ જ્યારે આરોગ્ય ટીમ ફરીથી બાળકની મુલાકાતે ગઈ, ત્યારે તેની તબિયત વધુ ગંભીર જણાતાં ટીમે પરિવારને તાત્કાલિક હોસ્પિટલ જવાની સમજાવટ કરી અને સંદર્ભ કાર્ડ સાથે બાળકને જી.જી. હોસ્પિટલ રીફર કર્યો.

જી.જી. હોસ્પિટલ દ્વારા બાળકના વિવિધ રિપોર્ટ કરવામાં આવ્યા હતા. તેમાં રોનકને હૃદયમાં જન્મજાત કાણું હોવાનું નિદાન થયું હતું. આ સમાચારથી પરિવાર ચિંતિત થઈ ગયો, પરંતુ જી.જી. હોસ્પિટલ અને આરબીએસકેની ટીમે તેમને હિંમત આપી અને વધુ સારી સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે રીફર કર્યો હતો. યુ.એન. મહેતા હોસ્પિટલમાં નિષ્ણાત ડોક્ટરોની ટીમેબાળક રોનકનું સફળ ઓપરેશન કર્યું. આ ઓપરેશન બાદ ૮ દિવસની સારવાર પછી બાળકને રજા આપવામાં આવી હતી. ■

# રાજકોટમાં લોકમેળાની તડામાર તૈયારીઃ ૧૫ લાખ લોકો ઉમટવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના લોકમેળાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ૧૪ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીનો લોકમેળો યોજાશે. જેમાં સૌરાષ્ટ્રમાંથી અંદાજે ૧૫ લાખથી વધુની લોકો ઉમટવાની શક્યતા છે. તંત્ર દ્વારા મેળાને લઈ રેસકોર્સ મેદાનમાં તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. પોલીસ અને વહીવટી તંત્ર સહિતના કંટ્રોલરૂમના ડોમ ઊભા કરી દેવાયા છે. હાલ વરસાદને ધ્યાનમાં રાખીને લોકમેળાના ગ્રાઉન્ડમાં પાણી ન ભરાય તે માટે રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગ દ્વારા કપચી પાથરી જમીન સમથળ કરવામાં આવશે.

આ વચ્ચે પ્રથમ વખત મેળામાં ૨૩૪ માંથી ૧૪૩ જેટલા સ્ટોલ અને પ્લોટ ખાલી રહી ગયા હતા. જેને લઈને વહીવટી તંત્ર દ્વારા જૂની કલેક્ટર કચેરી ખાતે સ્થિત પ્રાંત અધિકારી દ્વારા ઓપન હરાજી રાખવામાં આવી હતી. હરાજી બાદ પણ સ્ટોલ કે પ્લોટ ખાલી રહેશે તો તે જગ્યાએ અલગ અલગ પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને મ્યુઝિકલ ઇવેન્ટ થકી લોકોનું ધ્યાન આકર્ષિત કરવામાં આવશે. જેમાં અઘોરી ગ્રૂપ, અનિરુધ્ધ આહિર, રાજુ જાદવ, રાજ ગઢવી અને અલ્પાબેન પટેલના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત સામાજિક સંસ્થાઓને પણ સ્ટોલની ફાળવણી થશે. સૂત્રોના જણાવ્યા મુજબ, લોકમેળામાં રાખવામાં આવતા સ્ટોલ અને પ્લોટની વચ્ચે આગ કે અન્ય કોઈપણ પ્રકારની આકસ્મિક ઘટના બને તો ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં પહોંચી શકે તે પ્રકારના ડેડીકેટેડ રસ્તા રાખવામાં આવશે. આ સાથે જ લોકમેળામાં સીસીટીવીથી પણ ચાંપતી નજર રાખવામાં આવશે. જો એક સમયે વધુ ભીડ એકઠી થઈ હશે તો અમુક સમય માટે એન્ટ્રી ગેટ ઉપર લોકોનો પ્રવેશ અટકાવી દેવામાં આવશે અને ત્યારબાદ ફરી પ્રવેશ શરૂ કરવામાં આવશે.

૧૪ ઑગસ્ટથી રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાનારા જન્માષ્ટમીના પાંચ દિવસના લોકમેળાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દર વખતની જેમ આ વખતે પણ લોકમેળામાં ૯૦ કિલોવોટના ૧૭ વીજ ટ્રાન્સફોર્મરમાંથી વીજ સપ્લાય કરવામાં આવશે. જેમા ચાર ફીડરમાંથી લોકમેળામાં વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે. રેસકોર્સ ગ્રાઉન્ડમાં હાલ ૧૦ જેટલા ટ્રાન્સફોર્મર ઉપલબ્ધ છે. જ્યારે વધારાના સાત ટ્રાન્સફોર્મર તાબડતોબ રેસકોર્સ ગ્રાઉન્ડમાં મૂકવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટના જન્માષ્ટમીના લોકમેળામાં ચકડોળ એટલે કે મોટી યાંત્રિક રાઇડની ટિકિટના દર રૂ.૪૫ થી વધારી રૂ.૫૦ કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી. ૩૪ યાંત્રિક રાઈડની હરાજી થકી વહીવટી તંત્રને રૂ.૧.૩૨ કરોડ તો કુલ ૧.૮૦ કરોડ જેટલી કમાણી થઈ હતી. ■